मंगलाचरण.

जय जय वीरजिनेश्वर विनतडी अवधारजो रे;
आत्मोपासक मंडल भक्तजनोने तारजो रे. जय जय. १
आत्मोपासक यौगिक मंडल, स्थापन करतां रुडु मंगल;
रवि किरणवत् ज्योति सर्व प्रसारजो रे. जय जय. २
तव सिद्धांतो साचां दीठां, भक्तजनोने लाग्यां मीठां;
प्रकाश तेनो करवा करूणा लावजो रे. जय जय. ३
द्रव्यानुयोगादिक ज्ञाने, प्राणी चढता शिव सोपाने;
मंडलना उद्देशो जग प्रसरावजो रे. जय जय. ४
हळीमळीने करशुं भक्ति प्रगटावीशुं चेतन शक्ति;
यौगिक विद्या महीमंडल फेलावजो रे. जय जय. ५
शासन देवो सहाये आवो, मंगल कृत्यो नित्य करावो;
जिन शासननो जय डंको वजडावजो रे. जय जय. ६
परोपकारे बुद्धि आपो, चिदानंद पदमां झट थापो;
परमामृतनुं पान प्रभुजी करावजो रे. जय जय. ७
उच्च जीवन चेतननुं करवा, भवोदधिनी पार उतरवा;
आत्मोपासक मंडल शक्ति वधारजो रे. जय जय. ८
सत्य तत्व प्रकाश करावो, करूणा दीलमां प्रभुजी लावो;
भक्तजनोने परम प्रभुजी उद्धारशो रे. जय जय. ९
मंगल साचु वीरना नामे, आत्मोपासक मंडल पामे;
बुद्धिसागर परम महोदय पामशो रे. जय जय. १०

ॐ शान्तिः शान्तिः शान्तिः ३

प्रस्तावना.

ॐ नमः

આ પુસ્તક પ્રકટ કરવાનું કારણ આત્મજ્ઞાનનો ફેલાવો કરવો કરવો તેજ છે-જમાનાને અનુસરી તત્ત્વજ્ઞાનનો જે જે હેતુઓથી ફેલાવો થાય તેતે હેતુઓને દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી આદરવા જોઈએ. આ કાર્ય માણસામાં કરવામાં આવ્યું હતું-માણસા ગામના શ્રી સંઘે બહુ ઉત્સાહથી આ કાર્ય ઉપાડી લીધું હતું. અને એક કંકોતરી લખી જીજ્ઞાસુ જીવોને આમંત્રણ કર્યું હતું તે કંકોતરી આ પ્રમાણે છે.



સ્વસ્તી શ્રી   નગરે મહાશુભસ્થાને પૂજ્યારાધ્ય સર્વોપમાલાયક સર્વશ્રાવકગુણસંપન્ન સ્યાદ્વાદતત્ત્વોપાસક મહાશય

શ્રી માણસાથી લી. શ્રી સંઘ સમસ્તના જયજીનેન્દ્ર વાંચશો. વિ. વિ. સાથ લખવાનું કે અત્ર પરમપૂજ્ય યોગનિષ્ઠ મુનિરાજ શ્રીમન્બુદ્ધિસાગરજી મહારાજ સાહેબ ચાતુર્માસ રહ્યા છે, તેમના સદુપદેશથી અધ્યાત્મશાસ્ત્રજ્ઞાન તથા યોગશાસ્ત્રજ્ઞાનનો પ્રકાશ કરવા અને તે આચારમાં મુકવા આત્મોપાસક યોગમંડળનો મેળાવડો સંવત ૧૯૬૪ ના શ્રાવણ સુદી ૪-૫-૬ શનિ, રવિ અને સોમના દિવસોમાં ગુરૂવર્ય શ્રીમન્બુદ્ધિસાગરજીના અધ્યક્ષપણા નીચે થશે, તે વખતે અધ્યાત્મજ્ઞાન તથા યોગજ્ઞાનના વિષયો

સંબંધી તેઓશ્રી વ્યાખ્યાન આપશે. પ્રસંગાનુસાર અન્ય વ્યાખ્યાનો પણ થશે. પ્રભુભક્તિ, પ્રભુભજન, ધ્યાન વગેરેમાં ત્રણ દિવસો પસાર કરવામાં આવશે. માટે તે પ્રસંગે આપ પણ કૃપા કરી લાભ લેવા પધારશો. આપના પધારવાના સમાચાર પત્રદ્વારા આગળથી નિવેદને કરશો.

સંવત ૧૯૬૪ ના
અસાડ શુદ ૫
મુ. માણુસા.

લી. શેવક.
શા. વીરચંદ કૃષ્ણાજીના
જયજીનેન્દ્ર વાંચશો.

આ પ્રમાણે કંકોતરી લખ્યા પ્રમાણે ભવ્ય સદ્ગૃહસ્થ સુશ્રાવકો અમદાવાદ, મુંબાઇ, પાદરા, સાણંદ, વડનગર, ગોધાવી, વિજાપુર, પેથાપુર વગેરે ઘણા ગામોમાંથી આવ્યા હતા. ઝવેરી જીવણચંદ ધર્મચંદભાઇ તથા પાદરાથી વકીલ મોહનલાલ હીમચંદભાઇ તથા અમદાવાદથી શેઠ. મોહનલાલ લલ્લુભાઇ તથા ભગત વીરચંદભાઈ ગોકળભાઇ તથા દોશી મણિલાલ નથુભાઇ બી. એ. તથા શા. ગીરધરલાલ હકમચંદ તથા સોદાગર શકરચંદભાઇ તથા શા. જગાભાઇ ચંદુભાઈ વિગેરે ઘણા ગામોમાંથી ઘણા મુમુક્ષુ શ્રાવકો આવ્યા હતા માણુસાના શ્રીસંઘે આદરસત્કારથી તેઓની ભકિત કરી હતી. આત્મોપાસકમંડળના ભકતોને જમાડવાનું શુભભકિતનું કૃત્ય માણુસાના સુશ્રાવક શા. વીરચંદભાઈ કૃષ્ણાજીએ શ્રી સંઘની આજ્ઞાથી ઉપાડી લીધું હતું. તે પ્રમાણે યથાયોગ્ય ભક્તિ કરી હતી કોઈ પ્રકારની ખામી રહી નહોતી. અન્ય જીજ્ઞાસુ જીવો કે જે આગળપાછળના ગામોમાંથી આવ્યા હતા, તેમને જમાડવાની શ્રીસંઘે સારી ગોઠવણ કરી હતી. મુનિમહારાજ ગુરૂવર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજજીએ ભક્તોને આત્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો. તેમજ દોશી. મણિલાલ નથુભાઇએ શાંતિનું સ્થળ એ વિષયનું સારૂં ભાષણ આપ્યું હતું. ભોજક ગીરધર હેમચંદે આવશ્યક ઉપર

એક લેખ વાંચી સંભળાવ્યો હતો, શા. લલ્લુભાઇ કરમચંદ દલાલે બાતૃભાવ એ વિષય ઉપર સારૂં ભાષણ આપ્યું હતું પાદરાવાળા વકીલ મોહનલાલ હીમચંદભાઇએ આચારશુદ્ધિ વિષયપર અસરકારક ભાષણ આપ્યું હતું તેથી લોકોના મનમાં ઉત્તમ અસર થઈ હતી. શા. નાગરભાઈ નરોત્તમદાસે આત્મા સંબંધી કેટલાક ઉદ્ગારો દર્શાવ્યા હતા. શા. ભગત વીરચંદ ભાઇ ગોકળભાઇએ કેશર શુદ્ધ વાપરવું તે સંબંધી ભાષણ આપ્યું હતું. પાદરાવાલા શા. મણિલાલ મોહનલાલે વિવેક સંબંધી સારૂં ભાષણ કર્યું હતું. અમદાવાદ શેઠ. લલ્લુભાઇ રાયજી બોર્ડીંગ ગુરૂકુલના મોહન નામના વિદ્યાર્થીએ જૈનોની જાગૃતિ અર્થે અસરકારક ભાષણ આપ્યું હતું. છેલ્લા દીવસે સમાપ્તિ વખતે ગુરૂરાજશ્રી બુદ્ધિસાગરજી મહારાજાએ શાંતિનો આશીર્વાદ સર્વભવ્યજીવોને આપ્યો હતો. તે સંબંધી સર્વ હકીકત અધ્યાત્મ વ્યાખ્યાનમાળામાં આપી છે. છેલ્લી વખતે માણસાના શ્રીસંઘ તરફથી શા. હાથીભાઇ મૂલચંદે આવેલા ભક્ત શ્રાવકોની બરાબર ભક્તિ ન સચવાઈ હોય તે સંબંધી ક્ષમાના બે બોલ કહ્યા હતા, તેમજ શા. વીરચંદભાઇ કૃષ્ણાજીએ ભક્ત શ્રાવક બંધુઓની ભક્તિ બરાબર ન સચવાઇ હોય તે સંબંધી ક્ષમા ઇચ્છી હતી. આવેલા શ્રાવક વર્ગ તરફથી અમદાવાદના સદ્ગુણી શેઠે મોહનલાલ લલ્લુભાઇએ શ્રીસંઘનો ઉપકાર માન્યો હતો.

ગુરૂરાજ શ્રી બુદ્ધિસાગરજીનું ક્રમવાર ભાષણ ઉતારી શકાયું નહોતું, તોપણ કેટલુંક ઉતારી છપાવ્યું છે. ત્રણ દીવસ આત્માનંદની ખુમારીમાં પ્રસાર થયા હતા.

જીવ વિચાર નવતત્ત્વ વગેરે તત્ત્વોનું જ્ઞાન કરવા છેવટે કેટલાક શ્રાવકોએ ઈચ્છા દર્શાવી હતી, પ્રસંગાનુસારે આ મંડળ બીજીવાર ભરાશે ત્યાં વિશેષ સુધારા વધારા સાથે આત્મહિતમાં પ્રવૃત્તિ થશે.

सांवत्सरिक क्षमापना.

મુનિરાજ શ્રીબુદ્ધિસાગરજીએ માણુસા ગામમાં ચોમાસું રહી સાંવત્સરિક ક્ષમાપના પોતાના માટે કરી હતી તે આ ગ્રંથમાં દાખલ કરી છે. શેઠ ચુનીલાલ કેવલભાઈએ પોતાની સ્ત્રીના મૃત્યુના સમયે પુણ્યમાં જે રૂપૈયા કાઢ્યા હતા, તેમાંથી રૂ. ૭૫) પંચોતેર આપી તે ગ્રંથ છપાવ્યો છે. તેથી તેમને ધર્મલાભ થશે. આવા કૃત્યમાં ધન વાપરવાથી તે ભાઇને ધન્યવાદ ઘટે છે.

દરેક સદ્‌ગૃહસ્થ ગુરૂમહારાજના વ્યાખ્યાનોને શ્રવણ કરી તેનો ફેલાવો કરશે અને તે પ્રમાણે યથાશક્તિ વર્તવા પ્રયત્ન કરશે.

ભાવનગરથી કુંવરજીભાઇ આણંદજી તથા જયપુરથી કોન્ફરન્સના ઉત્પાદક ગુલાબચંદજી ઢઢ્ઢા. તથા અમદાવાદથી શેઠ. જગાભાઈ દલપતભાઇ તથા મનઃસુખ હીરતચંદ વિગેરે ઘણા ગૃહસ્થોથી ન અવાયું તેથી તેમણે અનુમતિ જણાવી હતી અને મંડળની ફતેહ ઇચ્છી હતી, માણસા સંઘના આગેવાનોએ ભક્તિમાં તન, મન, ધનથી ભાગ લીધો તેથી તેમને ધન્યવાદ ઘટે છે.

લી. શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ.

શ્રી માણસાખાતે અપાયેલી આત્મજ્ઞાનની

વ્યાખ્યાનમાળા.

ગુરૂરાજ અધ્યક્ષ મુનિશ્રી બુદ્ધિસાગરજીનું પ્રથમ દીવસ શનિવારના મધ્યાન્હનું પ્રારંભનું વ્યાખ્યાન.

अज्ञानतिमिरांधानां ज्ञानांजनशलाकया
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥१॥

શ્રી વીરભગવાને કહેલાં તત્ત્વો માર્ગો અને ઉપદેશો આત્માને અનંત લાભ આપનારાં છે. આત્મિક ધર્મ શું છે, અને આત્મા અને જડ વસ્તુ વચ્ચે કેવા પ્રકારનો સંબંધ છે, એ સત્ય વીતરાગપ્રભુએ પોતાના કેવળ જ્ઞાનદ્વારા જાણીને તેનો બોધ જગજ્જનના કલ્યાણ અર્થે આપેલો છે. તેમણે જણાવેલો માર્ગ અસત્ય હોય નહિ, કારણ કે તેઓ રાગદ્વેષરહિત છે. તેઓએ સાતનય, નવતત્ત્વ, સંવર અને આશ્રવનાં સ્વરૂપો જણાવેલાં છે, અને આ રીતે આ સંસારસમુદ્રમાંથી મુક્ત થવાનો માર્ગ દાખવ્યો છે. કેવળ જ્ઞાનીનાં વચન અગમ્ય છે. હાલમાં મનુષ્યજાતિનો મોટો ભાગ બાહ્ય પ્રવૃત્તિમાં વિશેષ પડેલો છે, બાહ્ય ઉન્નતિને અધિક ચ્હાય છે, અને તેથી પોતાનું ખરૂં કર્તવ્ય શું છે, તે સમજતો નથી; તેવા અજ્ઞાનમાં ગોથાં ખાતાં પુરૂષોને હાલના જમાનાને અનુસરી બોધ આપવાની ખાસ જરૂર છે. પંચમકાલમાં કેવળજ્ઞાની પુરૂષોના અભાવે તેમની વાણી, અને તે વાણીને પ્રરૂપનાર ગુરૂઓજ આધારભૂત છે, માટે જે મનુષ્ય તે આગમોનો અભ્યાસ કરી અથવા ગુરૂમુખે તે સાંભળી હેય અને ઉપાદેય શું છે તે જાણે

નથી, તે સત્ય આનંદ મેળવી શકતો નથી. તે શાસ્ત્રને બતાવનારા સદ્‌ગુરૂઓ હાલ પણ વિચરે છે.

ગીતાર્થ મુનિરાજો પોતાની શક્તિના પ્રમાણમાં અને શ્રોતાવર્ગની શક્તિના પ્રમાણમાં દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ વિચારી જ્ઞાન આપે છે. અધિકારી જોઇ ગીતાર્થ મુનિરાજો સદ્‌જ્ઞાનનો બોધ કરે છે. જૈન ધર્મમાં દરેક વિષયને લગતા અનેક ગ્રન્થો વિદ્યમાન છે. અધ્યાત્મ, યોગ, નવતત્ત્વ, કર્મ સંબંધી અનેક ગ્રન્થો લખાયેલા છે. કેટલાક ગ્રન્થો વર્તનને–ચારિત્રને લગતા છે. કેટલાક જ્યોતિષ, વૈદક, વ્યવહારને લગતા છે. આ રીતે ગ્રન્થોની ખામી નથી, પણ જૈનકોમ વ્યાપારી હોવાથી, અને આ રીતે વિદ્યામાં પાછળ પડેલી હોવાથી, જૈનો તેવા ઉત્તમ પુસ્તકોનો અભ્યાસ કરતા નથી, અને તેથી કેટલાક જૈનો પણ ઉચ્ચ તત્વજ્ઞાનને હસી કાઢે છે. જો માણસ તત્ત્વદૃષ્ટિથી નિહાળે તો સર્વ ધર્મમાંથી સાર ખેંચી કાઢી શકે, એકાંતનય એજ મિથ્યાત્વ છે. સાપેક્ષવૃત્તિ રાખી સત્ય શોધવું અને તેને અનુસરવું એજ સમકિતધર્મ છે. જૈનો હમેશાં માધ્યસ્થવૃત્તિ રાખી સત્યની ગવેષણા કરનારા છે. આત્મા છે, અને તે નિર્લેપ છે, અને કર્મથી ભિન્ન છે એમ જે કહેવાય છે તે નિશ્ચયનયને આધારે છે, પણ નિશ્ચયનયની સાથે વ્યવહારને વિસરવો જોઇતો નથી. દેવ ગુરૂ અને ધર્મનું સ્વરૂપ જાણવું અને તે પ્રમાણે વ્યવહરવું તે વ્યવહારને લીધે છે. વ્યવહારધર્મ બહુ ઉપયોગી છે, પ્રારંભમાં તેના સિવાય એક પણ પગલું આગળ ભરી શકાય તેમ નથી. પણ વ્યવહારમાંજ સર્વ સમાયેલું છે, એમ જણાવી જેઓ નિશ્ચયનયનો અનાદર કરે છે, તેઓ એક મોટી ભુલ કરે છે. શુદ્ધ આચરણ રાખનારા બહુ થોડા મળી આવે છે. રાગદ્વેષનો જેથી ત્યાગ થાય તે માર્ગનું અવલંબન લેવું એ ઉત્તમોત્તમ માર્ગ છે.

અત્રે ભેગા થવાનો હેતુ કોઇની નિન્દા કરવાનો નથી, પણ આ શરીરમાં રહેલા આત્માનું સ્વરૂપ જાણવાનો છે. અને તે સ્વરૂપ જાણી પરમશાંતિ પ્રાપ્ત કરવાનો છે. અધ્યાત્મ જ્ઞાન અને યોગજ્ઞાન સંબંધી કેટલાક વિષયો અત્રે ચર્ચવામાં આવશે, અને આવશ્યકાદિ ક્રિયાઓના હેતુઓ સમજાવવામાં આવશે. અને તેવા હેતુથીજ અત્ર આપણ સર્વ એકત્ર થયેલા છીએ. આવાજ કાંઇક ઉદ્દેશથી વરોદ્રામાં શ્રેયઃસાધક અધિકારીવર્ગ કાર્ય કરે છે. તેવા મંડળની આપણામાં પણ જરૂર છે, એમ કેટલાક સ્વીકારતા થયા છે. જે કામ એક માણસથી થઇ ન શકે તે સામટા મળેલા ઘણા મનુષ્યો ઘણીજ ત્વરાથી પૂર્ણ કરી શકે છે. મંડળને લીધે ભ્રાતૃભાવની વૃદ્ધિ થાય છે, બીજામાં રહેલા સારા ગુણો જોઈ આપણે પણ તેવા પ્રકારના ગુણો રાખવાને દોરવાઈએ છીએ. અને આ રીતે થોડા પ્રયાસે ઉત્તમ દાખલા વડે આપણે પરોપકાર, દયા, ક્ષમા, નમ્રતા, વિનય આદિ અસાધારણ ગુણો મેળવી શકીએ છીએ. ગુણાનુરાગ થવો એજ ગુણ મેળવવાનો ઉમદા માર્ગ છે. જૈન ધર્મ સર્વ વાતે સંપુર્ણ છે, તેમાં કાંઇ ન્યૂનતા નથી, પણ જમાનાને અનુસરી કેટલાક ગ્રન્થો લખાવવાની જરૂર છે. સાયન્સની સહાયતાવડે ધર્મસિદ્ધાંતોની સત્યતા પુરવાર કરી આપવી જાઇએ. આવા કામ માટે સાધુ અને શ્રાવક બંનેની જરૂર છે. તત્ત્વાર્થ સૂત્ર કહે છે કે પરસ્પરોપગ્રહો જીવાનામ્ જીવો એક બીજાને સહાય કરવા વાસ્તે છે. છપાવવાનું, પ્રસિદ્ધ કરવાનું, ફેલાવવાનું કામ શ્રાવકો કરે, અને તેવા ગ્રન્થો રચવાનું કામ સાધુઓ અને વિદ્વાન્ શ્રાવકો કરી શકે.

જૈનધર્મ નાના જંતુઓની દયા કરવામાંજ સમાયેલો છે, એવો આક્ષેપ કેટલાક જૈન તત્ત્વોના અજ્ઞાનજનો તરફથી જૈન ધર્મપર મુકવામાં આવે છે. આ તેમની મોટી

ભુલ છે. અમેરીકામાં વિખ્યાતી પામેલાં પ્રાણવિનિમય, હીપ્નોટીઝમ, થોટ-રીડીંગ (વિચાર વાચન) વગરે શાસ્ત્રો તે આત્મિક શક્તિ આગળ કાંઈ હીસાબમાં નથી. આત્મિક શક્તિરૂપ વૃક્ષના તે ફણગા સમાન છે. ઇન્દ્રિયોનો પ્રત્યાહાર કરી મનને કાબુમાં રાખનાર તે ખેલો ઘણી સહેલાઇથી કરી શકે. તેમાં કાંઇ ચમત્કાર નથી, તે સઘળું સ્વાભાવિક છે, પણ આપણે ધર્મગ્રન્થોનો અભ્યાસ કરતા નથી, તે જાણવાની આતુરતા બતાવતા નથી, અને તેથી બીજાઓના ચમત્કાર જોઇ આપણી બુદ્ધિ વ્યામોહ પામી જાય છે. હાલમાં ઉદ્યોત જણાતો નથી, તેનું કારણ આપણી અજ્ઞાનતા અને તે સંબંધી પુરૂષાર્થ કરવાની ખામી છે. પરમાર્થદૃષ્ટિ રાખવી અને બીજાની ઉન્નતિ કરવામાંજ આપણી ઉન્નતિ સમાયેલી છે, એ વિસરવું નહિ. વીર ભગવાને પ્રરૂપેલાં તત્ત્વોનો ફેલાવો કરવો એ ઘણુંજ આવશ્યક કાર્ય છે, અને જે માણસો તે કાર્ય કરવામાં પ્રયાસ કરશે તેઓને અનંતગણું પુણ્ય હાંસીલ થશે. જેઓ નિન્દાખોર છે, ક્ષુદ્ર વિચારના છે, અને ઉચ્ચ આશયરહિત છે, તેઓ કશું કરી શકવાના નથી. ઉદ્યમથી સર્વ બાબતો સિદ્ધ થાય છે.—

उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः ॥
नहि सुप्तस्य सिंहस्य मुखे प्रविशन्ति मृगाः ॥

દરેક કાર્ય ઉદ્યમથી સિદ્ધ થાય છે, કેવળ મનોરથથી સિદ્ધ થતું નથી, સુતેલા સિંહના મુખમાં આવીને મૃગલાં પડતાં નથી, માટે પુરૂષાર્થની પરમ જરૂર છે. જાણકાર અને ધર્મની રૂચિવાળા પુરૂષોની જરૂર છે. કારણ કે આત્માની સાથે આવનાર જ્ઞાન છે. જ્ઞાન એજ ઉચ્ચ ગતિને આપનારૂં છે. જૈનધર્મ દશે દિશાએ ગાજી રહે તેવા પુરૂષાર્થની પરમ જરૂર છે.

હેમચંદ્રાચાર્ય, કુમારપાળ અને સંપ્રતિ રાજાના સમયની સ્થિતિ સાથે હાલની જૈનધર્મની સ્થિતિ તપાસો, અને પછી આપણે કેવી દશામાં આવી પડયા છીએ તેનો કાંઇક ખ્યાલ આવી શકશે. કેટલાક કહે છે કે કાળ પડતો આવ્યો છે, અને વીર ભગવાને પણ કાળની પડતીનું ભવિષ્ય ભાખ્યું છે, તો પછી ઉદ્યોત શી રીતે સંભવી શકે? પણ તેવું કહેનારા લોકો બીજા વાકયો ભુલી જાય છે. કારણકે તેજ સ્થળે કહેવામાં આવેલું છે કે ૨૩ વાર ઉદ્યોત થવાનો છે, તો તે ઉદ્યોતનો સમય સમીપ લાવવાને આપણે શાસારૂ પ્રયાસ ન કરવો જોઇએ ? પ્રયાસ પ્રમાણે ફળ મળે છે. આપણો ધર્મ દયા, શાંતિ પ્રસારનારો અને હરેક જનને ઉપકાર કરનારો છે તો તેના ફેલાવા સારૂ શાસારૂ આપણે કમરબંધ ન થવું જોઇએ ? તે ફેલાવાનાં સાધનો રચવાનો આ મંડળનો ઉદ્દેશ છે.

અધ્યાત્મ શાસ્ત્ર અને યોગ શાસ્ત્ર રાગદ્વેષને ટાળનાર અને આત્માનું સ્વરૂપ સમજાવનાર છે. આત્મા નિત્યાનિત્ય છે, એવું સ્યાદ્વાદ ભાવનાવાળું વાકય જૈનશાસ્ત્ર પ્રબોધે છે, અને દ્રવ્યાનુયોગના અભ્યાસ વડે આત્મસ્વરૂપ સમજવામાં આવે છે. હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્ર રચેલું છે, હરિભદ્ર સૂરિએ યોગદૃષ્ટિ ગ્રન્થ લખેલો છે. ચિદાનંદજીએ સ્વરોદય મારફતે તે જ્ઞાનનો બોધ આપેલો છે. વિનયવિજયજીએ પણ તે માર્ગ સંબંધી કેટલુંક લખેલું છે. યશોવિજયજી મહારાજ પણ તે બાબતમાં નિપુણ હતા, શ્રીમદ્ આનંદઘનજીના યોગવિષયક જ્ઞાનના અનેક પુરાવા વિદ્યમાન છે. જ્ઞાનાર્ણવ ગ્રન્થમાં યોગમાર્ગ પ્રરૂપાયેલ છે. જ્યારે આ આચાર્યોના ગ્રન્થોનો અભ્યાસ થાય ત્યારે જૈનયોગ અને અન્યધર્મીઓએ ઉપદેશેલા યોગનો ભેદ જણાવી શકાય; તે માટેજ આ મંડળની યોજના છે. સંકલ્પનું બળ અપરિમિત છે. ઘણા પુરૂષોનો એકત્ર થયેલો સંકલ્પ

ગમે તેવું વિકટ કાર્ય અલ્પ સમયમાં સાધી શકે છે. સંકલ્પનું બળ કેટલું છે તે હજુ બહુજ થોડા જાણે છે. આત્મોપાસક મંડળ પક્ષપાતરહિત છે, અને કોઇનું ખંડનમંડન નહિ કરતાં, તે માધ્યસ્થ દૃષ્ટિથી વર્તનારૂં છે; તેથીજ દુનિયાને લાભ થઇ શકશે. સ્વધર્મના ઉચ્ચ સિદ્ધાંતોનું જ્ઞાન ફેલાવવાનું તેનું પરમ કર્તવ્ય છે.

જળ અને પૃથ્વીમાં પણ જીવ છે, એમ ડાકટરો અને સાયન્સ જાણનારાઓ કબુલ કરે છે. પ્લેગના જંતુઓ છે એ બાબત હવે સિદ્ધ થઇ ચુકી છે. આ જંતુઓ જૈન ધર્મમાં વર્ણવેલા સુક્ષ્મ સંપાતીજીવ વગેરે છે. આપણે ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરતા નથી, તેથી વિચારવમળમાં ગોથાં ખાઇએ છીએ. માટે આ આત્મિક મંડળ આત્મશક્તિનો પ્રકાશ કરશે અને દુનિયાને અનેક રીતે લાભકારી થશે. હજારો માણસો સત્યવચન બોલનાર ઉપર વિશ્વાસ રાખે છે. માટે ધર્મનાં તત્ત્વો જાણી નીતિને માર્ગે વળવું એ શ્રેયસ્કર છે. આપણે જૈન કહેવાઇએ છીએ, પણ જીનેશ્વરે કહેલા તત્ત્વોનું જ્ઞાન આપણને બિલકુલ હોતું નથી. માટે ધર્મનું જ્ઞાન જાતે મેળવવાની, અને તેના લાભ સમજી, બીજાઓમાં તે ફેલાવવાની અતિ જરૂર છે. આલસ્યથી, પરમાર્થબુદ્ધિના અભાવથી આપણે પુરૂષાર્થ કરતા નથી ને તેથી આપણાં સત્યતત્ત્વો ફેલાવો પામી શકતાં નથી. તમારા આચાર વિચાર ઉપર અંધારપછેડો આવી ફર્યોછે, તેને તમે સુધારો ત્યારેજ તમે વીરપ્રભુના ખરા અનુયાયી કહેવાશો. જેટલો આનંદ દશહજાર રૂપૈયા મેળવવામાં તમે રાખોછો તેટલો આનંદ તમે આ ઉચ્ચ તત્ત્વો મેળવવામાં રાખતા નથી. બૌધધર્મના ૪૮ કરોડ અનુયાયીઓ, અને આપણા પરમ જૈનધર્મના ફક્ત ૧૪ લાખ માણસો એ અફશોસની વાત છે. ભુખ્યા બ્રાહ્મણને જેવો ઘેબર મળતાં આનંદ થાય તેવો આનંદ તમારે તત્ત્વજ્ઞાન સંબંધમાં રાખવો જોઇએ.

આપણામાં હાલ ખરા અભ્યાસકો નથી. તેવા અભ્યાસકો ઉત્પન્ન કરવાનું કામ એક બેથી થાય નહિ. સંપથી વિશેષ કાર્ય થઇ શકે, આ હીલચાલ મુનિની મહત્ત્વતા માટે નથી. સ્વાર્થી વિચારથી આ મંડળનો મેળાવડો નથી. આ મંડળ ૧૪ લાખ જૈનનું છે. સર્વ તેના સભાસદો છે, આ પંથ નથી. જૈનોમાં જાગૃતી લાવવા માટે અને આત્મજ્ઞાનનાં પુસ્તકો તરફ જૈનપ્રજાની રૂચિ કરાવવાનો આ મંડળનો ઉદ્દેશ છે. જો તમને વાળવાના હોય તો મોક્ષનગરભણી વાળવાના છે. જો તમારે મોટાઈ જોઇતી હોય તો જ્ઞાનદર્શન ચારિત્રની મોટાઇ પ્રાપ્ત કરો. સેન્ડો અને રામમૂર્તિ ૯૦ મણના પત્થર ઉપાડે છે. પુરૂષાર્થીને કશું અસાધ્ય નથી. એકદમ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત ન કરીએ એ સ્વાભાવિક છે, પણ તે સારૂ ઉદ્યમ તો જરૂર કરવો જોઇએ. આત્મધ્યાનથી મેરૂપર્વત પણ હાલી શકે એ સર્વ લબ્ધિઓ તમને ચમત્કારી લાગે છે? ના, તેમ નથી. તે શક્તિઓ સર્વમાં તિરોહિત રહેલી છે, તેને પ્રકટ કરવી એ દરેકનું કર્તવ્ય છે. એક ભવમાં તે સંપૂર્ણ પ્રાપ્ત ન થાય તો ફીકર નહિ. જરાપણ હિમ્મત હારશો નહિ. થોડા સમયપર થઇ ગયેલા આત્મતત્વજ્ઞાનીઓ ચિદાનંદજી, યશોવિજયજી બનારસીદાસ વગેરેમાં કેટલું બધું સામર્થ્ય હતું? તો પછી પૂર્વના આચાર્યોમાં તેથી પણ વિશેષ સામર્થ્ય હોય તો તે અસંભવિત નથી. આ રીતે શ્રી તીર્થંકરોમાં અદ્‌ભુતશક્તિઓ પ્રાદુર્ભૂત થયેલી જણાય તો તે સ્વાભાવિક છે. પ્રયત્ને સર્વ બાબતો સિદ્ધ થઇ શકે છે. ક્ષયોપશમ શક્તિ વધારનાં ઉચ્ચસ્થિતિ પ્રાપ્ત થતી જાય છે. ફોનોગ્રાફ, એન્જીન, તાર વગેરે આપણને વરાળ, વિજળી વગેરે શક્તિઓનું ભાન કરાવે છે. આટલી સામાન્ય શક્તિઓ આવું કામ કરી શકે તો આત્માની ખીલવેલી શક્તિઓથી શું ના થઇ શકે? માટે તે શક્તિઓ નિરંતર આત્મહિતાર્થે વાપરવી જોઇએ, એજ કહેવાનો હેતુ છે.

મુનિશ્રી બુદ્ધિસાગરજીનું વ્યાખ્યાન.

(રવિવાર પ્રાતઃકાળ)

अज्ञानतिमिरांधानां ज्ञानांजन शलाकया ॥
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥ १ ॥

આ જગતની અંદર દેખવામાં આવતા અનેક પદાર્થમાં બાહ્ય દૃષ્ટિથી જીવ સુખ માને છે, પણ તેમાં તેને શાંતિ પ્રાપ્ત થતી નથી. પરમ જ્ઞાનવિના શાંતિ મળે નહિ જ્ઞાનના બે પ્રકાર છે. પરમાર્થજ્ઞાન અને વ્યવહારજ્ઞાન. જગત્ના હુન્નરો, સાયન્સે કરેલી શોધો, વિદ્યા, બુદ્ધિવિષયક જ્ઞાન તે સર્વનો વ્યવહારજ્ઞાનમાં સમાવેશ થાય છે. કેવળ જ્ઞાનની દૃષ્ટિથી જે પદાર્થો જોવાય તે સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરવું તે પરમાર્થજ્ઞાન કહેવાય છે. પણ આવી બાબતોનું જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણવડે થઇ શકે નહિ. આત્મજ્ઞાન અંતરના વિકારો નાશ કરવા સારૂ બહુ જરૂરનું છે. જેમ બાહ્યરોગો ટાળવાને ઔષધાદિની જરૂર છે, તેમ અંતરના રોગોનું ઉપશમન કરવા માટે અંતરજ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ ઔષધની આવશ્યકતા છે. જ્ઞાની અને અજ્ઞાનીમાં કેટલું અંતર છે તે કેટલા થોડા સમજે છે? બન્નેને બાહ્યરોગ થાય, પણ જ્ઞાની તે સમભાવથી ભોગવી લે છે, ત્યારે અજ્ઞાની તે ભોગવતાં ભોગવતાં નવાં કર્મ ઉપાર્જન કરે છે. બાહ્યજ્ઞાની અને અંતરજ્ઞાનીમાં બહુ મોટો ભેદ છે. તે ઉપર એક ઘુવડનુંજ ટુંક દૃષ્ટાન્ત વિચાર કરવા લાયક છે. ઘુવડ હમેશાં રાત્રિએજ જુએછે, દિવસગાં સૂર્યના પ્રકાશમાં તેની ચક્ષુ સર્વદા મિંચાયેલી રહે છે. જે હંસ પુરૂષો છે, મોતીનો ચારો ચરનારા છે તેની સોબત ઘુવડને ગમતી નથી. પણ હંસ પુરૂષોએ દયા લાવી તે ઘુવડને પોતાનું એક મોતી ખવરાવ્યું, તેથી તેને અંતરમાં શાંતિ વળી, તેની અજ્ઞાનચક્ષુ જરા ઉઘડી, અને સૂર્યનો કાંઇક આભાસ તેને

લાગવા માંડયો. તે વખતનો તેનો આનંદ કેટલો હશે તે અવર્ણનીય છે. ધ્રુવટ જ્યારે પોતાના માબાપને મળવા ગયો, ત્યારે તેના પિતા અને માતાએ તેને ગાંડો ગણી કાઢયો, તેને ચિત્તભ્રમ વાયુ થયું છે એમ જણાવ્યું. કહ્યું છે કે.

ધૂક બાળને દિવ્ય દ્રષ્ટિ થઈ, દિવાકર દેખાય,
કુટુંબ આગળ સત્ય કહે, પણ ગાંડુ તેહ ગણાય.

તેમ હંસરૂપ જ્ઞાની પુરૂષોને જે અનુભવ થાય, તેને સામાન્યજન હસી કાઢે છે. તેમને આત્માની શક્તિમાં વિશ્વાસ નથી. બાહ્યદ્રષ્ટિવાળો આત્મિક ઉન્નતિની બાબતો શી રીતે દેખી શકે, અને દેખે નહિ તો માને પણ શી રીતે ! આ રીતે અજ્ઞાનમાં માણસો ગોથાં ખાય છે. આત્મા છે, તે અસંખ્યાત પ્રદેશી છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ જીવનાં લક્ષણ છે. આ સર્વ બાબતો નવ તત્વમાં આવીજાય છે, પણ બાહ્યપદાર્થોમાંજ પરમ આનંદ માનનારા જીવો તે જોઇ કે અનુભવી શકતા નથી. તે બાબતનો અભ્યાસજ ન કરેતો પછી જોવાની કે અનુભવવાની તો વાતજ ક્યાં રહી ? ગુણ અને ગુણીનો નિત્ય સંબંધ છે. માટે જે જ્ઞાન દર્શન ચારિત્ર આદિ ગુણો મળે છે તે આત્માની રિદ્ધિઓ છે, અને સર્વ કાળને વાસ્તે આપણને ઉપયોગી થશે. માણસને જ્યાં સુધી આત્મામાં શ્રદ્ધા નથી, પુનર્જન્મને માનતો નથી, અને કર્મના નિયમમાં પ્રતીતિ નથી, ત્યાં સુધી માણસનાં આચરણ ઉત્તમ પ્રકારનાં થવાં અસંભવિત લાગે છે. આત્મા જ્ઞાનઘન છે. "આત્માને શોધો શોધો" એમ વીર ભગવાન્ સૂયડાંગજીમાં કહે છે, ચિલાતીપુત્રે શેઠની પુત્રીનું શિર કાપીનાખ્યું હતું, પણ ઉપશમ, સંવર અને વિવેક આ ત્રણ શબ્દનું જ્ઞાની ગુરૂ પાસેથી શ્રવણ થતાં, તે ઉપર મનન કરતાં, તદનુસાર મનના પરિણામ થતાં તે કેવળ જ્ઞાન પામ્યો. રાગ અને દ્વેષને ઉપશમાવવાથી તેને વૈરાગ્ય થયો એટલે

સંવરની પ્રાપ્તિ થઇ, અને જડ વસ્તુ અને આત્મા વચ્ચે-નો ભેદ જણાતાં જડ ઉપરથી ભાવ ઉઠી ગયો અને કેવળ જ્ઞાન તેને પ્રાપ્ત થયું. તમે પણ આ રીતે તેવું પદ પામી શકો, પણ જ્ઞાનનો અભાવ છે. ગુરૂવચન ઉપર તમને વિશ્વાસ નથી, કોઇએ કરેલા ઉપકારનું તમને સ્મરણ રહેતું નથી. વીર પ્રભુએ કર્મમલને ખપાવવા બાર વર્ષ તપ આદર્યું. યોગની આઠ સ્થિતિપર ચઢવાનું એકદમ બની શકે નહિ તે બનવા જોગ છે, પણ સતત પ્રયાસ અને અભ્યાસથી તમે પણ કાર્યસિદ્ધિ કરી શકશો. ગુણાનુરાગ કરવો જોઇએ, અને જાતિલિંગ કે વય ઉપર આધાર ન રાખતાં ગુણી પુરૂષોનું બહુમાન કરવું જોઇએ. આત્મા જાતિરહિત છે. 'અલ્પજ્ઞાન ને અતિહાન' વનરાજ ચાવડામાં જે દેડકાનું દૃષ્ટાન્ત આપ્યું છે, તે ગમે તેવા આશયથી આપવામાં આવ્યું હોય, પણ તેમાંથી એ બોધ લેવો જોઇએ કે જીવદયાનો કદાપિ ઉંધો અર્થ કરવો નહિ. આશય સમજી કાર્ય કરવું જોઇએ. જે માણસો બીકણ છે; પોતાના આત્મામાં જેમને વિશ્વાસ નથી, તેઓ કાંઇ પણ કરી શકવાના નથી. જો શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે કુમારપાળને પ્રતિબોધ આપી જૈનમાર્ગમાં ન વાળ્યો હોત તો તેમણે કરેલાં કાર્યો કદાપિ તે કરી શકત નહિ. ધર્મને માટે કાર્ય કરવાં એ ઉપાધિ નથી. પણ ગુરૂગમવિના જ્ઞાન નહિ માટે આથી વિરૂદ્ધ વિચાર જણાવવામાં આવે તો તેમાં બિચારા પ્રાણીઓનો દોષ નથી. તેઓનું અજ્ઞાન ક્ષમાપાત્ર છે. હજારો માણસોને જ્ઞાનીઓ જૈન ધર્મ તરફ વાળી શકે, પણ હાલમાં જૈનધર્મના અભ્યાસકોની બહુ ખામી છે. જ્યાં સુધી તમને તે ધર્મના સિદ્ધાંતોની બહુ મૂલ્યતા સમજવામાં આવી નથી ત્યાં સુધી શું કહી શકો! માટે નિરંતર અભ્યાસ કરો, અને પછી તદનુસાર વર્તન રાખો. જાણકાર માણસો જો બોધ આપે તો બીજાની તેના તરફ રૂચિ થયા વિના રહેજ નહિ. માટે

પરોપકાર વાસ્તે પણ દ્રવ્યાનુયોગનાં પુસ્તકોનો અભ્યાસ કરવાની જરૂર છે. આગમસારમાં કહ્યું છે કે अप्पा सो परमप्पा આત્મા તેજ પરમાત્મા. તમારી અંદર અનંતશક્તિઓ છે. અંતર્મુખ વળો, જાગૃત થાઓ, અને સર્વ પદાર્થો તમને આત્મામાં ભાસશે. આપણા આત્મામાં અને સિદ્ધના આત્મામાં, સ્વરૂપમાં, સત્તામાં જરા માત્ર પણ ભેદ નથી. જ્યારે આ પ્રમાણે સર્વ જીવોના આત્માનું સરખાપણું તેના ખ્યાલમાં આવે છે, ત્યારે જીવ પાપ કરતાં અચકે છે. સર્વમાં આત્મા છે, એમ વીર ભગવાને કહ્યું છે, આ દૃષ્ટિથી ભેદ ભાવ ટળી જતાં સમભાવ જાગૃત થાય છે. જૈન ધર્મ પ્રાપ્ત કર્યો, માટે બીજા ધર્મનો દ્વેષ કરવો એવો બોધ જૈન શાસ્ત્ર આપતું નથી. સંકુચિત દૃષ્ટિવાળાઓ કદાપિ મહત્કાર્ય કરી શકવા સમર્થ થયા નથી. માટે વિશાળ દૃષ્ટિ રાખવી, પણ સાધ્ય ચુકવું નહિ. ઘણા જનો રજપુતોમાંથી –ક્ષત્રિયોમાંથી થયા છે, ઘણા બ્રાહ્મણો આચાર્યો થયા છે, માટે બીજાના સંબંધમાં નહિ આવીએ તો તેમના પર ઉપકાર શી રીતે કરી શકીએ, પણ આ કામ સ્વપર દર્શનના જ્ઞાતા ગીતાર્થ મુનિરાજોએ કરવાનું છે. દરેકને બોધ આપવાનો એકજ માર્ગ નથી. પોતાની શક્તિનો વિચાર કરી જ્ઞાન આપવાનું છે.

આત્મા ઇંદ્રિયોથી ન્યારો છે. જ્યાં સુધી માણસ જાતિ અને લિંગનોજ વિચાર કર્યા કરે છે, અને બાહ્ય ક્રિયામાંજ સર્વ ધર્મ માને છે, ત્યાં સુધી જડ અને ચેતનનો ભેદ સમજી શકતો નથી. અને ચેતનની શક્તિ પ્રકટ કરી શકતો નથી. કહ્યું છે કે.

તિરોભાવ નિજ રૂદ્ધિનો, આવિર્ભાવ પ્રકાશ;
પરમાત્મ પદ તે કહ્યું, તે પદનો હું દાસ.

જ્યાં આત્માનું ખરૂં સ્વરૂપ જાણવામાં આવે છે, ત્યાં અજ્ઞાનપડલ ખસી જાય છે, તેમાંજ જેનું પરમ આનંદ

પ્રાપ્ત કર્યો, તે તે આનંદનો લાભ બીજાને કેમ નહિ આપે ? ક્ષણિક નિધાનને દેખાડનારો ઉપકાર જીવ માને છે, તો આત્મરૂદ્ધિ દેખાડનારાનો તો જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે.

આત્મરિદ્ધિ અખૂટ છે, અપરિમિત છે. તેવા આત્મ-રિદ્ધિ દેખાડનારને અનંતિવાર નમસ્કાર હો! દરેક આત્માને તે લાભ આપવાનો છે. તે આનંદ ખુટી જાય તેમ નથી, આપવાથી વૃદ્ધિ પામે છે. જ્ઞાની ગુરૂઓએ તેનો જનકલ્યા-ણ સારૂ પ્રકાશ કરવાનો છે. અપેક્ષાએ બોલાયેલાં સઘળાં વાકયોમાં ધર્મ છે. એક બાળકને નવ યૌવનાનો વિષય નીરસ લાગે, પણ તેની પુતળી તેને પ્રિય લાગે, તેજ રીતે બાહ્યદૃષ્ટિ જીવોને આત્મિક વિષય નીરસ ભાસે છે. જે ખરો આત્મપ્રેમી છે, તેને તેવાં સાધનો મળી આવે છે. નિષ્કામ-આત્મપ્રેમ જગાડવો જોઇએ. ધર્મનાં તત્ત્વો જનમનરંજન સારૂ નથી, પણ આત્મિક શાંતિ પ્રાપ્ત કરવા સારૂ છે. તેથી સમ્યકત્વ પ્રાપ્ત થાય છે. નયનિક્ષેપા પૂર્વક મેળવેલ સદ્જ્ઞાન વધારે લાભકારી થાય છે. જો આપણે યથાર્થ ધર્મ સમજતા હોઇએ તો દાણચોરી કરીએ નહિ, જુઠું બોલીએ નહિ, પ્રપંચ સેવીએ નહિ, જુઠી વકીલાત કરીએ નહિ. તમારૂં વર્તન એવા પ્રકારનું રાખવુ કે જેથી બીજા તમારા દૃષ્ટાન્ત અનુસાર પોતાનું વર્તન ઉચ્ચ પ્રકારનું રાખવાને દોરાય. દરેક કામ દૃઢ સંકલ્પથી–વિચારબળથી થઇ શકે છે. તમે પણ આત્મજ્ઞાન મેળવી શકો. સર્વ જૈન બનાવી શકાય. જે સ-મ્યગ જ્ઞાન શમજે અને તે પ્રમાણે વર્તે તે સમકિતી થઇ શકે. સિદ્ધાચળના સંઘ કાઢનાર કરતાં પણ કોઇ માનવ બંધુને સદ્ધર્મની પ્રતીતિ કરાવનાર વિશેષ કલ્યાણનો ભોક્તા બને છે. આ વચન ભાર દયામય સમકિત ધર્મની પ્રાપ્તિને ઉદ્દેશી સમજવું. જ્ઞાનીઓનો ઉપકાર અનંત છે. જેમ નદીમાં ચંદ્રનું બિંબ પડેલું હોય, તેને ભ્રાન્તિથી કોઇ

લા છે, તેને ધર્મશાસ્ત્રો ચૌદ ગુણસ્થાનકના નામથી ઓળખે છે. ચોથા ગુણસ્થાનકે આવ્યા પછી તે ફરીથી લેપાતો નથી. ज्ञानस्य फलं विरतिः જ્ઞાનથી તે સંસાર પદાર્થોની અનિત્યતા સમજી તે ઉપર વૈરાગ્ય ધારણ કરે છે. આ રીતે ઉત્તરોત્તર ચઢતાં ચઢતાં તેરમે ગુણ સ્થાનકે તે આવી પહોંચે છે, ત્યારે તે પરમાત્મા કહેવાય છે; ત્યાં અંતરાત્મ ભાવ પણ ટળી જાય છે. તે જગતના પદાર્થોનો બીજાને બોધ આપી શકે છે. અંતરાત્મા કારણ, અને પરમાત્મા સાધ્ય અથવા કાર્ય છે. બહિરાત્મભાવ હેય ત્યાગ કરવા યોગ્ય છે. મ્યાન અને તરવાર, વસ્ત્ર અને શરીર તેમ શરીર અને આત્માનો સંબંધ છે. જેમ જેમ માણસ અનુભવ લેતો જાય છે, તેમ તેમ શરીર ઉપરનો તેનો રાગ ઓછો થતો જાય છે; અને તેનું મન પરમાત્મા તરફ વળે છે. તે પરમાત્માની ભક્તિ કરવા દોડે છે. પરમાત્માની ભક્તિ કરવાનો ઉદ્દેશ સુખ પ્રાપ્ત કરવાનો છે. સર્વ પ્રવૃત્તિઓ આ જગતમાં સુખ સારૂજ થાય છે. સામાન્યજનની સેવાથી પણ સુખ મળે છે, તો ત્રણ ભુવનના નાથની પરમભક્તિથી અત્યંત સુખ–આનંદ પ્રાપ્ત થાય તેમાં આશ્ચર્ય શું ? તે ભક્તિના પગથીયાં પરોપકાર, રાગદ્વેષ ત્યાગ, ભ્રાતૃભાવ, શુભ ધ્યાન વગેરે છે સદાચાર એ મુખ્ય માર્ગ છે. દાન, શિયળ, ચોરી ત્યાગ, પરસ્ત્રી ત્યાગ એ સર્વ વિવિધ રસ્તાઓ છે. આત્મા સત્તાએ પરમાત્મરૂપ છે. તેને લાગેલો મેલ ધોઇ નાંખવો જોઇએ એટલે તે સુવર્ણ કે મણિની પેઠે પ્રકાશી નીકળશે. તે મેલ રાગદ્વેષ, ક્રોધ, માન, માયા અને લોભનો લાગેલો છે. જ્યાં સુધી તે મેલ દૂર થયો નથી, ત્યાં સુધી પરમાત્મદર્શન કદાપિ થાય નહિ.

આત્માને દેખવાને અંતર્દષ્ટિની જરૂર છે. જે

સ્થિતિ પ્રાપ્ત કરી શકશે નહિ. વિકથાનો ત્યાગ કરવો જોઇએ. ગુણી મનુષ્યો અને ગુણાનુરાગી પુરૂષોજ ઉચ્ચ પદ પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી હૃદયમાં ક્રોધ, માન, માયા અને લોભરૂપ ખરાબ વસ્તુઓ પડેલી છે ત્યાં સુધી તે મંદિરમાં આત્મપ્રભુની જ્યોતિ શી રીતે પ્રકટ થાય ! આટો ફાકવો અને ભસવું એમ બે કામ સાથે થઇ શકે નહિ. શ્રેયમાર્ગ અને પ્રેયમાર્ગ સાથે સધાય નહિ. બીજાના ધર્મની નિન્દા કરનારા કદાપિ ઉંચે ચઢી શકતા નથી.

આપણા ધર્મના ઉચ્ચ સિદ્ધાંતો જો બીજાના હૃદયમાં ઠસાવવા હોય તો ભ્રાતૃભાવથીજ થઇ શકે. સારૂં બતાવો એટલે નરસાનો સ્વયમેવ ત્યાગ કરશે; પણ નરસાની નિન્દા કરવાથી કદાપિ ઈષ્ટસિદ્ધિ થવાની નથી.

"ધર્મ ધર્મ કરતો જગ સૌ ફરે, ધર્મ કોઈ ન જાણેરે જગ."

ધર્મ તમારી પાસે છે. સત્ય બોલો, દયા પાળો; પૈસાને સારૂ અનીતિ કરવી તે અધર્મ છે. અપશબ્દ ન બોલવો તે પણ ધર્મ છે. પ્રેમ પ્રકટાવવો, અને જગતનું કલ્યાણ વિચારવું તે પણ ધર્મ છે. જ્ઞાન દર્શન ચરિત્ર ધર્મ નિશ્ચયથી આત્મામાં રહેલો છે તે અંતરમાં છે. બ્હાર કયાં ખોળો છો ? દરરોજ ગુરૂ પાસે જાઓ. દેવદર્શન કરો, સર્વ ઉપર પ્રેમભાવ રાખો, આ બધાં સાધનોવડે સાધ્યની સિદ્ધિ કરજો અને આત્માને પરમાત્મા બનાવજો. સર્વ મુક્તિ પામે એવી ભાવના રાખવી. ભેદ બાહ્યના છે. આત્મામાં ભેદ નથી. સર્વના જીવ સ્વરૂપે સમાન છે. અમુક ઢોંગી છે, અમુક પાખંડી છે, એમ કહેવું તે મિથ્યા છે. જ્યાં ગુણ જણાય ત્યાં આત્મબુદ્ધિ રાખવી જોઇએ. બાહ્ય સાધનોની પણ જરૂર છે. વ્યવહારને છોડવો નહિ, પણ વ્યવહારને નિશ્ચય બિન્દુ તરફ દોરવવો. શુષ્ક જ્ઞાની ન થવું. જ્ઞાન પ્રમાણે આચરણ રાખવામાંજ જ્ઞાનની ઉત્તમતા છે. જ્યાં સુધી સિદ્ધ અવસ્થા પ્રાપ્ત નથી થઈ ત્યાં સુધી સાધનોનો ત્યાગ

કરવો અનુચિત છે. નિશ્ચય અને વ્યવહાર બન્ને ધર્મ આદરણીય છે. જેમ વર વગર જાન નકામી છે, તેમ સાધ્ય વિનાનાં સાધન નિરર્થક છે. શુભ સાધનથી પણ લાભ છે, છતાં સાધ્યને મેળવવાને વપરાયેલાં સાધનની અપેક્ષાએ ઓછો છે તે ભુલવું જોઇતું નથી યશોવિજયજી ઉપાધ્યાયે કહ્યું છે કે.

નિશ્ચય દૃષ્ટિ હૃદયે ધરીજી, પાળે શુદ્ધ વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર.

માટે આત્મબિન્દુ લક્ષમાં રાખી સાધનોનો આશ્રય કરવો એજ હિતકારી માર્ગ છે.

મુનિશ્રી બુદ્ધિસાગરજીનું વ્યાખ્યાન.

સારાંશ વચનો કેટલાંક લખાયાં છે.

(સોમવાર પ્રાતઃકાળ).

अज्ञानतिमिरांधानां ज्ञानांजनशलाकया ।
नेत्रमुनमीलितं येन तस्मै श्री गुरवे नमः ॥

સદ્‌ગુરૂ નિરંત સ્વાર્થ રહિતહોય છે; અને મનુષ્ય માત્રને ઉચ્ચ સ્થિતિએ લાવવા તેઓ અહર્નિશ અનેક પ્રકારના પ્રયાસ કર્યા કરે છે. બીજાના અજ્ઞાનરૂપ પડળ દૂર કરવા, એજ પોતાનો ધર્મ સમજે છે, અને બીજાને ઉપકાર કરવામાં ગ્રહણ કરવી પડતી ઉપાધિ તે ઉપાધિ નહિ પણ ધર્મ છે. શ્રી વીરપ્રભુ ચંડકોશિયા નાગને તારવાને જંગલમાં ગયા હતા, અને મૌન વ્રતધારી છતાં ઉપકાર નિમિત્તે ' બુધ્યસ્વ બુધ્યસ્વ ' એમ બોધ આપ્યો હતો. સદ્‌ગુરૂએ હમેશાં ધૈર્ય રાખવું જોઇએ, અને સંકટ વેઠવાની તથા લોક ગમે તેમ અપલાપ કરે છતાં પોતાના નિશ્ચયને વળગી રહેવાની હીમત જોઇએ છે. જેનામાં તે હોય તેજ પોતાનો સ્તુત્ય ઉદ્દેશ સિદ્ધ કરી શકે છે. હાલના

સમયમાં તીર્થંકર હોયતો જન સમાજપર કેટલો બધો ઉ-
પકાર થાય, પણ તેવા મહાત્માઓના વિરહે સાધુઓ એજ
શરણભૂત છે. યોગ્ય માણસોને ઉપદેશ આપી સન્માર્ગે
વાળવા એ સાધુ પુરૂષોનું ઉત્તમ કર્તવ્ય છે. કેટલાક અ-
લ્પજ્ઞ લોકો એમ જણાવે છે કે ઉપદેશ આપવાનો પણ
પ્રયાસ કરીએ તો તે પરભાવમાં પેસવા સમાન છે, માટે મો-
ક્ષાભિલાષીઓએ ઉપદેશ સરખો પણ આપવો નહિ, કેવળ
સ્વસ્વભાવમાં રમણતા કરવી. એકાંત આમ કહેવું તે મિ-
થ્યા છે. કારણ કે જે લોકો ઉપદેશ આપતા નથી, તેઓને
તીર્થોચ્છેદક ગણવામાં આવે છે, એમ જૈનશાસ્ત્ર પ્રરૂપે છે.
વળી કહ્યું છે કે જે લોકો ઉપદેશ આપી શકે તેવા હોય
તેઓએ મૌનપણું ગ્રહણ કરવું નહિ. જે લોકો અંતરથી
ન્યારા રહી શકે, અને સાધ્ય ન ભુલે, તેઓ પ્રવૃત્તિ કરવા
છતાં પણ કર્મથી લેપાતા નથી. ગુરૂ, દેવ વગેરે અવલ-
મ્બનનાં કારણો છે, જો તેનો ઉચ્છેદ કરવામાં આવે તો તી-
ર્થનો ઉચ્છેદ થાય, અને તીર્થનો ઉચ્છેદ કરનાર મહાપાતકી
ગણાય, હાલના સમયમાં ઉપકાર કરનાર ગુરૂઓ અને ધર્મ
શાસ્ત્રો છે. સાધ્ય નિરપેક્ષ પ્રવૃત્તિ તેજ અધર્મ છે, સંઘના
રક્ષણાર્થે કાલિકાચાર્યે ગર્દભિલ રાજાની સાથે યુદ્ધ કર્યું હતું.
માટે અપેક્ષા સમજી ધર્મસૂત્રોનો અર્થ સમજવો. તે ઉપર
એક ટુંકું દૃષ્ટાન્ત છે. એક વખત એક સાધુ એક સ્થળે
જંગલમાં કાયોત્સર્ગધ્યાને રહ્યા હતા. તેવામાં ત્યાં એક
શ્રદ્ધાળુ પણ ભોળો માણસ ત્યાં આવ્યો, તેને તે સાધુ
ઉપર ઠંડ પડતી જોઇ તેમનું રક્ષણ કરવાને ત્યાં એક
ઝુંપડી બાંધી. તે ઝુંપડી ઘાસવતી બાંધી હતી. તેવામાં
ત્યાં એક બીજો કોઈ આવ્યો. તે ધર્મમાં બહુ ઉંડો
ગયેલો હતો. તેણે વિચાર્યું કે પંચમહાવ્રતધારીને આ
ઝુંપડી કલ્પે નહિ, વળી તે ઘાસની બનેલી હોવાથી, કદા-
ચ ઘાસ સળગી ઉઠે તો માંહે તે સાધુ બળી જાય, એવા

આથી તેણે તે ઝુંપડી, સાધુને ઇજા ન આવે તેવી રીતે, પાડી નાખી. તેણે વિચાર કર્યો તો તેમને જણાયું કે આ બન્ને આરાધક છે. કારણકે બન્નેના ભાવ શુદ્ધ અને નિર્મળ હતા. માટે આપની અપેક્ષા રાખી પ્રવૃત્તિ કરવી એ ઉત્તમ છે.

મોહરૂપી સર્પનું ઝેર ચઢતાં આત્મસ્વરૂપનું ભાન ભુલી જવાય છે. માટે તે ઝેરને ઉતારવાને સદ્ગુરૂના બોધરૂપ મંત્રની જરૂર છે. જો કે નિશ્ચય નયથી કોઇ કોઇનું ઉપકારક નથી; પણ વ્યવહારમાં ઉપકારક અને ઉપકૃત બન્ને રહેલા છે.

જ્ઞાનીના સંબંધમાં કહ્યું છે કે.

જગ જાણે ઉન્મત્ત, ઓ જાણે જગ અન્ધ;
જ્ઞાની શું જગમે રહ્યો, શું નહિ કોઇ સંબંધ.

આ બધા અપેક્ષિત વચનો છે.

અબ તો હમ અમર ભયે નહિ મરેંગે,
વિસર ગયે દુવિધા તન મનકી, અબ હમ કયમ મરેંગે.

કેટલાકને આ વાકય અભિમાનપૂર્ણ અને ઉત્સૂત્ર જણાય, પણ જો તેનો બરાબર વિચાર કરીએ તો તે તેવું નથી. જ્યારે આત્મદશામાં આનંદઘનજી મહારાજ આવેલા ત્યારે તે તાનમાં તે વાકય લખાયું હશે એમ ભાસે છે. વળી આનંદઘનજી મહારાજ એક સ્થળે લખે છે કે—

ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે,
ઉદરભરણાર્થે નિજ કાર્ય કરતાં થકાં,
મોહ નડીયા કલિકાળ રાજે.

આ વાકયની સાથે ઉપદેશમાળામાં ધર્મદાસ ગણીએ કહેલું વાકય સરખાવો, તેઓ કહે છે એ " જે સાધુ ગચ્છમાં ન રહે તે જૈન આજ્ઞાનો વિરાધક છે, અને જેઓ ગુરૂના શરણે રહે તેનેજ જ્ઞાન મળે. આ રીતે આ બે વાકયો

પરસ્પર અસંગત લાગશે પણ જરા વિચાર કરનારને તેમાં રહેલો વિરોધ તે વિરોધાભાસ તુલ્ય જણાશે. કારણ કે તેજ આનંદઘનજી મહારાજ નમિનાથસ્તવનમાં ચુર્ણી નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા, અનુભવ, પરંપરા અનુભવ આ સાત બાબતો માનવાનો બોધ આપે છે. માટે અપેક્ષાએ જૈનધર્મનાં વચનો છે અલ્પજ્ઞાન તેજ અતિ હાનીનું કારણ છે.

હવે અધ્યાત્મ જ્ઞાન અને અધ્યાત્મ ચારિત્રમાં શો ભેદ છે તે વિચારીએ.

જ્ઞાન અને વિરતિમાં ભેદ છે. અધ્યાત્માજ્ઞાન અને અનુભવ જ્ઞાન એ જુદી વસ્તુઓ છે જ્યાં સુધી જ્ઞાન પ્રમાણે વર્તન ન રાખવામાં આવે ત્યાં સુધી તે અધ્યાત્મ જ્ઞાન છે. અનુભવની ખુમારીમાં લખેલાં વાક્યો અનુભવીઓજ સમજી શકે. શુષ્કજ્ઞાની પણ અનુભવ વગરના પુરૂષોના સમજવામાં તે આવતાં નથી. તેઓ ઘણીવાર અર્થનો અનર્થ કરે છે. જેવી દૃષ્ટિ હોય તેવું તેને ભાસે છે. એક કીડી નાની છતાં સૂક્ષ્મદર્શકની મદદથી જોનારને ભેંસ જેટલી મોટી લાગે છે.

ગગનમંડળમાં અધવચ કુવા, માંહી હે અમીકાવાસા;
સુગરા હોય સો ભરભર પીવે, નગુરા જાયે પ્યાસા.

આ આનંદઘનજી મહારાજના પદનો અર્થ થોડાજ સમજતા હશે. જેવું બ્રહ્માંડ તેવું પિંડ. આ મનુષ્ય શરીર ચૌદ રાજલોકના આકારે છે. તેની મધ્યભાગમાં નાભિકમળ મંડળમાં આઠ રૂચક પ્રદેશ છે, જે સિદ્ધ સમાન છે. તેનું ધ્યાન કરવું. તે ધ્યાન કરવાથી આત્મિક આનંદનો અનુભવ થશે. આવી બાબત બતાવનાર જ્ઞાની ગુરૂઓ છે. માટે જેને સદ્‌ગુરૂ માથે છે, તેવો માણસ તે અમૃતનો પ્યાલા ભરી ભરીને પી શકે, પણ જે ગુરૂરહિત છે, તે તરસ્યો જાય છે. બહિરાત્મદૃષ્ટિથી અધ્યાત્મજ્ઞાનવાળાના જ્ઞાનનું પરિમાણ કરવું એ મોટી ભુલ છે. જો નયના ભેદ બરાબર સમજવામાં આવે તો જરા માત્ર પણ ભે-

ક રહેજ નહિ. આનંદઘનજી મહારાજ તરફ સર્વ કોઈ માન દૃષ્ટિથી જુએ છે તેનું કારણ પણ એ છે કે તેઓ નય પૂર્વક બોલતાને લખતા, માટે નયપૂર્વક જૈનધર્મનાં તત્ત્વોનો અભ્યાસ કરતાં સર્વ બાબતો સમજાઈ જશે. વિચારની આપ લે કરવાથી સત્યમાર્ગ સમજાય છે, આવા મેળાવડા તે કારણે વિશેષ ઉપયોગી છે. છેવટમાં એજ જણાવવાનું કે નયવાદનો અભ્યાસ કરવો. અને તે સદ્ગુરૂ પાસે શિખવો. (પરસ્પર વિચારોનો સંબંધ જેવો વ્યાખ્યાન વખતે કહેવાયો હતો તેવો લખાયો નથી. તેથી વાંચકવર્ગ ક્ષમા કરશે.)

મુનિશ્રી બુદ્ધિસાગરજીનો 'અધ્યાત્મતત્ત્વ' પર નિબંધ.

ॐ नमः सद्गुरुपरमेश्वराय.

श्लोक.

प्रणम्य सद्गुरुदेवं सत्यतत्वावबोधकम्
अध्यात्मतत्त्वबोधार्थं प्रबन्धो रच्यते मया ॥१॥
आत्मतत्त्वंच विदा ज्ञेयं उपादेयं पुनः पुनः
कृत्स्नकर्मक्षयो मोक्षः प्राप्यते ध्यानिभिः परः ॥२॥

શ્રી સત્ય નવતત્વાદિકના બોધક શ્રી પરમદયાથી ઉપકારક સદ્ગુરૂદેવને નમસ્કાર કરીને, અધ્યાત્મતત્ત્વના બોધ માટે લેખકવડે પ્રબંધ રચાય છે.

પંડિતપુરૂષે આત્મતત્ત્વ જાણવું જોઇએ અને આત્મતત્ત્વનો સ્વીકાર કરવો યોગ્ય છે. આત્મતત્ત્વને જાણી તેનું ધ્યાન કરનારાઓવડે સર્વકર્મક્ષય લક્ષણ મોક્ષ પમાય છે.

આત્મતત્ત્વનો જ્ઞાતા પરમૈશ્વર્યપદને સત્વર પ્રાપ્ત કરે છે. જગતમાં અનેક પ્રકારના પદાર્થો છે, અને તેનું જ્ઞાન કરવા જગતના જીવો સાધનવડે પ્રયત્ન કરી રહ્યા છે. પણ આત્મજ્ઞાન વિના તેમને ખરી શાંતિ મળતી નથી. આત્મ-

રહેલો આત્મા કર્મના યોગે પુનર્જન્મ કરે છે એમ સા-
બીતી થઈ ચુકી છે. હાલના વખતમાં, મીસીસ એની બે-
સેન્ટ એક અંગ્રેજ વિદુષી છે તે પણ આત્માને નિત્ય માની
પુનર્જન્મની વાત સિદ્ધ કરે છે. કેટલાક મનુષ્યોને જાતિ-
સ્મરણ જ્ઞાન થાય છે અને તેથી તે પૂર્વ જન્મની વાત
જાણી શકે છે. ક્ષણીકવાદને અંગીકાર કરે છે તે પણ
બુદ્ધધર્મનો પ્રકાશક ગૌતમ બુદ્ધ પોતાના ભિક્ષુકોની આ-
ગળ કહે છે કે, મને આ શરીરે ખીલો વાગ્યો છે તેનું
કારણ કે મેં ઘણા ભવપૂર્વે એકનો પગ વિંધ્યો હતો, આથી
પણ સિદ્ધ થઈ ગયું કે આત્મા નિત્ય છે, એમાં કશો સંદેહ
નથી. આત્માનું નિત્યત્વ સિદ્ધ થતાં અને તેની શ્રદ્ધા થતાં
મનુષ્યો પોતાના જન્મ સારા ખોટા શાથી થાય છે, તે ઉપર
વિચાર દોડાવે છે. એક રાજાના કુળમાં જન્મે છે. એક ભિક્ષુકના
કુળમાં જન્મે છે. એક માતાના બે પુત્રો સાથે ઉત્પન્ન થએલામાં
પણ એક મૂર્ખ અને એક વિદ્વાન બને છે. એક સુખી દેખાય
છે, અને એક દુઃખી દેખાય છે, એક મનુષ્યનો અવતાર લે
છે, એક આત્મા પશુનો અવતાર લે છે, એક આત્મા ઇ-
ચ્છિત પદાર્થોની અનાયાસે પ્રાપ્તિ કરે છે. અને એકને
ખાવા માટે અન્નપણ મળતું નથી, આનું બાહ્યકારણ કંઇ
પણ દેખાતું નથી, ત્યારે અનુમાન જ્ઞાનથી વિચારતાં પોતા-
નેજ માલુમ પડે છે કે એનું કારણ કંઇ અદૃષ્ટ છે અને તે
અદૃષ્ટ કહો કે પુણ્ય પાપરૂપ કર્મ કહો, વા શુભાશુભ
બાંધેલા પ્રારબ્ધ કહો વા તેને કિસ્મત કહો વા તેને શુભા-
શુભ પ્રકૃતિ કહો પણ પુણ્ય પાપ અવશ્ય માનવાં પડે
છે, જ્યારે આપણે અનુમાનથી પુણ્ય પાપતત્વની સિદ્ધિ
કરીએ છીએ ત્યારે સર્વ પદાર્થના જ્ઞાની. શ્રી સર્વજ્ઞ વીર પ્રભુ
તો કહે છે કે—પુણ્ય અને પાપ તત્વ છે. અને પુણ્યપાપનું
બહુ સૂક્ષ્મ વાણીથી જણાવે છે. જ્યારે પુણ્યપાપની સિદ્ધિ
આ પ્રમાણે થઇ તો પ્રશ્ન ઉઠશે કે—પુણ્ય શાથી થતું હ

અને પાપ શાથી થતું હશે-ત્યારે તેના ઉત્તરમાં સ્પષ્ટ સમજવાનું કે, દયાદિ શુભકર્મ તથા શુભ પરિણામથી પુણ્ય બંધ થાય છે. તેમજ હિંસાદિ અશુભ કર્મ તથા અશુભ પરિણામથી પાપકર્મનું બંધન થાય છે. રાગદ્વેષાદિક કર્મ ગ્રહણમાં કારણ છે, માટે તેને આશ્રવ કહે છે-પુણ્યપાપનો કર્તા જેમ આત્મા છે તેમ પુણ્યપાપનો ભોક્તા પણ આત્મા છે. પુણ્યપાપ ભોગવવામાં કોઈ ઇશ્વરને કારણીભૂત માને છે, પણ તેમાં ઇશ્વર કારણીભૂત નથી, એમ સમ્યગ્-દૃષ્ટિથી જોતાં માલુમ પડશે. પુણ્યપાપ જડવસ્તુ છે. પુણ્ય છે તે સોનાની બેડી છે. અને પાપ લોઢાની બેડી છે. પુણ્યથી મનુષ્યને સ્વર્ગ, સુખ વિગેરેની પ્રાપ્તિ થાય છે. પાપથી નરક અને તિર્યંચગતિ વિગેરેની પ્રાપ્તિ થાય છે. પુણ્ય પરમાણુઓના સ્કંધો પણ આત્માને લાગે છે અને ખરે છે. તેમજ પાપપરમાણુઓથી બનેલા સ્કંધો પણ આત્માને લાગે છે અને ખરે છે, પુણ્ય પાપ જડવસ્તુ છે. તોપણ તેથી આત્માને શાતાવેદનીય અને અશાતાવેદનીય ઉત્પન્ન થાય છે. કોઇ અપેક્ષાએ પુણ્યને ધર્મ કહેવામાં આવે છે, અને પાપને અધર્મ કહેવામાં આવે છે. ધર્માધર્મક્ષયાન્ મુક્તિઃ ધર્મ એટલે પુણ્ય અને અધર્મ એટલે પાપ એ બેના ક્ષયથી મુક્તિ થાય છે. જ્યારે આત્મા કર્મથકી રહીત થાય છે ત્યારે તે મોક્ષ પામે છે. મોક્ષ સત્પદ છે. જે એક પદ હોય છે તે સત્ હોય છે જેમ આકાશ. તેમજ મોક્ષ પણ એક પદ છે. બે પદ હોય છે તો તેમાં સત્પણું હોય અગર ના પણ હોય. જેમ આકાશકુસુમ-આકાશનું ફુલ હોતું નથી. મોક્ષ છે. કર્મ એ જડવસ્તુ છે. જડવસ્તુ થકી આત્મા ભિન્ન થઇ શકે છે. જેમ માટીથી સોનું ભિન્ન થઇ શકેછે તેમ આત્મા પણ કર્મથી ભિન્ન થઇ શકે છે. માટીથી સોનું ભિન્ન કરવામાં જેમ ધમણ વિગેરે ઉપાયો છે. તેમ કર્મથી આત્માને ભિ-

કરવાના સંવર તથા નિર્જરા વિગેરે ઉપાયો છે; વા જ્ઞાન
અને ક્રિયા એ બેથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનક્રિયા-
ભ્યામ મોક્ષઃ ઇતિ તત્ત્વાર્થવચનાત્. મોક્ષ અને મોક્ષના
ઉપાયો છે. આત્મા કર્મથી બંધાએલ છે, અનાદિકાળનો બંધ
છે છતાં પણ કર્મબંધનો નાશ થાય છે. માટે સાધક ભવ્ય-
જીવોએ પુરૂષાર્થ કરવો જોઇએઃ ષટ્ સ્થાનકના સંબંધે
નવ તત્ત્વનું નામ માત્ર સ્વરૂપ જણાવ્યું. એ નવ તત્ત્વનો
સમાવેશ જીવ તથા અજીવતત્ત્વમાં થાય છે. ષડ્દ્રવ્યનો સ-
માવેશ પણ જીવ તથા અજીવતત્ત્વમાં થાય છે. અજીવ
દ્રવ્યમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્-
ગલાસ્તિકાય અને કાલ એ પંચદ્રવ્ય આવ્યાં છે. તેમાં
પુદ્ગલદ્રવ્ય એજ આત્માના ગુણોનું આચ્છાદન કરે છે,
પુદ્ગલદ્રવ્ય છે તે આત્મદ્રવ્યની સાથે ક્ષીરનીરની પેઠે પરિ-
ણમે છે. બાકીનાં દ્રવ્ય છે તે આત્મદ્રવ્યની સાથે પરિણ-
મતાં નથી. આત્મદ્રવ્યના ગુણ પર્યાયિનો વિઘાત કરનાર
પુદ્ગલદ્રવ્ય છે, પુદ્ગલદ્રવ્યમાં જાતે આવીને આત્માને
લાગવાની શક્તિ નથી, પરંતુ મિથ્યાત્વ અવિરતિકષાય
અને યોગ એ હેતુઓના યોગે પુદ્ગલદ્રવ્યના સ્કંધો આ-
ત્માના પ્રદેશોની સાથે ક્ષીર નીરની પેઠે પરિણમે છે. ષડ્-
દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યતા રહી છે. તેનું વિશેષ
સ્વરૂપ અસ્મદીયકૃત ષડ્દ્રવ્યવિચાર તથા આત્મપ્રકાશ
ગ્રંથમાં દેખાડયું છે તેથી અત્ર વિશેષ વર્ણન કર્યું નથી.
તેનું વળી વિશેષ સ્વરૂપ આગમસાર, નયચક્ર તથા ગુણ
પર્યાયનો રાસ તથા સમ્મતિતર્ક–વિશેષાવશ્યક વિગેરે ગ્રંથો-
માંથી જોઇ લેવું. ષડ્દ્રવ્ય દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય
છે. અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છે. ષડ્દ્રવ્ય-
માંથી ઉપાદેય એક આત્મદ્રવ્ય છે. આત્મદ્રવ્ય તેજ પોતે
. આત્મા અનંત છે તેના સિદ્ધ અને સંસારી
ભેદો છે તેનું વિશેષ સ્વરૂપ–જીવવિ... તથ

ભિગમસૂત્ર, ઉત્તરાધ્યયન, પન્નવણાસૂત્ર વિગેરેથી જાણી લેવું; જે આત્માઓ કર્મક્ષય કરીને મુક્તિમાં ગયા છે, તેવા આત્માઓ અનંત છે. તે સિદ્ધાત્માઓ ધ્યાન કરવા લાયક છે. પૂજ્ય છે, સ્તુત્ય છે. કર્મક્ષય કરવામાં તેમનું જ્ઞાન તથા ધ્યાન પુષ્ટાલંબન છે. આત્મદ્રવ્યનું સાતનય તથા સપ્તભંગીથી જ્ઞાન થતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, બહિરાત્મા અંતરાત્મા અને પરમાત્મા એ આત્મદ્રવ્યના ત્રણ ભેદ કહ્યા છે. તેનું વિશેષ સ્વરૂપ સમાધિશતકમાં અમોએ કર્યું છે તેમજ આત્મસ્વરૂપ નામના ગ્રંથમાં પણ વિશેષતઃ વર્ણન અમોએ કર્યું છે. આત્માને સમ્યગ્ જાણવાથી અધ્યાત્મજ્ઞાન થાય છે. અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ તો મહા પુણ્યયોગે સદ્ગુરૂસંગતિથી થાય છે. અપ્પા સો પરમપ્પા આત્મા તેજ પરમાત્મા છે. એમ અધ્યાત્મજ્ઞાન બતાવે છે. કલિકાલમાં મહાજ્ઞાની શ્રીદેવચંદ્રજી મહારાજે વર્તમાનચોવીશી તથા વિહરમાનની વિશીમાં ષડ્દ્રવ્યોના પૂર્ણ જ્ઞાન સાથે અધ્યાત્મજ્ઞાનનું સ્વરૂપ વર્ણવ્યું છે. દ્રવ્યાનુયોગદ્વારા અધ્યાત્મજ્ઞાન જો પ્રાપ્ત થાય છે તો અધ્યાત્મજ્ઞાની પાછો પડતો નથી. કારણ કે ષડ્દ્રવ્યના જ્ઞાનીને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે અને તે મિથ્યાત્વદશામાં પ્રાયઃ પડતો નથી. સામાન્ય આત્મા છે એમ જ જે જ્ઞાન થાય છે તે જ્ઞાનથી આત્મસાધન બરાબર સધાતું નથી, માટે દ્રવ્યાનુયોગ સહીત અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. શ્રીઆનંદઘનજી મહારાજ કે જે 'સત્તરમાં સૈકામાં અધ્યાત્મજ્ઞાનિમુકુટમણિરૂપ થઇ ગયા છે તેઓએ ચોવીશી તથા બહોતેરીની રચના કરી છે. તેમાં પણ આત્મદ્રવ્યનુંજ મુખ્યતાએ વર્ણન છે અને તેમના રચેલા ગ્રંથથી મનુષ્ય આત્મરૂચિવાળો થઇ શકે છે—આત્મજ્ઞાનની ખુમારીમાં મનુષ્ય બાહ્યજંજાળને ભૂલી જાય છે. અને આત્મજ્ઞાનીને આત્માસ્તિત્વનો નિશ્ચય થવાથી પરભાવરમણતાથી દૂર રહેવાને માટે રૂચિ ઉત્પન્ન થાય છે.

परमारथ पंथ जे कहे, ते रंजे एकतंतरे;
व्यवहारे लख जे रहे, तेहना भेद अनंतरे. धर्म ॥ ६ ॥
व्यवहारे लखे दोहिला, कांइ न आवे हाथरे;
शुद्धनय थायना सेवतां, नवि रहे दुविधा साथरे. धर्म ॥७॥

એ પ્રમાણે નિશ્ચયનય પ્રમાણે તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરી વર્તનનો ઉપદેશ કરનાર શ્રીઆનંદઘનજી મહારાજા નમિનાથના સ્તવનમાં આગમપંચાંગીને માન્ય કરી સર્વ જીવોને ઉપદેશ આપે છે કે, પંચાંગી અનુસારે અધ્યાત્મજ્ઞાન તથા ચારિત્ર અંગીકાર કરો. પંચાગીનો છેદ કરો નહી, એમ કહે છે.

चूरणी भाष्य सूत्र निर्युक्ति, वृत्ति परंपर अनुभवरे;
समय पुरुषना अंग कह्याए, जे छेदे ते दुरभव्यरे. पद् ८

પૂર્વધરકૃત છૂટક પદની વ્યાખ્યા તે ચૂર્ણી; સૂત્રોક્તાર્થને ભાષ્ય કહે છે. ગણધરાદિકૃત સૂત્રવચન માત્રને સૂત્ર કહે છે. પૂર્વધારીકૃત વચનને નિર્યુક્તિ કહે છે. વૃત્તિને ટીકા કહે છે. પરંપર અનુભવ તે ગુરૂસંપ્રદાયથી યથાર્થ સ્મૃતિપૂર્વક જ્ઞાન; એમ એ સિદ્ધાંતરૂપ પુરુષનાં ૭ અંગ છે તે કલ્યાણકારી છે. તે ૭ અંગને જે પ્રાણી છેદે તે દુર્ભવ્ય જાણવો. આ ઉપરથી સુજ્ઞ વિચાર કરશે કે, શ્રીઆનંદઘનજી સૂત્રના અનુસારે ભવભયથી ડરીને અધ્યાત્મ તત્ત્વનું સેવન કરી અનંત સુખ ભોગવનાર હતા. પ્રસંગોપાત અત્ર શ્રીઆનંદઘનજીના વચનોની સમીક્ષા લેશમાત્ર કરી મૂળ અધ્યાત્મજ્ઞાનનું વર્ણન કરૂં છું. અનેક પ્રકારની ઉપાધિયોમાં પણ જો આત્મજ્ઞાન થયું હોય, તો મનુષ્ય ચંચલ દશાથી વિહ્વળ થતો નથી. આત્મજ્ઞાનની શક્તિથી મનુષ્યો નવાં કર્મ આવતાં રોકી શકે છે. આત્મજ્ઞાની આત્મશ્રદ્ધાથી પુદ્ગલોને રોગરૂપ ગણે છે અને તેથી તે પુદ્ગલના અનેક

મનમાં તથા શરીરમાં મોહ પામતો નથી. આત્મજ્ઞાની શુદ્ધ, પરમાત્મરૂપ પ્રતિબિંબમાં પોતાનું રૂપ દેખી નિર્મલ કરે છે. આત્મજ્ઞાની પોતાના અસંખ્યાત પ્રદેશમાં દૃષ્ટિ વાળી એવી સ્થિરતા ભોગવે છે કે તેનું વર્ણન વાણીથી અગોચર છે, બાહ્યદશામાં જીવ અનાદિકાળથી અહં અને મમત્વભાવથી રાચેમાચે છે, તેનું કારણ બહિરાત્મભાવ છે. જ્યાં સુધી આત્મજ્ઞાન પ્રાપ્ત થયું નથી, ત્યાં સુધી બહિરાત્મદશા વર્તે છે. પણ જ્યારે આત્મ જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે સમકિત પામવાથી જીવ અંતરાત્મા કહેવાય છે. અન્તરાત્માને અધ્યાત્મજ્ઞાની કહેવામાં કોઇ જાતનો બાધ આવતો નથી. કારણ કે, પોતાના આત્માને જે સમ્યક્ જાણે છે તેજ અધ્યાત્મજ્ઞાની કહેવાય છે. અધ્યાત્મજ્ઞાન થવાથી ક્રોધ માન માયાં લોભના વેગો શમે છે. આત્મજ્ઞાની પુદ્‌ગલ અને ચૈતન્યનો ભેદજ્ઞાનથી ભેદ પાડે છે. અને તેથી તે જોકે સંસારમાં વર્તે છે તોપણ જલમાં જેમ કમળ ન્યારૂં વર્તે છે તેમ ન્યારો વર્તે છે. જગતમાં પ્રકાશ કરતા સૂર્યના કરતાં પણ આત્મજ્ઞાન વિશેષ પ્રકાશ કરે છે. આત્મજ્ઞાનનો પ્રકાશ અનંત છે. આત્મજ્ઞાનથી મિથ્યાકદાગ્રહો જલ્દી છુટી જાય છે અને આત્મા ચંદ્રની પેઠે અન્ય જીવોને દયાથી શીતલ કરે છે. ચારિત્રાભ્યાસમાં વર્તતાં આત્મજ્ઞાનીને ક્રોધાદિક કષાયો થાય છે તોપણ પોતાના સ્વરૂપનો ઉપયોગ આવતાં ક્રોધાદિકને ત્વરિત ઉપશમાવે છે. આત્મજ્ઞાની માયાના પ્રદેશની લીલાને ઝાંઝવાના જલની પેઠે જૂઠ જાણી સત્યસ્વરૂપમાંજ મગ્ન રહે છે. આત્મજ્ઞાનની શક્તિ સકલકર્માવરણને નાશ કરે છે. કહ્યું છે કેઃ—

ज्ञानी श्वासोश्वासमां, करे कर्मनो खेह;
पूर्वकोडी वर्षा लगे, अज्ञाने रहे तेह.

દ્રવ્યાનુ યોગ પૂર્વક આત્મજ્ઞાન મેળવે ત્યારે સાધુપણું લેખે થાય છે. શ્રી આનંદઘનજી મહારાજા કહેછે કેઃ—

आतमज्ञानी श्रमण कहावे, बीजा तो द्रव्य लिंगीरे;
वस्तुगते जे वस्तु प्रकाशे, आनंदघन मतिसंगीरे. वासुपूज्य॥

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય દ્રવ્યગુણપર્યાયના રાસમાં કહે છે કેઃ—

एहनो जेणे पाम्यो त्याग, ओघे एहनो जेने राग;
ए बे विण त्रीजो नहि साध, भाष्यो सम्मति अर्थ अगाध॥

દ્રવ્યાનુયોગજ્ઞાની સર્વગીતાર્થમાં શ્રેષ્ઠગીતાર્થ છે. દ્રવ્યાનુયોગદ્વારા આત્મધ્યાન કરતાં અનંત ભવનાં કરેલાં કર્મનો ક્ષય પણ થઇ જાય છે. શ્રી મણિચંદ્રજીએ આત્માની નવધા ભક્તિ ક્રિયા બતાવી છે તે સંબંધી અમોએ વિવેચન કર્યું છે, તેમાં પણ આત્માજ સેવ્ય છે. આત્માના સ્વભાવમાંજ રમણતા કરવી બતાવી છે. આત્મસ્વભાવરમણતાથી આત્મા તે પરમાત્મા થાય છે. આત્મજ્ઞાનવિના આત્મરમણતારૂપ ચારિત્ર પ્રાપ્ત થતું નથી. અધ્યાત્મજ્ઞાનથી અંતઃક્રિયાની પ્રાપ્તિ થાય છે અને તેથી આત્મા સુખસાગરમાં મગ્ન થઇ રહે છે. શ્રીઉપાધ્યાયજી પણ અધ્યાત્મજ્ઞાનથી થતી અંતઃક્રિયાની મહત્તા બતાવે છે કેઃ—

बाह्य क्रिया छे बाहिर योग, अंतरक्रिया द्रव्य अनुयोग;
बाह्यहीन पणाज्ञान विशाल, भलो कह्यो मुनि उपदेशमाल॥१॥

અંતરક્રિયાથી સકલ કર્મનો ક્ષય થઇજાય છે. મનના વિકલ્પ સંકલ્પ વાર્યા વિના અંતર્ક્રિયા થઇ શકતી નથી. બાહ્યક્રિયા કરતાં પણ અંતર્ક્રિયા અનંતગુણી બળવાન્ છે. શ્રી વિજયલક્ષ્મીસૂરિ પણ કહે છે કે—

ध्यानक्रिया मनमां आणीजे, धर्मशुकल ध्याइजेरे;
आर्तरौद्रनां कारणकिरिया, पच्चविशने वारीजेरे. ध्यान ॥

વળી શ્રી ઉપાધ્યાયજી કહે છેકે—

द्रव्यादिक चिंताए सार, शुकलध्यानपण लहिये पार;
तेमाटे एहिज आदरो, सद्गुरुविण मतभूला फरो;

તથા શ્રી ઉપાધ્યાયજી કહે છે કે—

ज्यांलगे आतमद्रव्यनुं, लक्षण नवी जाण्युं;
त्यांलगे गुणठाणुं भलुं, केम आवे ताण्युं.
— आतमतत्त्वविचारीए.

कष्ट करो संजम धरो, गाळो निजदेह;
ज्ञानदशावण जीवने, नहिदुःखनो छेहः आतम ॥१॥

हुं एहनो ए माहरो—ए हुं एणी बुद्धिः;
चेतन जडता अनुभवे, न विमासे शुद्धिःआतम ॥२॥

અધ્યાત્મ વણ જે ક્રિયા—તે તનુમલ તોલે ઇત્યાદિ વચનો ભવ્યજીવોને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રેરે છે—નયભંગ અને પ્રમાણથી આત્મજ્ઞાન થતાં પોતાનું સ્વરૂપ જાણી આત્મા અત્યાનંદને પામે છે. અને પોતાનો પોતે વિચાર કરે છે કે—

अहमिको खलु सुद्धो. निम्ममओ नाणदंसण समग्गो,
तम्मि दिठिओ तच्चित्तो, सव्वे एए खयं नेमिः

ભાવાર્થઃ—હું એક આત્મદ્રવ્ય છું. પરપુદ્ગલ દ્રવ્યથી ન્યારો છું. નિશ્ચયનયે શુદ્ધ છું. અજ્ઞાનમળથી ન્યારો છું નિ- નિર્મલ છું. મમતા રહીત છું. જ્ઞાનદર્શન પરિપૂર્ણ છું. હું મારા જ્ઞાનસ્વભાવ સહીત છું. હું મારા ગુણપર્યાયસ્વરૂપમાં રહ્યો છું, ચેતનાગુણ તે મારી સત્તા છે. હું મારા શુદ્ધ આત્મસ્વરૂપને ધ્યાવતો કર્મનો ક્ષય કરીશ. આત્મપ્રદેશોમાં અનંતગુણ પર્યાયની રૂદ્ધિ ભરી છે. અનંતગુણપર્યાયની રૂદ્ધિને પ્રકટ કરવી તેજ 'સંવરરૂપ ચારિત્ર જાણવું'-પંચશતી નામનો અમારો બનાવેલો ગ્રંથ છે તેમાં કહ્યું છે કે.

दुहा—तिरोभाव निजरुद्धिनो, आविर्भावप्रकाश;
परमातमपद ते कह्युं, ते पदनो हुं दास. ॥ १ ॥

आतमज्ञानी श्रमण कहावे, वीजा तो द्रव्य लिंगीरे;
वस्तुगते जे वस्तु प्रकाशे, आनंदघन मतिसंगीरे. वासुपूज्य॥

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય દ્રવ્યગુણપર્યાયના રાસમાં કહે છે કેઃ—

एहनो जेणे पाम्यो त्याग, ओघे एहनो जेने राग;
ए वे वण त्रीजो नहि साध, भाष्यो सम्मति अर्थ अगाध॥

દ્રવ્યાનુયોગજ્ઞાની સર્વગીતાર્થમાં શ્રેષ્ઠગીતાર્થ છે. દ્રવ્યાનુયોગદ્વારા આત્મધ્યાન કરતાં અનંત ભવનાં કરેલાં કર્મનો ક્ષય પણ થઇ જાય છે. શ્રી મણિચંદ્રજીએ આત્માની નવધા ભક્તિ ક્રિયા બતાવી છે તે સંબંધી અમોએ વિવેચન કર્યું છે, તેમાં પણ આત્માજ સેવ્ય છે. આત્માના સ્વભાવમાંજ રમણુતા કરવી બતાવી છે. આત્મસ્વભાવરમણુતાથી આત્મા તે પરમાત્મા થાય છે. આત્મજ્ઞાનવિના આત્મરમણુતારૂપ ચારિત્ર પ્રાપ્ત થતું નથી. અધ્યાત્મજ્ઞાનથી અંતઃક્રિયાની પ્રાપ્તિ થાય છે અને તેથી આત્મા સુખસાગરમાં મગ્ન થઇ રહે છે. શ્રીઉપાધ્યાયજી પણ અધ્યાત્મજ્ઞાનથી થતી અંતઃક્રિયાની મહત્તા બતાવે છે કેઃ—

बाह्य क्रिया छे वाहिर योग, अंतरक्रिया द्रव्य अनुयोग;
बाह्यहीन पणाज्ञान विशाल, भलो कह्यो मुनि उपदेशमाल॥१॥

અંતરક્રિયાથી સકલ કર્મનો ક્ષય થઇજાય છે. મનના વિકલ્પ સંકલ્પ વાર્યા વિના અંતર્ક્રિયા થઇ શકતી નથી. બાહ્યક્રિયા કરતાં પણ અંતર્ક્રિયા અનંતગુણી બળવાન્ છે. શ્રી વિજયલક્ષ્મીસૂરિ પણ કહે છે કે—

ध्यानक्रिया मनमां आणीजे, धर्मशुकल ध्याइजेरे;
आर्तरौद्रनां कारणकिरिया, पच्चविशने वारीजेरे. ध्यान॥

વળી શ્રી ઉપાધ્યાયજી કહે છેકે—

द्रव्यादिक चिंताए सार, शुकलध्यानपण लहिये पार;
तेमाटे एहिज आदरो, सद्गुरुवण मतभूला फरो;

તથા શ્રી ઉપાધ્યાયજી કહે છે કે—

ज्यांलगे आतमद्रव्यनुं, लक्षण नवी जाण्युं;
त्यांलगे गुणठाणुं भलुं, केम आवे ताण्युं.
... आतमतत्त्वविचारीए.

कष्ट करो संजम धरो, गाळो निजदेह;
ज्ञानदशावण जीवने, नहिदुःखनो छेहः आतम ॥१॥

हुं एहनो ए माहरो–ए हुं एणी बुद्धि;
चेतन जडता अनुभवे, न विमासे शुद्धिःआतम ॥२॥

અધ્યાત્મ વણુ જે ક્રિયા—તે તનુમલ તોલે ઇત્યાદિ વચનો ભવ્યજીવોને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રેરે છે-નયભંગ અને પ્રમાણથી આત્મજ્ઞાન થતાં પોતાનું સ્વરૂપ જાણી આત્મા અત્યાનંદને પામે છે. અને પોતાનો પોતે વિચાર કરે છે કે—

अहमिक्को खलु सुद्धो. निम्ममओ नाणदंसण समग्गो,
तम्मि दिढिओ तच्चित्तो, सव्वे एए खयं नेमिः

ભાવાર્થઃ-હું એક આત્મદ્રવ્ય છું. પરપુદ્ગલ દ્રવ્યથી ન્યારો છું. નિશ્ચયનયે શુદ્ધ છું. અજ્ઞાનમળથી ન્યારો છું નિ-નિર્મલ છું. મમતા રહીત છું. જ્ઞાનદર્શન પરિપૂર્ણ છું. હું મારા જ્ઞાનસ્વભાવ સહીત છું. હું મારા ગુણપર્યાયસ્વરૂપમાં રહ્યોછું, ચેતનાગુણ તે મારી સત્તા છે. હું મારા શુદ્ધ આત્મસ્વરૂપને ધ્યાવતો કર્મનો ક્ષય કરીશ. આત્મપ્રદેશોમાં અનંતગુણ પર્યાયની રૂદ્ધિ ભરી છે. અનંતગુણપર્યાયની રૂદ્ધિને પ્રકટ કરવી તેજ 'સંવરરૂપ ચારિત્ર જાણવું'-પંચશતી નામનો અમારો બનાવેલો ગ્રંથ છે તેમાં કહ્યું છે કે.

दुहा–तिरोभाव निजरुद्धिनो, आविर्भावप्रकाश;
परमातमपद ते कह्युं, ते पदनो हुं दास. ॥ १ ॥

આત્મશકિત અનંતિ છે. પણ તેના ઉપર કર્મનાં આવરણ આવી ગયાં છે-તે કર્મરૂપ આવરણ પોતાની મેળે કંઇ નાશ પામતાં નથી. જેમ કોઈ વસ્ત્ર ઉપર મલીનતા ચઢી હોય તો તે કંઇ પોતાની મેળે નાશ પામતી નથી. તેમ આવરણ પણ પોતાની મેળે કંઇ નાશ પામતાં નથી. વસ્ત્રને ધોવાથી નિર્મલ થાય છે. તેમ આત્માને પણ કર્મ લાગ્યું છે તેનું કારણ રાગ અને દ્વેષ છે માટે રાગ અને દ્વેષનો નાશ કરવા સ્વસ્વભાવરૂપચારિત્ર અંગીકાર કર્યાવિના કર્મ નાશ પામતું નથી. વ્યવહારથી શ્રાવકનાં બારવ્રત અને સાધુનાં પંચમહાવ્રત અંગીકાર કરવાથી કર્મ નાશ પામે છે. અથવા નવપદનું આચરણ કરવાથી કર્મનો નાશ થાય છે-કર્મ નાશ પામવાનાં ઘણાં કારણો છે પણ તેમાં જ્ઞાનદર્શનચારિત્ર મુખ્ય છે; શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-- **જ્ઞાનદર્શનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ** આત્મા પોતે પોતાને જાણે છે અને પોતે પોતાને તારી શકે છે. આત્મજ્ઞાનવિના ઉદ્યમ સફલ થતો નથી માટે સમ્યક્ચારિત્રમાર્ગ ગ્રહણ કરી ગાડરીયાપ્રવાહથી દૂર રહેવું જોઇએ. તે સંબંધી શ્રીદેવચંદ્રજી ચંદ્રાનન પ્રભુના સ્તવનમાં હૃદયોદ્ગારની ગંભીર વીણા વગાડીને કહે છે કે. જેમ--

चंद्राननजिन, सांभळीए अरदासरे;
मुजसेवक भणी, छे प्रभुनो विश्वासरेः चंद्रानन॥ १ ॥
भरतक्षेत्र मानवपणोरे, लाधो दुःसमकाळ;
जिन पुरवधर विरहथीरे, दुलहो साधन चालोरे-चंद्रानन॥२॥
द्रव्यक्रिया रुचिजीवडारे, भावधर्म रुचिहीन;
उपदेशकपण तेहवारे, शुं करे जीव नवीनरे. चंद्रानन॥ ३ ॥
तत्त्वागम जाणग तजीरे, बहुजन संमत जेह;
मूढ हठी जन आदर्योरे, सुगुरु कहावे तेहरे. चंद्रानन॥ ४ ॥
आणा साध्यविना क्रियारे, लोके मान्योरे धर्म;

दंसण नाण चारित्रनोरे, मूळ न जाण्यो मर्मरे. चंद्रानन ॥५॥
गच्छ कदाग्रह साचवेरे, माने धर्म मसिद्ध;
आतमगुण अकषायतारे, धर्म न जाणे शुद्धरे. चंद्रानन॥ ६ ॥
तत्त्वरासिक जन थोडलारे, बहुलो जन संवाद;
जाणोछो जिनराजजीरे, सघळो एह विवादोरे. चंद्रानन॥७॥
नाथ चरणवंदन तणोरे, मनमां घणो उमंग; .
पुण्यविना केम पामियेरे, मभुसेवननो संगरे. चंद्रानन ॥८॥
जगतारक मभु वांदीएरे, महाविदेह मझार;
वस्तु धर्म स्याद्वादतारे, सुणि करीए निर्धाररे.चंद्रानन ॥९॥
तुज करुणा सहु उपररे, सरखी छे महाराय;
पण अविराधक जीवनेरे, कारण सफलो थायरे.चंद्रानन १०
एहवा पण भविजीवनेरे, देवभक्ति आधार;
मभु समरणथी पामियेरे, देवचंद्र पद साररे. चंद्रानन. ११

આસ્તવનમાં સ્યાદ્વાદધર્મપુરઃસર ચારિત્રને ધારવાથી કર્મકલંક નાશ પામે છે એમ જણાવ્યું છે. આત્મધર્મની સેવના અનંત સુખને અર્પનારી છે. કેટલાક લોકો જિનોક્તકથિત આત્મધર્મનું યથાર્થ સ્વરૂપ સમજવાને અશક્ત છે. તેઓ પ્રભુનાં વચનોની ખૂબી તથા કેવલીપ્રભુનાં અનંત જ્ઞાનની વાનગી ચાખી શકતા નથી. અધ્યાત્મજ્ઞાનરસીકો. આત્માના અનંતસુખનો દેહ છતાં પણ અનુભવ કરીશકે છે. શરીરમાં રહેલો આત્મા ત્રણ ભુવનનો ધણી છે એની અચિંત્ય શક્તિ છે. પોતાની શક્તિનો સૂર્યની પેઠે પ્રકાશ કરે છે. સૂર્ય જેમ વાદળાંને ચીરી નાંખી પોતાનો પ્રકાશ બહિર દેકે છે. તેમ આત્મા પણ કર્મરૂપ વાદળાંનું આવરણ ચીરીનાંખી પોતાની અનંતશક્તિનો પ્રકાશ કરે છે. આત્માની શ્રદ્ધા અને આત્મપ્રયત્ન એ બેથી આત્મા-

નિર્મલ સહજાનંદી થઇ શકે છે. આત્માથી સર્વ કાર્ય થઈ શકે છે. આત્માની શક્તિ પુદ્ગલમાં ભળવાથી પુદ્ગલભાવની કરનારી થાય છે. અને તેવીજ રીતે આત્મશક્તિ પોતાના સ્વરૂપમાં વળતાં આત્માના અનંતગુણને નિર્મલ કરનારી થાય છે–જેમ જેમ આત્મા પોતાના સ્વરૂપમાં વળે છે, તેમ તેમ અનંત પુદ્ગલસ્કંધોથી છૂટો થતો જાય છે. સ્વસ્વરૂપ સન્મુખ થએલી ચેતના અનંત સુખાદિ ગુણોની કરનારી થાય છે. જ્યાં સુધી લખ્યાપ્રમાણે આ વિષયનો અનુભવ કર્યો નથી અને તે બાબતના પ્રયત્નમાં જોડાયો નથી, ત્યાંસુધી તેને આત્માની કહેલી સર્વબાબતો લુખી લુખી લાગશે અને આત્માની શક્તિયો ઉપર વિશ્વાસ ખરેખરા અંતઃકરણથી બેસશે નહીં. પણ જ્યારે પ્રથમ આત્મજ્ઞાન વિષયનો શ્રદ્ધાળુ થઇને તે સંબંધી પ્રયત્ન કરશે, તો તેને કંઇ અનુભવ આવતાં આત્મસુખમાં રંગાશે. જેમ પ્રથમ કૂપ ખોદતાં ધૂળ કાઢવી પડે છે, પરસેવો વળે છે તાપ લાગે છે, તેમજ થાક લાગે છે.–એક બે હાથ ખોદ્યું કે કંઇ પાણીના લોટા ભરાતા નથી. પણ પાણી નીકળશે એવી શ્રદ્ધા રાખી દરરોજ કૂવો ખોદવો પડે છે. એમ કેટલાક દીવસ પ્રયત્ન કર્યાબાદ ભેજ વાળી મટોડી આવે છે ત્યારે ખાત્રી થાય છે કે હવે થોડા વખતમાં પાણી નીકળશે. ખૂબ મહેનતથી જોસભેર ખોદતાં પાણી નીકળે છે. પછે ઝરણાં ફુટે છે. કૂવો પાણીથી ભરાઇ જાય છે ત્યારે સ્નાન વિગેરેથી આત્મા શાંત થાય છે. જલપાનથી તૃષાની નિવૃત્તિ થાય છે. અને ક્ષેત્રનો પાક પણ પાકે છે. તેમજ આત્મજ્ઞાનની વાત કરી એટલે કંઇ સિદ્ધોની પેઠે આત્માના સુખોનો સાક્ષાત્કાર થતો નથી. પણ પ્રતિદિન આત્મજ્ઞાનવંતની સંગતિ કરવી જોઇએ. નયપ્રમાણથી જડ અને ચેતનને ભિન્ન ભિન્ન કરી સૂક્ષ્મજ્ઞાન કરવું જોઇએ. પશ્ચાત્ ચેતનને પરભાવરમણતાની ટેવમાં વારતાં ચિત્તની સ્થિરતા થાયછે. મન

નિષ્ફળ અવસ્થાવાળું કરવું. એમ મનની સ્થિરતા કરતાં રાગદ્વેષનો પરિણામ નાશપામે છે ત્યારે અપ્રમત્તદશામાં આત્માના સુખનો અનુભવ આવે છે, ત્યારે આત્મશકિત તથા આત્માનંદનો વિશ્વાસ વધતો જાય છે અને જડમાં સુખની બુદ્ધિનો સર્વથા નાશ થાય છે પશ્ચાત્ આત્મા શુકલ ધ્યાનનો ધ્યાતા થઈ સકલકર્મ ક્ષય કરી સિદ્ધ બુદ્ધ પરમાત્મા બને છે. ભવ્યો! આ ઉપરથી તમને કંઇક ખ્યાલમાં તો આવશે કે, પ્રત્યેક વસ્તુની સિદ્ધિ કંઇ તત્કાલ થઈ શકતી નથી સમતાનાં ફળ મીઠાં. કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીંપે ટીંપે સરોવર ભરાય. પ્રતિદિન ઉત્સાહ શકિતથી આત્મસિદ્ધિમાં મંડયા રહેવાથી આત્માના નિત્યસુખનો અનુભવ થશે. નક્કી થશે. હિંમત હારશો નહિ. પૂર્ણ શ્રદ્ધા ઉત્સાહથી આત્મશકિતયોનો પ્રકાશ કરવા પ્રયત્ન કરો, આકળા-અધીરા થશો નહીં; રોટલી પણ ઉતાવળથી બનાવવામાં આવે તો બગડી જાય છે. અક્ષર પણ ઉતાવળથી લખવામાં આવે છે તો બરાબર સારા આવતા નથી. માટે આત્મજ્ઞાન તથા આત્મશકિતઓની પ્રાપ્તિ માટે ઉત્સાહ અને અડગ શ્રદ્ધાથી કાર્યની પૂર્ણતા પર્યંત ઉદ્યમ કરશો. શાળામાં કક્કો ભણવા માંડયો કે તુરત બી. એ. વા એમ. એ. ની ડીગ્રીની પરીક્ષા અપાતી નથી. બાહ્ય વિદ્યામાં પણ ઘણા વર્ષ સુધી પ્રયત્ન સેવવો પડે છે તો અધ્યાત્મજ્ઞાન તથા અધ્યાત્મસુખને માટે તો તેથી પણ ઘણાં વર્ષ લાગે. એમાં કંઇ નવાઇ જેવું નથી. શ્રી વીરપ્રભુને સાધુ અવસ્થામાં પણ બાર વર્ષ સુધી આત્મશકિતયોને ક્ષાયિકભાવે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો પડયો હતો. એક આંબાને વાવીએ છીએ તોપણ ઘણાં વર્ષ કેરી ચાખતાં લાગે છે, તો આ આત્મજ્ઞાનસુખને પ્રાપ્ત કરતાં વખતનો ભોગ આપવો પડે ત્યારે જ કર્મરૂપ શત્રુને છેદી આત્માની અનંત લક્ષ્મીની પ્રાપ્તિ કરી શકાય. અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ

માટે પ્રથમતો સદ્દગુરૂની વિનયપૂર્વક પર્યુપાસના કરવી જોઇએ. શ્રદ્ધાભક્તિથી સદ્દગુરૂની સેવા કરતાં અધ્યાત્મજ્ઞાનની વહેલી પ્રાપ્તિ થાય છે. વિશેષ ભાર દેઇને કહેવું પડે છે કે સદ્દગુરૂની શ્રદ્ધાભક્તિથી અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની યોગ્યતા આવે છે. આત્માની અનંત શક્તિઓ સત્પણે છે. તેને પ્રકટ કરનાર આત્મા છે, પોતાની વસ્તુ પોતે મેળવે એમાં કંઇ આશ્ચર્ય નથી. દીલગીરીની વાત એ છે કે આત્માની અનંતિ રૂદ્ધિ પોતાની પાસે ભરેલી છે, તે રૂદ્ધિથી આત્માને જરામાત્ર પણ છેટું નથી, તોપણ અજ્ઞાનથી જીવ સમજી શકતો નથી. અને પુદ્દગલવસ્તુને રૂદ્ધિ માનીને તેમાં ભ્રમિત થઇ મોહ પામે છે. જેમ કોઇ મનુષ્ય નદીમાં પડી બુમ મારે કે હું તૃષાતુર છું મને કોઇ પાણી પાઓ તથા કોઇ પકવાન્નની પાસે બેસી કહે કે અરે હું ભુખે મરૂં છું, તથા જેમ કસ્તુરીમૃગ પોતાની નાભિમાં કસ્તુરી છે, અને તેની સુગંધ પોતાને આવે છે તેથી આખા વગડામાં આડોઅવળો દોડે છે, તેમ જીવ પણ પોતાની પાસે અનંતિ રિદ્ધિશક્તિ છતાં પુદ્દગલપ્રદેશમાં ભ્રાંતિથી દોડે છે. તે સંબંધીનું શ્રી આનંદઘનજી શ્રી પન્નરમા ધર્મનાથના સ્તવનમાં કહે છે કે:—

परम निधान प्रगट मुख आगळे, जगत ओलंघी हो जाय; जिनेश्वर.
ज्योतिविना जुओ जगदीशनी, अंधोअंध पुलाय.
जिनेश्वर. धर्म ॥ १ ॥

પોતાના આત્માની સન્મુખ જ્ઞાન દર્શન ચારિત્રરૂપ પરમનિધાન છે, પણ જગતના જીવો તેને જાણી શકતા નથી. સૂર્યવિના જેમ અંધારૂં. તેમ આત્મજ્ઞાનવિના આત્માની અનંતિરૂદ્ધિ જણાતી નથી. શ્રી આનંદઘનજી-અંતરચક્ષુ ઉઘાડવાનો ઉપાય બતાવી પોતાની રૂદ્ધિનું ભાન કરાવે છે કે જેમ:—

प्रवचन अंजन जो सद्गुरु करे, देखे परमनिधान; जिनेश्वर-
हृदयनयण निहाळे जगधणी, महिमा मेरु समान. जिनेश्वर.

આ પ્રમાણે આત્માની ઋદ્ધિની પ્રગટતા કરવા જે ભવ્યો પ્રયત્ન કરે છે તે પોતાની ઋદ્ધિને પ્રાપ્ત કરે છે, અનંતા જીવોએ પોતાની ઋદ્ધિને પ્રાપ્ત કરી. આત્મજ્ઞાનથી સત્યવિવેકી પુરૂષોએ આત્માની પરમાત્મદશાનો પૂર્ણ નિશ્ચય કરેલો છે અને તેવા આત્મજ્ઞાનિઓ પરમાત્માની સ્તુતિ કરીને પોતાના આત્માની શુદ્ધ પરિણતિને પ્રગટ કરે છે. જેમ શ્રી દેવચંદ્રજી મહારાજાએ સિમંધરજિનસ્તવનમાં પરમાત્માની દશાની સ્તુતિ અને તેની સાથે પોતાના આત્માની પરિણતિની શુદ્ધિ કરેલી છે, તે અપ્રગટ હોવાથી અત્ર પ્રગટ કરી દેખાડીએ છીએ—

सीमंधरस्तवनम्.

प्रभु नाथ तुं त्रियलोकनो, प्रत्यक्ष त्रिभुवन भाण;
सर्वज्ञ सर्व दर्शी तुमे, प्रभु शुद्ध सुखनी खाण.
जिनजी वीनति छे एह ॥ १ ॥
प्रभु जीव जीवन भव्यना, प्रभु मुज जीवन प्राण;
ताहरे दर्शणे सुख लहुं, तुंहिज गति स्थिति जाण. जिनजी ।२।
तुज विना हुं चिहु गति भम्यो, धर्या वेष अनेक;
निजभाव ने परभावनो जाण्यो नही सुविवेक. जिनजी ॥३॥
धन्य तेह जे नित्य प्रहसमे, देखे श्री जिनमुख चंद;
प्रभुवाणी अमृतरस लही, पामे ते परमानंद. जिनजी ॥४॥
एकवचन श्री जिनराजनो, नयगम भंग प्रधान;
जे सुणे रुचिथी ते लहे, निजतत्त्व ऋद्धिअमान. जिनजी ॥५॥
जे क्षेत्र विचरो नाथजी, ते क्षेत्र अति सुपसथ्य;
तुज विरहे जे क्षण जाय छे, ते मानीये अकयथ्य. जिनजी ॥६॥
श्री वीतराग दर्शन विना, वीत्यो जे काल अतीत;

ते अफल मिच्छा दुक्कडं, तिविहं तिविहनी रीत; जिनजी ॥७॥
प्रभु वात मुज मननी सहु, जाणो ज छो जगनाथ;
स्थिरभावे जो तुमचो लहु, तो मिले शिवपुर साथ. जिनजी॥८॥
प्रभु मिले हुं स्थिरता लहुं, तुजविरहे चंचलभाव;
एकवार जो तन्मय रमुं, तो करु अचलस्वभाव. जिनजी॥९॥
प्रभु छो क्षेत्र विदेहमां, हुं रहुं भरत मजार;
तोपण प्रभुना गुणाविषे, राखुं स्वचेतन सार. जिनजी॥१०॥
जो क्षेत्रभेद टळे प्रभु, तो सरे सघळां काज;
सन्मुखे भाव अभेदता, करी वरु आतमराज. जिनजी ११
परपुंठे इहा जेहनी, एवडी जे छे स्वाम;
हाजर हजुरी ते मळे, निपजे ते केटलो काम; जिनजी ।१२।
हुं इंद्र चंद्र नरेन्द्रनो, पद न मागुं तिल मात्र;
मागुं प्रभु मुज मन थकी, न वीसरो क्षण मात्र. जिनजी. १३
ज्यां पूर्ण शुद्ध स्वभावनी, नवि करी शकुं निज ऋद्धि;
तिहां चरणशरण तुम्हारडा, एहिज मुज नवनिधि. जिनजी. १४
माहरी पूर्व विराधना, योगे पड्यो ए भेद;
पण वस्तु धर्म विचारतां, तुज मुज नहि छे भेद. जिनजी. १५
प्रभु ध्यान रंग अभेदथी, करु आतमभाव अभेद;
छेदी विभाव अनादिनो, अनुभवुं स्वसंवेद्य. जिनजी. १६
विनवुं अनुभव मित्रने, तुं न करीश पररसचाह;
शुद्धात्मरस रंगी थइ, कर पूर्ण शक्ति अवाह. जिनजी. १७
जिनराज सीमंधर प्रभु, ते मळ्यो कारण शुद्ध;
हवे आत्मऋद्धि निपाववा, शी ढील करीए बुद्ध. जिनजी. १८
कारणे कार्य सिद्धिनो, करवो घटे न विलंब;
साधवी पूर्णानंदता, निजकर्तृता अवलंब. जिनजी. १९
निजशक्ति प्रभुगुणमयी रमे, ते करे पूर्णानन्द;

गुण गुणी भाव अभेदथी, पिजीए शम मकरंद. जिनजी. २०
प्रभु सिद्ध बुद्ध महोदयी, ध्याने थइ लयलीन;
निज देवचंद्र पद ते लहे, नित्यात्म सुखरस पीन. जिनजी. २१

આ પ્રમાણે શ્રી દેવચંદ્રજી પ્રભુની ભક્તિ કરી અધ્યાત્મસુખમાં લીન થઇ ભવ્ય જીવોને આત્મા ને પરમાત્માની સ્થિતિ બતાવે છે. શ્રી આનંદઘનજી તથા શ્રી ચિદાનંદજી તથા શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે અધ્યાત્મપદોમાં અનુભવના આવેશથી આત્માની ઉચ્ચદશાનું ગાન કર્યું છે. તેમજ શ્રી હેમચંદ્રજી પણ યોગશાસ્ત્રમાં આત્મજ્ઞાન ઉપર પોતાની પૂર્ણ પ્રીતિ જણાવીને ભવ્યજીવોને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા ભલામણ કરે છે. શ્રી જ્ઞાનવિમલ સૂરીશ્વરજી તથા શ્રી મણિચંદ્રજીએ પણ આત્મજ્ઞાનાવેશમાં આત્મકીર્તન કરવામાં બાકી રાખી નથી. શ્રી હરિભદ્રસૂરિજી પણ આત્મજ્ઞાનનેજ શ્રેષ્ઠ માને છે. અધ્યાત્મશાસ્ત્ર તથા અધ્યાત્મજ્ઞાનિ પુરૂષોના સંબંધથી આત્મા પોતાના સ્વરૂપને જાણી શકે છે. અધ્યાત્મજ્ઞાનને પચાવવું એ કૃત્ય ઘણું મુશ્કેલ છે. સિંહણનું દૂધ અને કાચા પારાને પચાવવા જેવું અધ્યાત્મજ્ઞાન છે. યોગ્યતા વિનાના પુરૂષો અધ્યાત્મ જ્ઞાની ન થતાં ઉલટા ઉધાત્મ જ્ઞાની બની જાય છે. કહ્યું છે કે, જે પુરૂષોમાં યોગ્યતા આવી નથી તેવા પુરૂષોને અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ આપવો, એ કૃતરાને કપૂરનું ભક્ષણ જેવું છે, અથવા સર્પને દૂધપાન બરોબર છે, સામાન્યતઃ સદ્‌ગુણો જે જે પ્રાપ્ત કરવા જોઇએ તે તે પ્રાપ્ત કરાવ્યા બાદ ગંભીર અને વિનયી દેખાય તે શિષ્યને હળવે હળવે અધ્યાત્મજ્ઞાનની કુંચીઓ આપવી, હળવે હળવે તપાસી તપાસીને અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ આપવો. ગંભીરાદિગુણોની કસોટી કાઢ્યાવિના આત્મજ્ઞાન આપવું નહીં. કેટલાક પુરૂષો અધ્યાત્મજ્ઞાનિયો બનીને પછી શુષ્કજ્ઞાની જેવી

આચરણા આચરે છે તેથી લોકોમાં તે ગ્રાહ્ય થતા નથી લોકોમાં તેવા શુષ્કજ્ઞાનિયોની નિંદા થાય છે, શુદ્ધ આચારને છોડીને જે પુરૂષો અમે તો આત્મજ્ઞાની છીએ, અમારે તો તો કંઇ કરવાનું નથી, એમ કોલાહલ કરે છે, તેઓ હોળીનાં છોકરાંની પેઠે ધર્મની હાંસી કરાવે છે, અને તેથી અધ્યાત્મજ્ઞાની પુરૂષો તરફથી લોકોનો ભાવ ઉતરી જાય છે. તેમજ કેટલાક સ્થૂલબુદ્ધિના લીધે એકાંત બાહ્યક્રિયામાં આસક્ત થઇ અધ્યાત્મજ્ઞાની મુનિવરોની ધ્યાનરૂપ ઉત્તમ ક્રિયાને ઓળખ્યા વિના તેમની નિંદા કરે છે અને અધ્યાત્મજ્ઞાનપ્રતિ પુષ્કળ અરૂચિ દેખાડે છે તેવા ક્રિયાજડો પણ અધ્યાત્મતત્ત્વનો સ્વાદ ચાખી શકતા નથી. અધ્યાત્મજ્ઞાનીની સર્વ ક્રિયા અશુદ્ધપરિણતિનો નાશ કરવા માટે હોય છે, અધ્યાત્મજ્ઞાનીને આશ્રવના હેતુઓ પણ સંવર રૂપે પરિણમે છે અને અજ્ઞાનીને સંવરના હેતુઓ પણ આશ્રવરૂપે પરિણમે છે. અજ્ઞાની જે જે હેતુઓથી બંધાય છે, તેતે હેતુઓથી અધ્યાત્મજ્ઞાની છૂટી શકે છે. જેમ સમુદ્રની અંદર એક જાતનું માછલું થાય છે તે મીઠું પાણી પીએ છે તેમ આત્મજ્ઞાની પણ સંસારરૂપ સમુદ્રની અંદર રહીને પણ બ્રહ્મામૃતનું પાન કરે છે, અધ્યાત્મજ્ઞાની નિર્વિકલ્પદશામાં અનહદ આનંદ ભોગવે છે. અને તે પ્રસંગે તેને મૃત્યુનો અધ્યાસ છૂટી જાય છે—જુઓ.

अवधू अमरभए न मरेंगे, विसरगए दुविधा तनमनकी;
क्युंकर देह धरेंगे. अव ॥ १ ॥

अकलकला जगजीवन तेरी, अंत उदधिथी अनंतगुणोतेरी;
ज्ञान सहा जसु बुद्धि ज्युं मेरी. अकल. ॥ २ ॥

नय अरूभंग निक्षेप विचारत, पूरवधर थाके गुणहेरी;
विकल्प करत थाग नहीं पाए, निर्विकल्पते होत भयेरी. अकल ३.

આત્માની નિર્વિકલ્પ દશાની ખુમારી જુદાજ પ્રકારની વર્તે છે, કબીર પણ કહે છે કે—

है कोई ऐसा मुरसदमुल्ला, एकमें खुदा बतावेगा;
लाख चोराशी फिरा मटाकर, जन्म मरणकुं तोडेगा. है॥१॥
पंचभूतका दरगाभितर, दल तकीया बिछावेगा;
उसकी उपर मुजे बेगकर, भिस्मल्ला कल्मा पढावेगा.
है कोइ. ॥ २ ॥
महिम् महिमुद रसुल्लीदेल्ला, अलफनाम निशा चढावेगा;
मनमकेमें मुजे लेजाकर, नवाजकी मिषाम शिखावेगा.
है कोइ. ॥ ३ ॥
अरसपरस देदार जाहिरा, महि राम मेरा खुलावेगा;
चौदों तबक्काकी उपर ले जाकर; मेरेकुं झुला झुलावेगा.
है कोइ. ॥ ४ ॥
जीव इश्वरका नुक्ता घूटके, ऐसा प्याला पिलावेगा,
मेरा चहेरा मुजे बताकर, नूर नबीसे मिलावेगा.

ઇત્યાદિ વાક્ય પણ આત્મજ્ઞાનના સુખને માટે પ્રેરે છે, કબીર વિગેરે જો કે સ્યાદ્વાદ જ્ઞાનના જ્ઞાતા નહોતા, તોપણ સાંખ્યતત્વના અનુસારે આત્મલક્ષ ઉપર ઉતર્યા હતા. તેજ દ્રષ્ટાંત આપણે અત્ર જણાવવાનું છે. શ્રી સર્વજ્ઞનાં વચન આગળ બીજાનું શું દ્રષ્ટાંત આપવું. ? તે વાચક વિચારી લેશે આત્માની આનંદ ખુમારીને જેણે ભોગવી છે તેજ તેને જાણી શકે છે. શ્રી આનંદઘનજી કહે છે કે—

मनसा प्याला प्रेम मशाला, ब्रह्म अग्नि परजाली;
तनभाठी अवटाइ पीए कस, जागे अनुभव लाली. आशा.॥३॥
अनुभव प्याला पीयो मतवाला, चिन्ही अध्यातम वासा;
आनंदघन चेतन व्हें खेले, देखे लोक तमासा;
आशा औरनकी क्या कीजे.

તથા શ્રી ચિદાનંદજી પણ કહે છે કે—

अवधु पीयो अनुभवरस प्याला, कहत प्रेम मतिवाला;
अवधु. ॥ १ ॥
नख शिख रहत खुमारी जाकी, सजलसघन घनजैसी;
जिणए प्याला पीया तिणकुं, और केफराति कैसी. अवधु ॥
अमृत होय हलाहल जाकुं, रोग शोग नवि व्यापे;
रहत सदा घमघीन नशामें, बंधन ममता कापे. ॥ अवधु ॥
भाव दया रणथंभ रोपकें, अनहद तुर वजावे;
चिदानंद अतुलीवल राजा, जीत अरिघर आवे. ॥ अवधु ॥

મનની નિષ્ક્રિય અવસ્થાથી સિદ્ધ થએલી નિર્વિકલ્પ દશાનું સુખ વાણીથી અગોચર છે. પ્રાકૃત પુરૂષ જેમ નગરનું રૂપ વર્ણવી શકતો નથી, તેમ જ્ઞાની જીવ પણ નિર્વિકલ્પ દશાનું સુખ વર્ણવી શકતો નથી. અતીન્દ્રીય એવું આત્મિક સુખ છે. તેનો અનુભવ ઇન્દ્રિયો કરી શક્તી નથી. જે યોગીની પાસે કોઇ પણ જાતનું વસ્ત્ર નથી, ખાવાની પરવા નથી, બે ચક્ષુઓ મીંચી દીધી છે, બાહ્યનો કોઇ પણ પદાર્થ દેખી શકતો નથી, કોઇ પણ મનુષ્યને દેખી શકતો નથી, બાહ્ય વિષયનો વિકલ્પ સંકલ્પ હૃદયમાં ઉઠાડતો નથી, બેસવાનું સ્થાન પણ સારૂં હોતું નથી, તોપણ આત્મજ્ઞાનિ યોગી અખંડ સુખનો આસ્વાદ લેતો અવધૂત દશામાં મ્હાલે છે. બાહ્ય ઇન્દ્રિય વિષય રહિત ફક્ત ઇન્દ્રિયાતીત સુખ તેજ શાશ્વત સુખ છે. તેના ભોગી એવા યોગિયોને રાજા શેઠ કે ઇન્દ્રની પણ પરવા નથી. નિસ્પૃહિનસ્તૃણં જગત્ નિસ્પૃહી પુરૂષને જગત્ તૃણ સમાન છે. જેણે પોતાના આત્મામાં રહેલા સત્ય સુખમાં શ્રદ્ધા ધારી છે તેને ખરેખર નિત્ય આત્મસુખ મળી શકે છે. મનુષ્ય જે જે ઇચ્છે છે

કરવાનો ખરેખર સત્ય પ્રયત્ન આદરવામાં આવે તો અંતે પૂર્ણ સત્ય સુખનો ભોગી તે બની શકે છે. આત્મશ્રદ્ધા અને આત્મબલથી અંતરમાં ઉતરી આત્મસુખનો અનુભવ કરવો, એજ એક કર્તવ્ય છે. સર્વ પ્રકારનાં દુનિયામાં શાસ્ત્ર છે. તેનો ભણતાં ગણતાં પાર આવી શકતો નથી, અને દુનિયાનાં શાસ્ત્રના પ્રોફેસર થવાથી કર્મનો નાશ થતો નથી, તેમ સત્યનિત્ય શાંતિપણ મળતી નથી, અધ્યાત્મ શાસ્ત્રની યોગ્યતા મેળવી તેનો અભ્યાસ કરવાથી સત્યશાંતિ મળે છે. અનેક મહાત્માઓએ અધ્યાત્મજ્ઞાનથી સત્યશાંતિ મેળવી છે, આ પંચમ કાળમાં પંચવિઘ્નનો સંયોગ છતાં પણ અધ્યાત્મ જ્ઞાની સંત પુરૂષો અધ્યાત્મજ્ઞાનથી સત્ય શાન્તિ પ્રાપ્ત કરે છે. આત્મશક્તિ ઉપર વિશ્વાસ રાખી સત્યસુખ મેળવવા પ્રયત્ન કરો, જે જે અંશે પ્રયત્ન કરશો તે તે અંશે તમો મોક્ષના સન્મુખ થઇ શકશો, મોક્ષનાં સુખ આત્મામાંજ છે, આત્મમાંજ અનંતસુખ ભર્યું છે, પંચ પરમેષ્ઠિરૂપ પણ આત્માજ છે. વસ્તુતઃ આત્મા અનામી છે. પણ અનેક નામથી તેને ઓળખવામાં આવે છે, જે જે આકૃતિયો દેખાય છે, તે સર્વ પુદ્ગલના સ્કંધો છે. આત્મા તો પુદ્ગલના સ્કંધથી ન્યારો છે, અરૂપી છે, પોતાના સ્વરૂપે સ્થિર છે. ત્રણ કાલમાં પોતાના સ્વરૂપનો ત્યાગ કરતો નથી; જોકે વ્યવહારનયથી કર્મ સહીત આત્માને જન્મ જરા ને મરણ છે. તોપણ વસ્તુતઃ નિશ્ચયનયથી જોતાં આત્મા જન્મ જરા મૃત્યુ રહીત છે. આત્મામાં અનંત ધર્મ સત્તાએ રહેલા છે. એવો આત્મા કર્માવરણથી પોતાની શક્તિનો લાભ લેઇ શકતો નથી. પણ લાભાંતરાય કર્મનો નાશ થવાથી અનંતગુણપર્યાયનો લાભ આત્માને પ્રાપ્ત થાય છે. તેમજ દાનાંતરાય કર્મનો નાશ થવાથી અનંતદાનગુણનો લાભ પોતે આત્મા પ્રાપ્ત કરે છે, ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મનો નાશ થવાથી આત્મા સ્વાભાવિક અનંત ભોગ તથા ઉપભોગને પ્રાપ્ત કરે છે. તે

મજ, વીર્યાંતરાય કર્મનો નાશ થવાથી અનંત વીર્યગુણનો ભોકતા આત્મા થાય છે, આત્માના અનંતગુણ સત્ છે, તેથી અનંતગુણો અનાદિકાળથી આત્મામાંજ રહેલા છે. **સહભાવિ ગુણાઃ ક્રમભાવિ પર્યાયાઃ** સહભાવી તે ગુણ છે, અને સમયે સમયે જુદી જુદી ગુણની પ્રવૃત્તિ થાય છે તે પર્યાય જાણવા, ગુણપર્યાયનું ભાજન દ્રવ્ય કહેવાય છે. શ્રી યશોવિજયજી કહે છે કે,

गुण पर्याय तणुं जे भाजन, एकरूप त्रिहुं कालेरे;
तेह द्रव्य निजजाति कहीए, जस नहि भेद विचालेरे.

ષટ્ દ્રવ્યોનું આ પ્રમાણે લક્ષણ જાણીને છ દ્રવ્યમાં એક આત્માજ ઉપાદેય જાણવો. કારણ કે સર્વ દ્રવ્યનો પ્રકાશ કરનાર અને દર્શનચારિત્ર સુખાદિગુણોનો આધાર આત્મા છે. આત્મા વિના બાકી પાંચ દ્રવ્ય તે આમાત્થી ભિન્ન છે, માટે આત્માને વિચારવું જોઇએ કે, પરદ્રવ્યમાં અહંમમત્વભાવ કરવો તે યુક્તિયુક્ત નથી; પરવસ્તુમાં પોતાનાપણાની બુદ્ધિ તેજ મિથ્યાજ્ઞાન છે. છીપમાં રૂપાની ભ્રાંતિથી કાંઇ કાર્ય સરતું નથી, તેમ જડવસ્તુમાં આત્મ બુદ્ધિથી કંઇ આત્મહિત થતું નથી. જડવસ્તુના સંયોગથી આત્મા અનેક પ્રકારનાં દુઃખ પામે છે, જડ વસ્તુનો સંયોગ ત્યાગ કરવો દુષ્કર છે, આત્મા અનાદિકાળથી પરવસ્તુમાં ઇષ્ટબુદ્ધિ ધારણ કરે છે, જોકે ઇષ્ટબુદ્ધિ અજ્ઞાનથી થાય છે, પણ અંતે જ્ઞાનદશા થતાં પુદ્ગલની મમતા ટળે છે. આત્મજ્ઞાની થયા બાદ અધ્યાત્મચારિત્ર સ્વીકારવાની જરૂર રહે છે, અધ્યાત્મજ્ઞાનીના હૃદયમાં અપૂર્વ આનંદની ખુમારી સદાકાળ વર્તે છે, શ્રી અધ્યાત્મ સારમાં કહ્યું છે કે,

श्लोक ॥ कांताधर सुधास्वादा, द्यूनां यज्जायते सुखं;
बिंदुः पार्श्वे तदध्यात्म, शास्त्रस्वादसुखोदधेः ॥ १ ॥
अध्यात्मशास्त्र संभूत, संतोषसुखशालिनः
गणयंति न राजानं न श्रीदं नापि वासवम् ॥ २ ॥

ભાવાર્થ—સ્ત્રીના અધરરૂપ અમૃતના સ્વાદથી યુવાન પુરૂષોને જે સુખ થાય છે તે સુખ કંઇ હિસાબમાં નથી. કારણ કે અધ્યાત્મ શાસ્ત્રવાદનું જે સુખ તે રૂપસમુદ્રની આગળ વૈષયિકસુખ બિંદુમાત્ર છે, અધ્યાત્મ શાસ્ત્રથી ઉત્પન્ન થએલા સંતોષને ભજનારા યોગિયો રાજા વા શેઠ વા ઇન્દ્રને પણ હીસાબમાં ગણતા નથી. અધ્યાત્મશાસ્ત્રથી આત્મા પોતાનું અદ્ભુત સામર્થ્ય ઓળખીને પોતાને ધન્ય ધન્ય માને છે. જેમ કોઇ પુરૂષ દર્પણમાં પોતાના મુખને દેખીને તેને સ્વચ્છ કરે છે તેમ જીવ સ્વપર વિવેકકારક અધ્યાત્મશાસ્ત્રરૂપ દર્પણમાં પોતાનું સ્વરૂપ દેખીને પશ્ચાત્ તેને સ્વચ્છ કરે છે. જેમ બકરાના વાડામાં રહેલું સિંહનું બચ્ચું પોતાના સ્વજાતિય સિંહને ઓળખી પોતાને સિંહ લેખે છે ત્યારે તેને અજાની ભ્રાંતિ ટળી જાય છે તેવી રીતે જીવ અધ્યાત્મશાસ્ત્રરૂપ આયનામાં પોતાનું સ્વરૂપ દેખે છે, ત્યારે તેને બહિરાત્મબુદ્ધિ ટળીજાય છે, ધન્તુરાનું પાન જે પુરૂષો કરે છે તેને વસ્તુઓ પીળી દેખાય છે પણ જ્યારે ધન્તુરાના અણુઓનું જોર ટળે છે ત્યારે મનુષ્યો યથાર્થપણે વસ્તુને દેખે છે તેવી રીતે જીવ અજ્ઞાનથી પોતાને ભિન્નપ્રકારનો દેખે છે પણ જ્યારે અધ્યાત્મજ્ઞાન થાય છે ત્યારે વિચારે છે કે, અહો હું શરીર નથી, કારણ કે શરીર તો જડ છે. સડનપડણ સ્વભાવવાળું છે અને હું તો જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય ઉપયોગ લક્ષણવાળો છું અને જડથી ભિન્ન જાતિય છું. જડવસ્તુ પોતાનો તથા પરનો પ્રકાશ કરી શકતી નથી અને હું તો સ્વ અને પર વસ્તુઓને જાણું છું મારા આત્માના અસંખ્યાતા પ્રદેશ છે તેમાં એક પ્રદેશમાં એવી શક્તિ રહેલી છે કે, સર્વ દ્રવ્યગુણપર્યાયને જાણી દેખી શકે છે, કોઈપણ અજીવદ્રવ્યમાં જ્ઞાન તથા દર્શનશક્તિ ત્રણે કાલમાં નથી. મારી શક્તિ અનંતગણી છે, પરસ્વભાવદશાએ કર્મનો કર્તા ભોક્તા છું, અને સ્વભાવ-

અવસ્થાના લોકો થાય છે, શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, અપ્પનાણેણુ મુણી હોઇ નમુણી અરણ્ણવાસેણુ. આત્માના જ્ઞાનવડે મુનિપણું સંભવે છે, પણ અરણ્યમાં વાસ કરવાથી મુનિપણું સંભવતું નથી. હસ્તમાં હથિયાર ધારણ કરવામાંત્રથીજ વીરપણું પ્રાપ્ત થતું નથી પણ વીરપણું બતાવવાથી વીર કહેવાય છે. આત્માનું ઉચ્ચજીવન અધ્યાત્મ જ્ઞાન કરી શકે છે, સંસારમાં રહેલા જીવો કર્મરોગથી ચાર ગતિમાં પીડાય છે, તેમને માટે અધ્યાત્મજ્ઞાન પરમૌષધ છે. બાળઘાત, સ્રીઘાત, ગૌઘાત અને બ્રહ્મઘાત કરનારાઓની પણ ઉચ્ચસ્થિતિ અધ્યાત્મજ્ઞાનથી થાય છે. ચિલાતીપુત્રે, ઉપશમ સંવર અને વિવેકપૂર્વક આત્મસ્વરૂપ વિચારી સત્યસમાધિ પ્રાપ્ત કરી. તેમ ચંદ્રશેખરજેવા રાજાએ પણ આત્મવિવેચના કરી સત્યસમાધિનું સુખ પ્રાપ્ત કર્યું. તો પ્રત્યેક મનુષ્ય પણ અધ્યાત્મજ્ઞાનધ્યાનથી પરમપદ પ્રાપ્ત કરે એમાં કંઇ આશ્ચર્ય નથી. નરકગતિની સામગ્રી પણ આત્મા એકઠી કરે છે. તિર્યંચગતિની સામગ્રી પણ આત્મા એકઠી કરે છે અને તિર્યંચની ગતિમાં જાય છે. તેમજ મનુષ્યગતિની સામગ્રી પણ આત્મા એકઠી કરે છે, અને મનુષ્યગતિ પ્રાપ્ત કરે છે. તેમજ ચાર પ્રકારના દેવની સામગ્રી પણ આત્મા પ્રાપ્ત કરી દેવની ગતિમાં જાય છે. તેમજ મોક્ષગતિમાં પણ આત્માજ જઇ શકે છે. હવે વિચાર કરો કે, આત્મા જ્ઞાનબળથી ધારે તો મુક્તિપુરી પ્રાપ્ત કરી શકે કે નહીં? અવશ્ય કરી શકેજ? તૃષાતુર મનુષ્ય જલનું પાન કરી તૃષા ટાળે છે, ક્ષુધાતુર મનુષ્ય અન્નનું પ્રાશન કરી ક્ષુધા ટાળે છે તોપણ તેથી સદાકાળની તૃપ્તિ–શાંતિ થતી નથી, અને આત્મા સંતોષ પામતો નથી. પણ જો સમતાજલ અને અધ્યાત્મજ્ઞાનરૂપ ભોજનથી આત્માને તૃપ્ત કરવામાં આવે તો આત્માને સદાને માટે પરમસંતોષ મળે છે. આત્મોન્નતિના ઉચ્ચ શિખરે બિરાજમાન થવાનો સરળ મુખ્ય

ઉપાય અધ્યાત્મજ્ઞાન છે. અધ્યાત્મજ્ઞાનથી દેશમાં શાંતિ પ્રસરી રહે છે. દરેક મનુષ્યને ઉચ્ચ કરવા હોય તો અધ્યાત્મજ્ઞાનના માર્ગે દોરો, મનુષ્યજન્મ ધારણ કરીને પરમાનંદની ખુમારીમાં મ્હાલવું હોય અને શીતળ થવું હોય તો અધ્યાત્મજ્ઞાનના જ્ઞાતા સત્પુરૂષોનો સમાગમ કરો. દરેક પુરૂષને સુખની અભિલાષા રહેલી હોય છે અને મનમાં એવો વિચાર કરે છે કે—એવું સુખ મેળવીએ કે તે સુખ કદી જાય નહીં. આવું સુખ બાહ્યદૃષ્ટિથી દેખનારાઓને પ્રાપ્ત થતું નથી, ત્યારે શી રીતે પ્રાપ્ત થઇ શકે. તેનો ઉપાય દિવ્યજ્ઞાનના સ્વામી શ્રી વીરપ્રભુ કહે છે કે— અધ્યાત્મજ્ઞાનથી આત્મસુખની પ્રાપ્તિ થાય છે. પ્રથમ આત્મજ્ઞાન કરવાથી આત્માની શક્તિયો જણાય છે. જે આત્માને જાણે નહીં તે આત્મસુખને કદી જાણી શકે નહીં. અધ્યાત્મજ્ઞાની આત્મસુખને મેળવે છે, રથખાનની ગાડીમાં ફરનારા તથા આગળ પાછળ ઉઘાડી તરવારો લેઈ યોદ્ધાઓ ચાલે છે એવા રાજાના મનમાં જે દુઃખની લાગણીઓ પ્રગટે છે. તેના હૃદયમાં શોકના, મોહના, માયાના, ભયના અભિમાનના દીલગીરીના વિચારો સપાસપ પેશી જાય છે. અને તેને જરાવાર પણ નિરાંત વળતી નથી, ઘડીમાં ખુશી અને ઘડીમાં શોકચોળ બની જાય છે. તેના મુખ ઉપર આનંદની છાયા દેખાતી નથી. તેનું કારણ શું હશે, વિચાર કરતાં માલુમ પડશે કે, અધ્યાત્મજ્ઞાન અને અધ્યાત્મચારિત્રની ખામી છે. રાજ્યમાં, દેશમાં, કુટુંબમાં, જ્ઞાતિમાં અશાંતિ દેખવામાં આવે છે. જો અધ્યાત્મજ્ઞાનનો ફેલાવો કરવામાં આવે તો ખાત્રીથી સમજાશે કે, અશાંતિનું સામ્રાજ્ય ઘણું ખરૂં નષ્ટ થએલું જોવામાં આવશે. મનુષ્યો દેરાસરમાં જાય છે, ઉપાશ્રયમાં જાય છે, લાંબા લાંબા સાંભળે છે, ઘણી દીવસ કર્મની ક્રિયાઓ કરે છે, સાધુઓ થઇ દેશદેશ સાધુતા ધારે છે, પણ

તેવા પુરૂષો અધ્યાત્મજ્ઞાનના અભાવે દેરાસરમાં પૂજા કરતાં એક બીજાથી લડે છે, ગાળો દેછે, દેરાસરમાં મારંમારા આવે છે. ઉપાશ્રયમાં પણ મારંમારા કરે છે. એક બીજાની નિંદા કરે છે–ધર્મની ક્રિયાઓમાં પણ ભેદ પાડીસામા સામી પક્ષ ઉભા કરે છે. સાધુ થએલા પુરૂષો પણ પરસ્પર એક બીજા સાધુઓની નામ દેઇને નિંદા કરે છે; બીજાનું બુરૂ કરવામાં અચકાતા નથી. સજ્જનપુરૂષો તત્ત્વદૃષ્ટિથી વિચાર કરશે તો માલુમ પડશે કે, અધ્યાત્મજ્ઞાનના અભાવે જડજેવા પુરૂષો પોતાનું ભાન ભૂલી ધર્મમાં અધર્મનું આચરણ કરે છે. અધ્યાત્મજ્ઞાતાઓનાં આચરણ પ્રતિદિન ઉચ્ચ થતાં જાય છે. અને પ્રાયઃ અધ્યાત્મજ્ઞાનિયો ધર્મના માટે કલેશ કરતા નથી. કેટલાક અધ્યાત્મજ્ઞાનનો ફાંકો રાખી ધર્મના નામે મારંમારા કરતા હોય વા નિંદા કરતા હોય, વા અસભ્ય નીચ આચરણો આચરતા હોય તો વિવેકી પુરૂષોએ સમજવું કે, હજી તેમને યથાર્થ અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત થયું નથી. તેમ અધ્યાત્મચારિત્રને સેવન કર્યું નથી. શુષ્કજ્ઞાનિયોનાં ખરાબ આચરણ દેખી કોઇએ અધ્યાત્મજ્ઞાન તથા જ્ઞાનિની નિંદા કરવી નહીં. શાસ્ત્રકાર તો કહે છે કે, કોઈની પણ નામ દેઇને તો નિંદા કરવી નહી. તો અધ્યાત્મજ્ઞાનિની નિંદા કરે તો કર્મના ચીકણા બંધ બાંધે, અધ્યાત્મજ્ઞાની આત્માની ક્રિયામાં ઉપયોગી રહે છે. પુદ્ગલનાં ચુંથણાં ચુંથવામાં આત્મોન્નતિ સમજતો નથી. આત્મોન્નતિના નિમિત્તકારણરૂપે વ્યવહારહેતુઓ છે. તેમાંથી કોઇપણ હેતુનું ખંડન કરતો નથી, અધ્યાત્મજ્ઞાની આત્મામાંજ ધર્મ માને છે અને જ્ઞાન, દર્શન, ચારિત્રની ક્ષાયિકભાવે પ્રાપ્તિ કરે છે. અધ્યાત્મજ્ઞાનિનું બાહ્યથી અને અંતરથી નિર્મલ સદ્વર્તન હોય છે. જે ભવ્ય જીવો શુક્લપાક્ષિક હોય છે. તેમને આત્માનો ધર્મ ઉચ્ચ લાગે છે, ધર્મની આવશ્યક ક્રિયાઓ કરવાનો પરમાર્થ

આત્માને લાગતાં કર્મને રોકી આત્માના અનંતગુણોનો પ્રકાશ કરવાનો છે, અધ્યાત્મજ્ઞાનનું ઉચ્ચ જીવન પરમાનંદમય છે. આજકાલ તત્ત્વજ્ઞાનના સમજનારા વિરલા છે, તેમજ વળી અધ્યાત્મશાસ્ત્રનો બોધ લેનારા તો અલ્પ દેખાય છે, અધ્યાત્મજ્ઞાનનો અભ્યાસ કરવો, અધ્યાત્મજ્ઞાનમાં પરિણમવું એ કંઇ નાનાં છોકરાંની વાત નથી. પૂર્વભવના તીવ્રસંસ્કાર હોય છે ત્યારે અધ્યાત્મજ્ઞાનની રૂચિ થાય છે, અધ્યાત્મજ્ઞાનનાં શાસ્ત્ર ભણતાં કેટલાક તો કંટાળી જાય છે અને કેટલાક પુદ્‌ગલાનંદી જીવો તો આત્મસુખની શ્રદ્ધા ધરાવતા નથી. અધ્યાત્મજ્ઞાનીને મુક્તિના સુખની શ્રદ્ધા થાય છે, મુક્તિનાં સુખ પ્રાપ્ત કરવા અધ્યાત્મજ્ઞાન જેવો બીજો કોઇ ઉપાય નથી. જગત્‌માં બાવળનાં, આકડાનાં વૃક્ષ તો ઘણાં હોય છે પણ આસોપાલવનાં ઝાડ તો થોડાં હોય છે, તેમજ બહિરાત્મ જીવોનાં ટોળાં ઘણાં હોય છે પણ અધ્યાત્મજ્ઞાની જીવો તો થોડા હોય છે. બહિરાત્મજીવો દુનિયાનાં ગપ્પાં સાંભળી ખુશી થાય છે ત્યારે અધ્યાત્મજ્ઞાનીજીવો આત્મજ્ઞાન તથા આત્મધ્યાન પ્રાપ્ત કરી આનંદ પામે છે. બહિરાત્મજીવો દુનિયાને વશ કરવા અનેક પ્રકારની કપટકળા તથા બાહ્યક્રિયાડંબર દેખાડે છે અને બીજા જીવોપર આળ દેતાં પણ ચૂકતા નથી, ત્યારે અધ્યાત્મજ્ઞાનિયો દુનિયાને વશ કરવા સંકલ્પ માત્ર પણ કરતા નથી. તેમજ અનેક પ્રકારની કપટકળા તથા બાહ્યક્રિયાડંબર કરી પોતાના આત્માને છેતરતા નથી. બહિરાત્મજીવો બીજાની નિંદા કરવા ચૂકતા નથી, ત્યારે આત્મજ્ઞાની, જીવ કર્મના આધીન છે, એમ સમજી કોઇની નિંદા કરતો નથી. બહિરાત્મજીવો દુનિયાની ઉન્નતિ માટે પ્રયત્ન કરે છે ત્યારે અધ્યાત્મજ્ઞાનિયો આત્માની ઉન્નતિ માટે પ્રયત્ન કરે છે. બહિરાત્મજીવો ઔદયિકભાવમાં રાચીમાચીને રહે છે અને અન્તરાત્માઓ ઉપશમાદિભાવમાં સદાકાળ લીન રહે છે, બહિરાત્મજીવો

કીર્તિ માન પૂજા માટે ધર્મ કરે છે ત્યારે અન્તરાત્માઓ આત્માના હિતને માટે ધર્મ કરે છે. બહિરાત્મજીવો જડ વસ્તુમાં ધર્મ માને છે, ત્યારે અન્તરાત્માઓ આત્મામાંજ ઉપાદાન અપેક્ષાએ ધર્મ માને છે. બહિરાત્માઓ વ્યાકરણ-ન્યાય-જ્યોતિષ્-વૈદકના જ્ઞાનથી પોતાને વિદ્વાન્ માને છે, ત્યારે અન્તરાત્માઓ અધ્યાત્મશાસ્ત્ર-જ્ઞાનથીજ પોતાને ઉચ્ચ માને છે. બહિરાત્માઓ પોતાને દીન-કંગાલહીન ગણે છે, ત્યારે અંતરાત્માઓ પોતાને અંતરૃદ્ધિવાળા ગણે છે અને પોતાના આત્માને સદાકાળ ઉચ્ચ ભાવનાથી પોષે છે. જેવી ભાવના તેવો આત્મા પરિણમે છે એમ સમજી અધ્યાત્મજ્ઞાનિયો સિદ્ધ સમાન શુદ્ધ સ્વરૂપની ભાવનાથી આત્માને પોષે છે. પોતાના આત્માને નીચ માની પ્રાણી આત્માને ઉચ્ચ કરી શકતો નથી. કેટલાક તો પોતાનો આત્મા સેવકરૂપેજ ત્રણ કાલમાં રહેવાનો એમ માને છે પણ તેઓ જો પોતાના આત્માને અધ્યાત્મશાસ્ત્રમાં ઉતારે તો તેઓ કબુલ કરશે કે-આત્મા પરમાત્મારૂપે બને છે. કેટલાક લોકો ગાડરીયાપ્રવાહમાં તણાતા એમ માને છે કે, અમો તો કદી મુક્તિ પામવાનાજ નથી, પણ તેઓ અધ્યાત્મશાસ્ત્રદૃષ્ટિથી પોતાના આત્માને મુક્તિ મળે એમ સમજી શકશે. કેટલાક લોકો પોતાના આત્માને જે કૂળમાં જે લિંગ પ્રાપ્ત કર્યું હોય છે તેવો માને છે પણ અધ્યાત્મદૃષ્ટિથી તેઓ વિચારશે તો માલુમ પડશે કે જાતિ, કૂળ, લિંગ એ આત્માને નથી. આત્મા નિશ્ચયનયથી શુદ્ધ છે એવી દૃષ્ટિથી ધારણા ધાર્યા વિના માયાનો પડદો દૂર થતો નથી. બાલ, યુવાન અને વૃદ્ધાવસ્થા એ ત્રણ અવસ્થાથી પણ આત્મા નિશ્ચયતઃ જોતાં ભિન્ન છે, કારણ કે ત્રણ અવસ્થાઓનો ક્ષય થઇ જાય છે પણ આત્માનો તો ક્ષય થતો નથી. ઔદયિકભાવના જે જે ભેદો આત્માને પ્રાપ્ત થયા છે તે તે ભેદો વસ્તુતઃ જોતાં આત્માના નથી. સ્ફટિકરત્નમાં ભાસતી લાલ, પીલી વિગેરે

રંગની-ઉપાધિ સ્ફટિકની નથી. વસ્તુતઃ લાલ પીળી ઉપાધિ સ્ફટિકની નથી તેમજ સ્ફટિકથી ન્યારી છે તેમજ આત્મારૂપ સ્ફટિક રત્નમાં ભાસતી ઔદયિક ભાવની ઉપાધિ આત્માની નથી. તેમજ તે આત્માથી ભિન્ન છે. ત્યારે ઔદયિક ભાવની ઉપાધિને પોતાની માની કેમ રાગ દ્વેષ કરવો જોઈએ ? વા ઔદયિકભાવની ઉપાધિથી પોતાના આત્માને તેવો માનવો-અને તેથી મુંઝાવું એ કેટલું ભૂલ ભરેલું છે ? અધ્યાત્મજ્ઞાનીને તેવા પ્રકારની ઉપાધિ નડતી નથી તેમ આત્માર્થી આત્મજ્ઞાની ઔદયિકભાવની ઉપાધિમાં તલ્લીન થતો નથી. ઔદયિકભાવની ઉપાધિમાં હું અને મારાપણું તેજ બંધન છે. અને તેનાથી ભિન્નપણું તેજ મુક્તિ છે. ઔદયિકભાવની દૃષ્ટિથી જે લોકો પોતાના આત્માને દેખે છે, તે બંધાય છે. અને જે લોકો ઔદયિકભાવની દૃષ્ટિથી પોતાને દેખતા નથી પણ સ્વસ્વરૂપ જ્ઞાનથી તથા દર્શનથી પોતાને જાણે દેખે છે તે લોકો સંસારમાં બંધાતા નથી. હું ને મારૂ એ અહંભાવનું કારણ પોતાના સ્વરૂપને નહિ જાણવું તે છે. અધ્યાત્મજ્ઞાન થયાવિના આત્માનું સ્વરૂપ જણાતું નથી, અને તેથી બહિરાત્મદૃષ્ટિથી આત્મા પરને પોતાનું દેખી મોટી ભૂલ કરે છે. **અંધારે અજવાળું ખરે દીવસ અંધાર** તે આજ જાણવું. પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને દેખી તન્મય દૃષ્ટિથી જે ભવ્યાત્માઓ જીવન ગાળે છે, તેજ મહાત્માઓ જીવનમુક્તની કોટીમાં પ્રવેશે છે. જ્યાંસુધી આત્મા મિથ્યાત્વ રજ્જુથી બંધાએલ છે ત્યાં સુધી તે પશુ સમાન છે, માટે મિથ્યાત્વરૂપ પાશ છેદવાને **અધ્યાત્મશાસ્ત્ર જ્ઞાનરૂપ** તરવારને ગ્રહણ કરવી જોઇએ. ઘણા લોકો અજ્ઞાનથી મુંઝાયલા એમ માને છે કે, આ કલિકાલમાં **અધ્યાત્મજ્ઞાન** હોતું નથી. અને જે લોકો અધ્યાત્મજ્ઞાનને માટે પ્રયત્ન કરે છે તે બીચારા પામર છે. આમ બોલનાર જીવ પોતે અજ્ઞાની છે, પોતાની દૃષ્ટિ ખુલી નથી, અને પોતે

અધ્યાત્મવસ્તુ શું છે, તેનો ગંધ પણ લીધો નથી તેથી પોતે એવી કલ્પના કરે છે. શ્રી આનંદઘનજી તથા શ્રી યશોવિજયજી વિગેરે અધ્યાત્મજ્ઞાની પુરૂષો થઇ ગયા. આ કાલમાં અધ્યાત્મ જ્ઞાનવિના સત્યશાંતિ અને સત્યસુખ મળતાં નથી એમ શ્રી ઉપાધ્યાયજી અધ્યાત્મસારમાં કહે છે, ચારવેદનો જ્ઞાતા હોય તોપણ અધ્યાત્મશાસ્ત્ર જ્ઞાનવિના ક્લેશ વહે છે.

वेदान्यशास्त्रवित् क्लेशं, रसमध्यात्मशास्त्रवित्;
भाग्यभृद् भोगमाप्नोति, वहते चंदनं खरः ॥ १ ॥

વેદ તથા અન્યશાસ્ત્રના જ્ઞાતા ફક્ત ક્લેશના ભોક્તા છે. અને આત્મસુખરસના ભોક્તા તો અધ્યાત્મશાસ્ત્રનો જાણકાર છે, તે ઉપર દૃષ્ટાંત બતાવે છે. જેમકે–ચંદનનો ભાર ગધેડું ઉપાડે પણ ચંદનનો ભોગ તો ભાગ્યવાન્ પામે છે, કલિકાલમાં પણ તરતમ યોગે અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અધ્યાત્મજ્ઞાન હાલ વિદ્યમાન છે, અને તે અધ્યાત્મ સુખની પ્રાપ્તિ પણ હાલ થઇ શકે છે. અધ્યાત્મ જ્ઞાનવિના તો સમકિતરત્નની પણ પ્રાપ્તિ નથી. અધ્યાત્મ જ્ઞાની સંસારમાં જલપંકજવત્ ન્યારો રહી શકે છે. તેમજ અધ્યાત્મજ્ઞાનવિના બહિરાત્મપણું ટળતું નથી. સાંસારિક સુખો ક્ષણીક છે માટે તેની લાલચ છોડીને અધ્યાત્મસુખની પ્રાપ્તિ કરવી જોઇએ તે સંબંધી શ્રી ઉપાધ્યાયજી કહે છે કે–

रसो भोगावधिः कामे, सद्भक्ष्ये भोजनावधिः;
अध्यात्मशास्त्रसेवाया, रसो निरवधिः पुनः ॥ २१ ॥

कुतर्कग्रंथसर्वस्वगर्वज्वरविकारिणी;
एति दृग् निर्मलीभावमध्यात्मग्रंथभेषजात् ॥२२॥

धनिनां पुत्र दारादि, यथा संसार वृद्धये;
तथा पांडित्यदृप्तानां, शास्त्रमध्यात्म वर्जितम् ॥२३॥

गाथा.

जुग्गाहिं जुग्गपासे सोपुण जुग्गो गहिज्जए विहिणा,
संपुन्न सुहफलोजं एवंचिअ अन्नहा इअरं ॥ १ ॥
रत्तो दुट्ठो मूढो पूर्व्वि वुग्गाहिओ अचत्तारि,
उवएस्स अणरिहा, अहवा सपाइँ परिवुज्जांति ॥ २ ॥

યોગ્યતાવિના મંત્ર પણ સિદ્ધ થતા નથી. માટે અધ્યાત્મજ્ઞાનની રૂચિ જોઇને જ્ઞાન આપવું. આ સંબંધી પૂર્વે કહ્યું છે, માટે હવે તે સંબંધી વિશેષ વિવેચન ન કરતાં આગળ વિવેચન કરીશું. અધ્યાત્મશાસ્ત્રના જ્ઞાનવાળા પુરૂષો સાંસારિક અનેક પ્રકારની ઉપાધિયોના સંબંધમાં આવતા છતા પણ અન્તરથી ન્યારા રહે છે, તેમજ વળી અધ્યાત્મજ્ઞાનવાળા પુરૂષો શાતા અને અશાતાવેદનીયના ઇષ્ટ અને અનિષ્ટ સંયોગોને મધ્યસ્થદૃષ્ટિથી દેખી તેમાં હર્ષ અને શોક ધારણ કરતા નથી. અને સમતાનદીના તરંગોમાં આનંદથી ઝીલે છે. અધ્યાત્મજ્ઞાની શત્રુ અને મિત્રના સંયોગોમાં પણ રાગદ્વેષથી લેપાતો નથી, અધ્યાત્મજ્ઞાની સર્વજડભાવથી પોતાના આત્માને ભિન્નભિન્ન નિહાળે છે.

દૂધ અને પાણી બે ભેગાં થયાં હોય છે તેને હંસ ભિન્ન ભિન્ન કરી શકે છે, તેમજ અધ્યાત્મજ્ઞાની જડ અને ચેતન દ્રવ્યને ભિન્ન ભિન્ન કરે છે. અંધારા અને અજવાળાનો ભેદ જેમ જન્માંધ પુરૂષ કરી શકતો નથી, તેવીજ રીતે આત્મા અને જડનો ભેદ બહિરાત્મા કરી શકતો નથી. જે જીવો ધર્મને સાધે છે તેજ જગતમાં કૃતકૃત્ય જાણવા. બાહ્યજગતના પ્રપંચમાં સર્વ પ્રાણી મુંઝેલા છે, અને તેમાંથી કોઇક અધ્યાત્મજ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. અધ્યાત્મજ્ઞાની અન્તરદૃષ્ટિએ આગળ અધ્યાત્મસ્વરૂપને જાણે તો જડ જેવા જીવો તે વાત માનતા નથી. કહ્યું છે કે —

ઘૂકબાલને દિવ્યદ્રષ્ટિ થઈ, દિવાકર દેખાય;
કેહુંબઆગળ સત્ય કહે પણ, ગાંડુ તેહ ગણાય.
બુદ્ધિસાગર તેવું રે, મારા તો મન સમજાયું-અલખ.

અધ્યાત્મદ્રષ્ટિનો પ્રકાશ કરવા માટે અધ્યાત્મશાસ્ત્ર
કરતાં પણ અધ્યાત્મજ્ઞાનિયોની સંગતિ વિશેષ ફાયદાવાળી
છે, અનેક અધ્યાત્મશાસ્ત્રના ગ્રંથો વાંચીને જેણે શુદ્ધ અધ્યા-
ત્મરસ પ્રાપ્ત કર્યો છે, તેવા સદ્‌ગુરૂઓના ભક્તો લીલા-
માત્રમાં અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. સદ્‌ગુરૂની ભક્તિ
કરીને અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે તો અધ્યાત્મજ્ઞાન,
મોક્ષરૂપ ફળને ત્વરિત આપે છે. પત્થર વા લોઢા ઉપર
પાડેલા અક્ષરો જેમ જતા નથી તેમ ભક્તિથી અધ્યાત્મજ્ઞાન
પ્રાપ્ત કરવામાં આવે છે તો કદી તેની ખુમારી ટળતી નથી.
વિનય અને ભક્તિથી જ્ઞાનાવરણીયકર્મનાં દળીયાં ખરે છે,
અને આવરણ ટળતાં સ્વાભાવિક આત્મજ્ઞાન પ્રકાશે છે
અને તેથી સ્વપરનો સાચો વિવેક પ્રગટે છે. માસતુષમુનિને
વિનયથીજ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હતું. આત્મા જો વીર્ય-
શક્તિના ઉલ્લાસથી પોતાના સ્વરૂપમાં રમે તો સહ-
જવારમાં ક્ષાયિકભાવે આત્મગુણને પ્રાપ્ત કરે છે. અ-
ધ્યાત્મજ્ઞાનથીજ અધ્યાત્મચરણની પ્રાપ્તિ થાય છે. શુદ્ધચે-
તના રંગી થએલ આત્મા સિદ્ધ બુદ્ધ આત્મા કહેવાય છે.
અનંત ક્ષાયિક ભાવની નવ લબ્ધિનો ભોક્તા અધ્યાત્મજ્ઞાની
બને છે. પરમ શુદ્ધ ચૈતન્ય શક્તિનો પ્રકાશી સહજ સ્વ-
રૂપી આત્મા આનંદ અનંતમાં ભોગવે છે. અધ્યાત્મજ્ઞાનિનાં
આચરણ સંસારથી વિચિત્ર હોય છે. તેથી જગતના જીવો
અધ્યાત્મજ્ઞાનિને ઉન્મત્ત માને છે. ત્યારે અધ્યાત્મજ્ઞાની કહે
છે કે, જગત્ ઉંઘતું છે. કહ્યું છે કે,—

जब जागे आतम तबहि, सो जागे जगबंध: ॥ १ ॥
ज्ञानि है जगमें सदा, है नहि कोउ प्रबंध.

કેવલ જેમ આગિયાને દિવસીન જાગે દેખે વય છે, તેમ

અધ્યાત્મજ્ઞાની સંસારસમુદ્રને તરી મોક્ષનગરીમાં પહોંચે છે. જ્યાંસુધી જીવ મિથ્યાત્વના માર્ગમાં વર્તે છે ત્યાંસુધી તેનામાં રાગદ્વેષની જ્વાળા વર્તે છે. અને તેથી આત્મા સત્ય-શાંતિને પામી શકતો નથી. આત્મામાં શુદ્ધ ચેતનપણું જાગતાં કર્મદશાની ભિન્નતા ભાસે છે. ચેતનનો અનુભવ થવાથી સત્યસ્વરૂપ જાણવામાં ભ્રાન્તિ થતી નથી. આત્મામાં શુદ્ધ જ્ઞાનની કળાનો ઉદ્યોત થતાં સહજ સ્વરૂપ ભાસે છે. અને પશ્ચાત્ જડ પદાર્થો ઉપર અહંમમત્વભાવ થતો નથી. આત્મસન્મુખ ચેતના થતાં વર્તમાનકાળે કર્મનો બંધ થતો નથી અને ભૂતકાળનાં બાંધેલાં કર્મ ખરે છે. અને આગામિકાળે કર્મબંધ થતો નથી. પશ્ચાત્ આત્મા સકલકર્મ-ક્ષયથી મુક્તિપદ પામે છે.

વેદાંતીઓ સર્વ જીવનો એક આત્મારૂપ બ્રહ્મ માની એકાંતે સંગ્રહનયની સત્તાને અનુસરે છે. એકાંતપણાથી વ્યવહારનયના અભાવે મિથ્યાત્વપણું પ્રાપ્ત થાય છે, ને સાંખ્યવાદીઓ પ્રકૃતિના ભેદ માને છે અને પચ્ચીશમો પુરૂષ માને છે. સાંખ્યવાદી કહે છે કે,—

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकार विमूढात्मा कर्ताहमिति मन्यते ॥ १ ॥

પ્રકૃતિનાં કૃત્યોને અહંકારમાં વિમૂઢ થએલ આત્મા પોતાનાં માની ભૂલે છે. પ્રકૃતિનાં કૃત્યોમાંથી અહંપણું છૂટી જવું તેજ મોક્ષ છે. આ વાદી વ્યવહારનયને એકાંતે અનુસરે છે. જો તે બાકીના નયોથી આત્માનું સ્વરૂપ વિચારે તો સમ્યગ્જ્ઞાન પામી અધ્યાત્મકોટીમાં પ્રવેશ કરી આત્માની પરમાત્મસ્થિતિ પ્રાપ્ત કરે છે. બૌદ્ધવાદી આત્માને એકાંતે ઋજુસૂત્રનય અંગીકાર કરી ક્ષણિક માને છે. પણ જો દ્રવ્યાર્થિકનયથી આત્મદ્રવ્યની નિત્યતા સ્વીકારે તો સમ્યગ્તત્ત્વથી આત્માની ઉચ્ચસ્થિતિને પ્રાપ્ત કરી શકે છે.

સાપેક્ષાએ સાતનયથી કથિત આત્મસ્વરૂપ માનતાં હઠકદાગ્રહ રહેતો નથી. તેમજ વળી કોઇ દર્શન ઉપર દ્વેષ થતો નથી. જૈનસ્યાદ્વાદદર્શનની ખુબી તો એ છે કે, આત્મતત્ત્વના જે જે ધર્મો છે તે અપેક્ષાએ સાચા છે. તેથી આત્મતત્ત્વના જે જે ધર્મો જે જે દર્શનમાં એકાંતે કહેલા હોય છે તે પણ સ્યાદ્વાદવાદી સાપેક્ષબુદ્ધિથી તેને સમ્યક્પણે પરિણમાવે છે. અને ચાર વેદ વિગેરે શાસ્ત્રોમાં એકાંતે કહેલું આત્મતત્ત્વનું સ્વરૂપ પણ નયની અપેક્ષાએ સમ્યક્પણે ગ્રહણ કરે છે. પણ સ્યાદ્વાદજ્ઞાની વિનાના બાકીના જીવોને સ્યાદ્વાદદૃષ્ટિ ખુલી નથી તેથી તેઓ એકાંતે આત્મતત્ત્વને સ્વીકારી હઠકદાગ્રહના આવેશમાં સમતામૃતનું પાન કરી શકતા નથી. અધ્યાત્મજ્ઞાનથી સમકિત પામેલો જીવ મિથ્યા દૃષ્ટિએ લખેલ એકાંત શાસ્ત્રને પણ નયની અપેક્ષાએ સમજી સમ્યક્રૂપે પરિણમાવે છે. અને સાતનયોથી પરસ્પરની અપેક્ષા ન સમજનાર મિથ્યા દૃષ્ટિજીવ પીસ્તાલીશ આગમને પણ મિથ્યાત્વપણે પરિણમાવે છે. સ્યાદ્વાદસ્વરૂપે આત્મસ્વરૂપ સમજીને અધ્યાત્મજ્ઞાની જીવ ષડ્દર્શનના ઝઘડાને પણ જીતી તેના પેલેપાર પહોંચે છે; અને અધ્યાત્મ જ્ઞાનીની માધ્યસ્થદૃષ્ટિ થવાથી સત્યને સત્યપણે પારખે છે અને અસત્યને અસત્યપણે જાણે છે. અનેકાંતનયપૂર્વક અધ્યાત્મજ્ઞાન થયા બાદ, જીવ પ્રાયઃ મિથ્યાત્વ ખાડામાં પડતો નથી, માટે સાતનયપૂર્વક ષડ્દર્શનનું સાપેક્ષપણું સમજી અધ્યાત્મજ્ઞાન કરી આત્મામાં રમવું. આત્મા નિર્લેપ નિરાકુળ. અને જ્ઞાનપ્રકાશમય છે. આત્માના જ્ઞાનમાં સર્વ જગત્ જ્ઞેયપણે ભાસે છે. દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારના પ્રતિબંધથી પણ આત્મા ભિન્ન છે છતાં જ્ઞાનાદિગુણયુક્તિમાન્ છે. અતીતકાળમાં પણ શુદ્ધાત્મદ્રવ્ય નિશ્ચયનયથી અભેદરૂપ હતું. હવે તો અનુભવમાં પણ અભેદરૂપ ભાસે છે, અને ભવિષ્યકાળમાં પણ શુદ્ધ એકરૂપે રહેશે. આત્મા

નો અનુભવ કરનારા પુરૂષે વિચારવાનું છે કે, આત્માના ગુણો અનેક છે, તેમાં તન્મયતા કરી નિર્વિકલ્પરસામૃતનું પાન કરવું જોઇએ. આત્માના મૂળસ્વભાવ વિના બાકી સર્વ વિભાવ જાણી તેમાં ઉપયોગ જોડવો નહીં. પોતાના શુદ્ધ-સ્વરૂપમાં તન્મય થઇને ચિદાનંદની ખુમારીમાં અવધુત-દશાને ભોગવવી જોઇએ.

જે ક્રિયાથી શુદ્ધાત્મરસનો અનુભવ થાય તેજ અધ્યાત્મ-ક્રિયા જાણવી. અને જે અધ્યાત્મદૃષ્ટિની દશા છે તેજ મુક્તિપંથનું કારણ છે, અહો યોગના સંબંધે વાયુયોગે જળ તરંગની પેઠે આત્મા ચલાયમાન દેખાય છે. પણ શુદ્ધ નિશ્ચયનયથી જોતાં આત્મા ચલાયમાન નથી. વળી આત્મા અખંડ જ્ઞાનમય છે. અધ્યાત્મજ્ઞાનિયોને પરમોપાસ્ય આદેય છે. આત્મા ઇન્દ્રિયોથી ગ્રાહ્ય નથી. અને તે જ્ઞાનગમ્ય છે માટે શુદ્ધ જ્ઞાનથી આત્માને હૃદયમાં ધારણ કરવો. અને આત્મસ્વરૂપના ઉપયોગમાં રહેવું. અતીતકાળે અનંતજીવ આત્માના ઉપયોગથી મુક્તિ પામ્યા, હાલ પામે છે અને પામશે.

આત્મા શૂરવીર બની નવરસરંગમાં રમી અનહદ આનંદની પ્રાપ્તિ કરે છે. જ્ઞાનાદિકગુણથી વિભૂષિત થઈ આત્મા શૃંગારરસમાં રમે છે, આત્મા ઉજ્વલધ્યાનરૂપ તરવારથી કર્મની સાથે લડી કર્મની પ્રકૃતિયો ખેરવે છે, ત્યારે તે વીરરસનો ભોક્તા બને છે. આત્મા ઉપશમાદિ રસમાં ઝીલે છે, કોઈ જીવ ઉપર રાગદ્વેષભાવ ધારણ કરતો નથી, પોતાના આત્માની પરમ ભાવદયા ચિંતવે છે, ત્યારે તે કરૂણારસનો ભોક્તા કહેવાય છે. જ્યારે આત્માને સ્વસ્વરૂપનો અનુભવ થાય છે, ત્યારે તેને ઉત્સાહ પ્રગટે છે, તે પ્રસંગે પરભાવનું નાટક અંતરદૃષ્ટિથી ભિન્નપણે અવલોકતો હાસ્યરસનો ભોક્તા બને છે. આઠ કર્મનાં અનંતપ્રદેશી દલીયાંને વિદારણ કરતો રૌદ્રરસનો ભોક્તા આત્મા બને છે. જ્યારે

પુદ્ગલનું અશુચિપણું વિનાશીપણું આત્મા વિચારે છે, ત્યારે તે બીભીત્સરસનો ભોક્તા કહેવાય છે.

આત્મા કર્મના વશે અશાતાવેદનીયને ભોગવે છે, ત્યારે તે ભયાનકરસનો ભોક્તા કહેવાય છે. પ્રકારાંતરે જ્યારે આત્મા ભાવહિંસામાં પ્રવૃત્ત થાય છે ત્યારે તે ભયાનક કહેવાય છે. જ્યારે આત્મા પોતાના અનંત વીર્યને પ્રકટ કરવા પ્રયત્ન કરે છે, અને વીર્યશક્તિને પ્રગટ કરે છે ત્યારે અદ્દભૂત રસને ભોક્તા બને છે. જ્યારે આત્મા રાગદ્વેષને નિવારી સ્વસ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે આત્મા શાંતરસનો ભોક્તા બને છે, આ નવરસને ભાવતો આત્મા પરમાનંદ મહોદય પદ પ્રાપ્ત કરે છે.

આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અસ્તિપણે વર્તે છે; અને તેજ **આત્મા** પરદ્રવ્યના દ્રવ્ય, ક્ષેત્ર, કાલભાવથી નાસ્તિકપણે વર્તે છે.

અહો ચેતનજી! હવે તમો પોતાનું શુદ્ધસ્વરૂપ ઓળખીને જાગ્રત થાઓ. જાગ્રત થાઓ. મોહનિદ્રા છોડીને જાગ્રત થાઓ. તું શુદ્ધ ચિદાનંદમય છે છતાં જડ વસ્તુમાં કેમ રાચી માચીને રહે છે? માયારૂપ સંપત્તિ હે આત્મા! તારી નથી, છતાં તેમાં કેમ ઈચ્છા ધારણ કરે છે? માયાનો પ્રપંચ કદી કોઈને સુખપ્રદ થયો નથી. આવરણોને છેદી નાંખી અનંતજ્ઞાનપ્રકાશથી સર્વ ભાવનો પ્રકાશ કર, અનંતદર્શનશક્તિથી સર્વ પદાર્થનો દ્રષ્ટા થા. નિરાયમય તારી શુદ્ધ દશાને પ્રાપ્ત કરી જન્મ, જરા, મરણના રોગનો અંત કર. જ્યારે જીવને આત્મજ્ઞાન થાય ત્યારે તે કાયારૂપ કોટડીને ભિન્નદૃષ્ટિથી દેખે છે. કર્મરૂપપલંગ, માયારૂપ શય્યા અને કલ્પનારૂપ ચાદરને જુદા જુદા રૂપમાં દેખે છે. પરમાર્થ એ છે કે જ્ઞાની જીવ સમજે છે કે, આ સર્વ મને લાગેલી કલ્પના જૂઠી છે, વળી ચેતન વિચારે છે કે, અતીકાલમાં શયનદશા લેનાર હું જુદારૂપે હતો અને હાલ જુદારૂપે છું.

વર્તમાનકાળમાં અતીતકાળના [illegible] વસ્થા નથી, હવે એક ક્ષણમાત્ર [illegible] ભિન્ન થનાર નથી. આવી રીતે [illegible] જીવ ત્યાગી થાય છે; અને [illegible] અને તેથી પોતાના શુદ્ધ સ્વરૂપનું [illegible] ૫

અધ્યાત્મજ્ઞાનથી અન્ત[illegible] [illegible] બને છે, તેની શત્રુ મિત્રપર [illegible] જા- મશાણુ અને મહેલ, સ્ત્રી અને [illegible] જેઓ છે, અને અન્તરાત્મા [illegible] છે. હે- સત્યાનંદ ભોગવે છે. [illegible] નવિના અંધકારનો નાશ કરે છે, [illegible] ક્ષય કરી સમાધિને ભજે છે, [illegible] તાના શુદ્ધ નિર્વિકલ્પ [illegible]

સંચિતકર્મ ઉદયમાં આવવાથી તેના સંબંધે સમકિતી જીવ ભોગને ભોગવે છે, તોપણ તે અન્તરથી ન્યારો રહી નવા કર્મના બંધ કરતો નથી. એ જ્ઞાન વૈરાગ્યશક્તિનો પ્રતાપ છે. કહ્યું છે કે–**જ્ઞાનીકો ભોગ સવી નિર્જરાકો હેતુહે.** જ્ઞાન અને વૈરાગ્યની અપૂર્વશક્તિથી આત્મા અંતર્મુહૂર્તમાં મુક્ત બને છે. જે અધ્યાત્મજ્ઞાની હોય છે તે અવશ્ય વૈરાગ્યને ધારણ કરે છે, અધ્યાત્મજ્ઞાની મહાત્મા આરબ્ધકર્મની અંઆળને વેદતો છતો પણ પોતાના જ્ઞાનપ્રકાશથી તરે છે અને બીજાને તારે છે. આવી આત્મદશાની નિરૂપાધિસ્થિતિ સર્વ કરતાં કોને પ્રથમ પ્રગટે? ઉત્તરમાં કહેવું પડશે કે, તેવી સ્થિતિ સર્વસંગપરિત્યાગી મુનિનેજ પ્રગટે. આત્મા પોતાની દશાનો ક્ષણે ક્ષણે વિચાર કરતો અસંખ્યપ્રદેશમાં ઉતરીને પોતાના પ્રદેશોમાં લીન થઈ જાય છે ત્યારે તેને આ બાહ્યજગત્ એક સ્વપ્નસમાન ભાસે છે. જ્યારે કોઈ પુરૂષ ઉંઘતો હોય ત્યારે સ્વપ્ન આવે છે તેને તે દશામાં સત્ય કરી માને છે. પણ જ્યારે તે જાગે છે ત્યારે સ્વપ્નસૃષ્ટિ મિથ્યા લાગે છે, અને જ્યારે સ્વપ્નદશામાં જાય છે ત્યારે દેખાતી દુનિયા નથી એમ ભાસે છે, આત્મા ખરેખર સ્વપ્ન અને જાગૃતદશાથી ભિન્ન શુદ્ધ ચૈતન્યદશાવાળો છે અને તે કેવલજ્ઞાને અનંતપદાર્થને જાણે છે અને કેવલ દર્શને અનંતપદાર્થને દેખે છે. અધ્યાત્મદૃષ્ટિથી પોતે અને જડવસ્તુઓ ભિન્ન ભિન્ન જણાય છે. અહો! ચૈતન્યની આવી શુદ્ધ સ્થિતિ અનંતભવમાં ભમતાં આજ જણાઈ, આવી સ્થિતિને પ્રાપ્ત થએલ પુરૂષ પોતાની ઐકયતાની ટેક રાખે છે, પ્રથમ દ્વન્દ્વ અવસ્થામાં અને ભ્રમાવસ્થામાં જે અનેકતા હતી તે સર્વ ટળી જાય છે, ઇન્દ્રિયસુખથી પરાङ्મુખ થઈ કર્મની નિર્જરા કરે છે, કેવલજ્ઞાનસમુદ્રમાં આત્મા સદાકાળ ઝીલે છે.

કોઈ અજ્ઞાની કૃરકષ્ટ સહન કરે છે, અને પંચાગ્નિ

મુખ તપ કરીને શરીરને બાળી નાખે છે, કોઈ અજ્ઞાની અગ્નિના ધૂમાડાનું પાન કરે છે, કોઇ નીચુ મુખ રાખી ઉર્ધ્વપગ કરી ઝુલે છે, કોઇ કાશીમાં કરવત લેઇ શરીરને કાટે છે, કોઇ સેવાળનું ભક્ષણ કરી કાયાને ગાળે છે. કોઈ આકડાનું પાન કરી તપ કરે છે, કોઈ દ્રવ્યથી મુનિવેષ લેઈ બાહ્યક્રિયામાં મગ્ન રહે છે, પણ એવી અજ્ઞાનકષ્ટક્રિયા કરવાથી મુક્તિ થતી નથી. જેમના હૃદયમાં જ્ઞાનકળા અવતૃત થઈ હોય છે તેજ મુક્તિપદ પામે છે, પણ જેઓ કેવળ ક્રિયા કરનારા છે તેઓ તો ભ્રમમાં ભૂલ્યા છે. હે ભવ્યઆત્મા! તું નિશ્ચયથી સમજ કે સમ્યક્જ્ઞાનવિના મોક્ષ નથી—

ज्ञानविना व्यवहारकों, कहा बनावत नाच;
रत्न कहो को काचकुं, अंत काचको काच.

જેમ મનુષ્ય ફળ વિના ઉદ્યમ કરતો નથી તેમજ યોદ્ધો આત્મભોગ આપ્યા વિના જય મેળવતો નથી. દેહવિના પરમાર્થ થતો નથી, પ્રેમવિના રસની સ્થિતિ જણાતી નથી, અને ધ્યાનવિના મનની ગતિ દેખાતી નથી, તેમ આત્મજ્ઞાનવિના મુક્તિમાર્ગ સૂઝતો નથી. જ્ઞાન એ અનંતપ્રકાશી દિવ્યવસ્તુ છે, જ્ઞાનના પરમપ્રભાવથી અધ્યાત્મજ્ઞાનનો માર્ગ પ્રાપ્ત થાય છે, જ્ઞાનની જ્યોતિથી પ્રકાશમાન થએલા જ્ઞાનિયોની સ્થિતિ અનિર્વચનીય છે, હૃદયમાં અધ્યાત્મજ્યોતિથી નિર્મલવિવેક પ્રગટે છે. શ્રીવિજયલક્ષ્મીસૂરિ કહે છે કે—

अध्यातम वण जे क्रिया, तेतो बालक चाल;
तत्त्वारथथी धीछजो, नमो नमो क्रिया विशाल.

અધ્યાત્મજ્ઞાનથી તદ્હેતુ અને અમૃત ક્રિયાની પ્રાપ્તિ થાય છે તદ્હેતુ અને અમૃતક્રિયાથી કેવલજ્ઞાન પ્રગટે છે. કહ્યું છે કે—

अनन विष गरल थके, चारगतिमें भमंत;
तद्धेतु अमृतथके, केवलज्ञान लहंत. ॥ १ ॥

આત્મજ્ઞાની પરમાત્મ સમાન પોતાની સત્તા ધારે છે, અને અસંખ્યપ્રદેશોમાં અભેદરૂપે રહેલી જ્ઞાનાદિક લક્ષ્મીનો ભોગી બને છે, શ્રી વિજયલક્ષ્મીસૂરિજી આત્મ-દ્રવ્યનું વર્ણન શ્રી મુનિ સુવ્રતનાથના સ્તવનમાં કરે છે, તે અત્ર ઉપયોગી હોવાથી લખવામાં આવે છેઃ—

श्री मुनिसुव्रत गुणनीलो, चरणादिक हो अनंतगुण कंदके;
केवली पण एक समयना, गुण जाणे हो नवी कहेवा
अमंदके. श्री. ॥ १ ॥

वचन अगोचर गुण थकी, भांगे अनंत हो खलु होवे वाच्यके;
श्रुतधर केवली सारिखा, तेहमां पण हो कांइक कहेवायके.
श्री. ॥ २ ॥

त्रिभुवन जीव गणवा विषे, म मयासी हो वर्ते समकालके;
अनंतभवे पण क्षणिकनुं, कहेवा असमर्थहो गुण दीन
दयालके. श्री. ॥ ३ ॥

असंख्यप्रदेश आतमतणा, तेहमां पण हो कोइक प्रदेशके;
अस्ति नास्ति नित्यादिके, धर्म पर्यव हो गुण अनंत
आवेशके. श्री. ॥ ४ ॥

संख्यातीत निज देशमां, गुण अनंतना हो समाणा केमके;
लोकप्रदेश असंख्य विषे, द्रव्य पर्यवहो समाये जेमके. श्री. ॥ ५ ॥
तेम व्यक्तिपणे गुणताहरे, तिम शक्तिथी हो माहरे छे नाथके;
उपादान समरे सही, शुभ हेतुथी हो प्रगटे निज आथके. श्री. ॥ ६ ॥
लोह हिये पारस फरसथी, अबोधना हो तिम मनथी नाथके;
सौभाग्यलक्ष्मी सूरि गुणनिधि, अवलंबनां हो तन्मय पद
पाय के. श्री. ॥ ७ ॥

શ્રી વિજયલક્ષ્મીસૂરિ કૃત આત્મદ્રવ્યની સ્તુતિમાં આત્મદ્રવ્યનું શુદ્ધસ્વરૂપ બતાવ્યું છે, એવું શુદ્ધાત્મદ્રવ્ય સદાકાળ આરાધ્ય પૂજ્ય છે, શ્રી કેવલી વીરપ્રભુએ યથાર્થ શુદ્ધાત્મ દ્રવ્યને જાણ્યું તેનો લાભ આપણે લેવો જોઇએ. પરમશુદ્ધ ચિદાનંદ પરમાત્માની હૃદયમાં સદાકાળ ભાવના ભાવવી, હૃદયમાં પરમાત્મ ભાવનાથી આત્મા અને પરમાત્માનો ભેદભાવ ટળી જાય છે. શ્રી આનંદઘનજી કહે છે કેઃ—

जिनस्वरूप थइ जिन आराधे, ते सहि जिनवर होवेरे;
भमरी इलिकाने चटकावे, ते भ्रमरी जग जोवे रे. पद्. ॥

પરમાત્મસ્વરૂપની ભાવનાથી આત્મપ્રદેશોમાં રહેલી જ્ઞાનાદિક શક્તિયો ખીલે છે, માટે હરતાં ફરતાં ખાતાં પીતાં સદાકાળ આત્માને વિષે પરમાત્મભાવના કરવી, તેથી દેવ્યજીવન બીજના ચંદ્રની પેઠે વૃદ્ધિ પામે છે. ભાવનાની અદ્ભુત શક્તિ છે, સુખની ભાવના કરવાથી સુખ થાય છે. અને દુઃખની ભાવના કરવાથી દુઃખ થાય છે, અનેક પ્રકારોના રોગો થતાં પણ અધ્યાત્મજ્ઞાનથી નિરોગીપણાની ભાવના કરવાથી થતું દુઃખ માલુમ પડતું નથી, ભાવનાનું સ્વરૂપ નીચે પ્રમાણે ગાયું છેઃ—

भावना जेवी तेवुंज फल पावो, जेवुं ध्येय तेवा थइ जावोरे.
भावना.
रंकनी भावना रंकनां दुःख दे, सुखिनी भावनाथी सुखो;
ध्येयस्वरूप दील थातां शुभाशुभ, आतममां सुख दुःखो रे.
भावना. ॥ १ ॥
शुभाशुभ संस्कार पडे छे दील, पुण्य पाप भावनाथी;
संस्कारथी मति तेवीज प्रगटे, लागे स्वरुज समज्याथी रे.
भावना. ॥ २ ॥

दोषोनी भावनाथी दोषोना बीजने, वावे हृदयमांहि प्राणी;
गुणोनी भावनाथी गुण संस्कारने, प्रगटावे दील ज्ञानी रे.
भावना. ॥ ३ ॥

इयल भ्रमरी भावना जोरथी, भृंगी स्वरूप झट पावे;
सिद्ध स्वरूपने ध्याने विचारतां, सिद्ध बुद्ध पद पावे रे.
भावना. ॥ ४ ॥

उच्चने नीचपणुं भावना जोरथी, थाशे हृदय ल्यो विचारी;
बुद्धिसागर सिद्ध ध्येयना ध्यानथी, सिद्ध स्वरूप जयकारी रे.
भावना. ॥ ५ ॥

આ પદમાં ભાવનાની અદ્‌ભૂત શક્તિ દર્શાવી છે, તે પ્રમાણે પરમાત્મભાવનાને સદાકાળ આત્મામાં ભાવવી. પરમાત્મભાવથી કર્મમેલ રહેતો નથી, અનેક પ્રકારના ઉપાધિના સંયોગો પ્રાપ્ત થતાં પણ અંતરમાં પરમાત્મભાવનો પ્રવાહ વહેવડાવવો. પરમાત્મભાવના એકક્ષણ વા ઘડીમાત્ર કરવાથી આનંદઅનુભવ મળે તેમ આશા રાખશો નહીં. રાત્રી અને દીવસ અંતરથી પરમાત્મભાવના ભાવવી, પરમાત્મભાવનામાં એવું સામર્થ્ય છે કે, આત્માને પરમાત્મસ્વરૂપમય કરે છે. પરમાત્મભાવના મનથી ભાવવાની છે, તેમાં કંઈ બે પૈસાનું ખર્ચ થવાનું નથી. પરમાત્મભાવના ભાવતાં કંઇ કોઇને આપવાનું નથી. પરમાત્મભાવના રોગીમનુષ્યને નિરોગી કરે છે. શોકી પુરુષને શોકરહિત કરે છે. દીનમનુષ્યને જિન કરે છે, પરમાત્મભાવના પરમામૃતની ક્યારી છે, પરમાત્મભાવનામાં એવું સામર્થ્ય રહ્યું છે, તે શ્રાવક તથા સાધુના ગુણોને પ્રગટાવે છે, પરમાત્મભાવનારૂપ સૂર્ય હૃદયમાં ઉગતાં દોષરૂપ અંધકાર તુર્ત નાશી જાયછે, જો અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે તો પરમાત્મભાવનાનો માર્ગ સરળ થાય છે, શ્રીવીરપ્રભુએ **અપ્પા સો પરમપ્પા,** **આત્મા તેજ પરમાત્મા,** એવી ભાવનાભાવીને કેવલજ્ઞાન

પ્રાપ્ત કર્યું, શ્રી ભરતરાજાએ તથા આષાઢાભૂતિ આચાર્યે પરમાત્મભાવનાથી અલ્પકાલમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું, ઔદયિક ભાવમાં તન્મય દૃષ્ટિવાળા જીવો પરમાત્મભાવના ભાવી શકતા નથી, ઔદયિકભાવથી પોતાના આત્માને જે ભવ્યો ભિન્ન જાણે-દેખે છે એવા અધ્યાત્મજ્ઞાનિયોજ પરમાત્મભાવનામાં પોતાનું જીવન ગાળે છે. એક શ્લોકને ૧૦૮ એકસો આઠ વાર ગોખીને તન્મયચિત કરવામાં આવે છે તો સદાકાળ તેની યાદી આવે છે. તેમજ જે વસ્તુને પ્રિય ગણી તેનું મનન કરવામાં આવે છે તો તે સ્વપ્નમાં પણ યાદી આવે છે, ત્યારે આત્મામાં પરમાત્માની ભાવના કરીએ તો **પરમાત્મરૂપે** આત્મા પ્રકાશે તેમાં કંઈ આશ્ચર્ય નથી–

आतम सो परमातमा, परमातम सो सिद्ध;
बीचकी दुबधा मिट गइ, प्रगट भइ सुजरुद्ध. ॥ १ ॥

એક કરોડાધિપતિ હોયપણ તે પોતાને અનેક સંયોગોમાં દુઃખી દેખે તો શું તેને કરોડ રૂપૈયાથી જરા માત્ર પણ સુખ મળવાનું. ના કદી નહીં, કરોડ રૂપૈયા છતાં પણ અંતરની ભાવનામાં દુઃખ ધારવાથી દુઃખીજ પ્રાણી થાય છે. તેમજ કરોડ રૂપૈયા પોતાની પાસે ન હોય તોપણ સંતોષ ભાવનાથી મનુષ્ય સુખી થાય છે. ચારખંડનો બાદશાહ (શહેનશાહ) હોય પણ અંતરમાં અસંતોષની ભાવનાથી દુઃખીજ હોય છે. તેમજ પાસે ફક્ત એક બે વસ્ત્ર હોય અને એક પાત્ર હોય એવો અધ્યાત્મજ્ઞાની પરમાત્મ ભાવનાથી સંતોષી બની ઇન્દ્ર કરતાં પણ અનંતગુણ અધિક સુખનો ભોગી બને છે. સર્વ પ્રકારની ઉપાધિ રહિત થએલ આત્મા પરમાત્માની હૃદયમાં ભાવના ભાવી સત્તામાં રહેલી અનંતલક્ષ્મીનો પ્રકાશ કરે છે. આવું ઉત્તમ શુદ્ધ ભાવનાનું બળ હૃદયમાં વિચારી સદાકાળ શુદ્ધાત્મભાવનામાં મસ્ત રહેવું. જે પુરૂષો શુદ્ધાત્મભાવના ભાવે

છે, તે પુરૂષો રાજાઓના પણ રાજા છે અને ઇન્દ્રોના પણ ઇન્દ્ર છે, જે પુરૂષો તીવ્ર વીર્યાવેશથી શુદ્ધભાવના ભાવે છે તે અલ્પકાળમાં પરમાત્મારૂપ બને છે. અને જે પુરૂષો પરમાત્મભાવનામાં મંદવીર્યવાળા છે, અને થોડીવાર ભાવના ભાવે છે વળી થોડીવાર ભાવના ભાવતા નથી, તે લાંબાકાળે પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. જેમ વાદળાં એક ધારાએ જોરથી વર્ષે છે તો થોડીવારમાં તળાવ ભરાઇ જાય છે અને ફરફરરૂપે વાદળાં-ઘડી વર્ષે અને ઘડી વર્ષે નહીં એમ-વર્ષે છે તો. લાંબાકાળે તળાવમાં પાણી થાય છે. આ દૃષ્ટાંતથી ભવ્ય મનુષ્યે સમજવાનું કે ફરફરીયા મેઘની પેઠે પરમાત્મભાવના કરી થોડાકાળમાં પરમાત્મગુણની આશા રાખીએ તે કેમ સિદ્ધ થાય? માટે રાગદ્વેષ ઉપાધિના અનેક સંયોગો પ્રાપ્ત થતાં પણ તીવ્રજોરમાં બહુ પ્રેમ લાવી એક સ્થિર ચિત્તથી પરમાત્મભાવના ભાવવી. આવી પરમાત્માની ભાવના [illegible] ઉપયોગે [illegible] તમે પણ ચાર દીવસ સુધી કરી જુઓ. તમને આત્મામાં આનંદના ઉભરા માલુમ પડશે. અને તમારા આચરણમાં વિચારમાં તેમજ ઉચ્ચારમાં બહુ ફેરફાર થઇ ગયેલો માલુમ પડશે. પ્રસન્નચંદ્ર રાજર્ષિના મનમાં એક અંતર્મુહૂર્તમાં શુદ્ધ પરમાત્મભાવનાની તીવ્રતાથી કેવો ફેરફાર થયો, તે તમે જરા હૃદયમાં વિચારો! તે [illegible] તેમજ તેમનું શરીર સ્થિર હતું. પણ અશુદ્ધ અને શુદ્ધ ભાવનાથી તેઓ [illegible] શ્રીકૃષ્ણજીએ [illegible]

[illegible]

આત્મજ્ઞાનિયો શુદ્ધાત્મભાવનાને ઇષ્ટ ગણે છે અને અશુદ્ધ ભાવનાનો પરિહાર કરે છે ત્યારે અજ્ઞાની પુરૂષો રાગદ્વેષરૂપ અશુદ્ધ ભાવના ભાવે છે, તેવા અજ્ઞાની જીવો શુદ્ધ ભાવનાનું સુખ ક્યાંથી ચાખી શકે? આત્મજ્ઞાન વિના અશુદ્ધ ભાવનાથી દરેક જીવો વાસીત હોય છે. અહો! આ પ્રમાણે જાણતાં છતાં પણ આત્માની ઉન્નતિ માટે પ્રેમોત્સાહ ન પ્રગટે તો પાપનો ઉદય જાણવો. આત્મા પરમાત્મારૂપ છે એમ જાણી આત્માની પરમાત્મસ્થિતિ કરવા જે ભાવનાદિપ્રયત્ન કરવો તેને અધ્યાત્મચારિત્ર કહે છે. અધ્યાત્મજ્ઞાન પામ્યાથી અધ્યાત્મચારિત્રની પ્રાપ્તિ થાય છે, ચોથા ગુણઠાણાથી આત્મજ્ઞાન (અધ્યાત્મજ્ઞાન) ની પ્રાપ્તિ થાય છે, અને પશ્ચાત્ અધ્યાત્મચારિત્ર પ્રાપ્ત થાય છે, કેટલાક અધ્યાત્મજ્ઞાતા હોય છે પણ રાગદ્વેષને રોકી શકતા નથી. વિષયના વિકારને રોકી શકતા નથી. નિંદા, પ્રપંચને રોકી શકતા નથી. આવી તેમની સ્થિતિથી માલુમ પડે છે કે, અધ્યાત્મજ્ઞાનબાદ હેયરૂપ જે રાગદ્વેષ, નિંદાવિકથા વિગેરે દોષો તેના વેગોને ટાળવા માટે તેમણે જરા માત્ર પણ પ્રયત્ન કર્યો નથી, અશુભવિચારોને રોકવા જરા માત્ર પણ પ્રયત્ન કર્યો નથી. હિંસા જૂઠ વિગેરે દોષો ટાળવા જરામાત્ર પણ આત્મવીર્ય ફોરવ્યું નથી. અવિરતિને ટાળવા આધ્યાત્મક્રિયાનો આદર કર્યો નથી. આત્મજ્ઞાની થયા બાદ પણ આત્મક્રિયા કરવાની જરૂર છે. જ્ઞાનવિના ક્રિયા કરવાની સમજણ પડતી નથી. શ્રી દશવૈકાલીકમાં કહ્યું છે કે પઢમં નાણું તઓદયા, પઢમં નાણંતઓકિરિયા જ્ઞાન થયા પૂર્વે ક્રિયા કરવી નહીં, એવા વિચાર ઉપર કોઇએ આવવું નહીં. તે પહેલાં પણ અભ્યાસરૂપ ક્રિયાઓ કરવાની જરૂર છે.

ચોથા ગુણ ઠાણાથી માંડી ચઉદમા ગુણસ્થાનક પર્યંત અધ્યાત્મથી ક્રિયા કહેલી છે, પણ તેનાં ગુણઠાણાની સ્થિતિ પ્રમાણે બહુ તરતમ ભેદ પડે છે ઉપર ઉપરના

ગુણઠાણે અધ્યાત્મક્રિયાની વિશુદ્ધિ થતી જાય છે, ઉપાદાનની અપેક્ષાએ અધ્યાત્મ જ્ઞાન અને અધ્યાત્મક્રિયાથી મોક્ષ છે. ઉપાદાનકારણની સાથે નિમિત્તકારણ લેતાં વ્યવહારજ્ઞાન અને વ્યવહારક્રિયાપણ મોક્ષના પ્રતિ કારણીભૂત છે. ચોથા ગુણઠાણે આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. અને ત્યાંથી અધ્યાત્મક્રિયા શરૂ થાય છે. શ્રીયશોવિજયજી ઉપાધ્યાય અધ્યાત્મસારમાં કહે છે,—

શ્લોક.

अपुनर्बंधकाद् यावत्, गुणस्थानं चतुर्दशं;
क्रमशुद्धिमती तावत्, क्रियाध्यात्ममयी मता.

અ— [illegible] ચોથા ગુણઠાણાથી અધ્યાત્મજ્ઞાન થાય છે. તથા અધ્યાત્મક્રિયા પ્રાપ્ત થાય છે. કેટલાક અધ્યાત્મ-

સંસારમાં આનંદ પામનાર મનુષ્ય અધ્યાત્મવૈરિણી એવી ક્રિયાને કરે છે.

श्लोक.

शांतो दांतः सदा गुप्तो, मोक्षार्थी विश्ववत्सलः ॥
निर्दंभां यां क्रियां कुर्यात्, साध्यात्मगुणवृद्धये. ॥ १ ॥

ભાવાર્થ—શાંત, દાંત, ગુપ્તેન્દ્રિય, મોક્ષાર્થી, વિશ્વવત્સલ એવો પુરૂષ જે ક્રિયા કરે છે તે અધ્યાત્મગુણની વૃદ્ધિ માટે થાય છે. જ્ઞાન અને ક્રિયાથી બે ભેદે અધ્યાત્મછે.

श्लोक.

अतो ज्ञान क्रियारूपमध्यात्मं व्यवतिष्ठते; ॥
एतत् मत्वर्धमानं स्यात्, निर्दंभाचार शालिनाम्. ॥ १ ॥

જ્ઞાનક્રિયારૂપ અધ્યાત્મની વૃદ્ધિ નિર્દંભાચારી પુરુષોને થાય છે, અધ્યાત્મજ્ઞાની ગીતાર્થ મુનિરાજ પ્રતિદિન આત્મામાં ઉપાદેય બુદ્ધિ ધારણ કરી પુદ્ગલને હેયગણી તેમાં રમતો નથી અધ્યાત્મજ્ઞાની ગીતાર્થમુનિ જે જે અપેક્ષાએ આચરે છે તે મોક્ષના માટે જ. અસંખ્ય યોગ મુક્તિ પામવાના કહ્યા છે. તેમાં પણ નવ પદ મુખ્ય છે. અને એ નવ પદમાં પણ જ્ઞાનદર્શન ચારિત્રાણિ મોક્ષ માર્ગઃ જ્ઞાનદર્શન, ચારિત્ર એ ત્રણ મોક્ષ માર્ગ છે. જ્ઞાન, દર્શન ચારિત્રમાં સદાકાળ અધ્યાત્મયોગી રમણતા કરે છે. આત્મજ્ઞાનાય તન્નિત્યં યત્નઃ કાર્યો મહાત્મના. પરમ આનંદપદની સ્થિતિ ઉપર વર્ણવી તે પ્રાપ્ત કરવા માટે આત્મજ્ઞાન એક કારણ છે, માટે આત્મજ્ઞાનાર્થે મહાત્માએ સદાકાળ ઉદ્યમ કરવો જોઇએ. આત્માનું જ્ઞાન થતાં બાકી કંઈ જાણવાનું રહેતું નથી, એમ ઉપાધ્યાયજી જણાવે છે.

श्लोक.

ज्ञाते ह्यात्मने नो भूयो, ज्ञातव्यमवशिष्यते;
अज्ञानं पुनरेतस्मिन्, ज्ञानमन्यन्निरर्थकम् ॥ २ ॥
नवानामपि तत्त्वानां, ज्ञानमात्मप्रसिद्धये;
येनाजीवादयो भावाः, स्वभेदप्रतियोगिनः ॥ ३ ॥

આત્મતત્ત્વ જાણે છે તેને અન્ય કંઇ જાણવાનું બાકી રહેતું નથી. જ્યાંસુધી આત્માને જાણ્યો નથી ત્યાં સુધી અન્યજાણેલું સર્વ અજ્ઞાનરૂપ છે. નવતત્વોનું જ્ઞાન કરવું છે તે પણ આત્મતત્વની સિદ્ધિને માટે જ જાણવું. જે વડે અજીવાદિ ભાવો પણ સ્વભેદ પ્રતિયોગી છે.

श्लोक.

एक एवहि तत्रात्मा, स्वभावसमवस्थितः;
ज्ञानदर्शनचारित्रलक्षणप्रतिपादितः ॥ ६ ॥
प्रभानैर्मल्यशक्तीनां, यथा रत्नान्न भिन्नता;
ज्ञानदर्शनचारित्रलक्षणानां तथात्मनः ॥ ७ ॥
आत्मनो लक्षणानां च, व्यवहारो हि भिन्नता;
षष्ठ्यादिव्यपदेशेन, मन्यते न तु निश्चयः ॥ ८ ॥
घटस्य रूपमित्यत्र यथा भेदो विकल्पजः
आत्मनश्च गुणानां च तथा भेदो न तात्त्विकः ॥ ९ ॥
शुद्धं यदात्मनो रूपं निश्चयेनानुभूयते,
व्यवहारो भिदाद्वारानुभावयति तत्परम् ॥ १० ॥
वस्तुतस्तु गुणानां तद्रूपं न स्वात्मनः पृथग्
आत्मास्यादन्यथानात्मा ज्ञानाद्यपि जडं भवेत् ॥११॥
चैतन्य पर सामान्या सर्वेषामेकतात्मनाम् ॥
निश्चिता कर्मजनितो भेदः पुनरूपप्लवः ॥

ભાવાર્થ—શુદ્ધ એક આત્મા સ્વસ્વભાવે સમવસ્થિત છે, જ્ઞાનદર્શનચારિત્ર એ વિશેષગુણ લક્ષણોવાળો આત્મા છે. જેમ પ્રભાનિર્મલતા શક્તિની ભિન્નતા રત્નથી નથી, તેમજ જ્ઞાનદર્શન ચારિત્ર પણ આત્માથી ભિન્ન નથી, આત્મા અને લક્ષણોની ભિન્નતા ષષ્ઠી વિભક્તિના વ્યવહારથી છે, પણ નિશ્ચયનયથી ભિન્નતા નથી. જેમ ઘટ અને ઘટનું રૂપ એ બેને ભેદ વિકલ્પમાત્ર છે, તેમ આત્મા અને ગુણોનો ભેદ વિકલ્પમાત્ર છે, વસ્તુતઃ જોતાં આત્મા અને આત્માના ગુણોનું અભેદપણું છે, આત્માનું શુદ્ધ સ્વરૂપ નિશ્ચયથી અનુભવાય છે, નિર્વિકલ્પદશામાં તેનો પુરેપૂરો અનુભવ થાય છે, અને તેથી આહ્લાદદશાનું ભાન ભૂલાતાં સહજાનંદ પ્રગટે છે, મનની નિષ્ક્રિય અવસ્થામાં આત્માની સિદ્ધિયો પ્રગટ થાય છે, તે પણ નિશ્ચયથી આત્માનો શુદ્ધાનુભવ જ સમજવો, અને વ્યવહારથી ભેદનો અનુભવ થાય છે, વસ્તુતઃ જોતાં ગુણોનું અને આત્માનું સ્વરૂપ ભિન્ન નથી, ગુણ અને ગુણી એકજરૂપ છે, જો જ્ઞાનાદિક ગુણથી આત્મા ભિન્ન હોય તો આત્મા જડ થઇ જાય, કારણ કે જ્ઞાનથી ભિન્ન જે જે વસ્તુઓ છે તે જડ કહેવાય છે. આત્મા જ્ઞાનથી ભિન્ન નથી માટે તે ચેતનાલક્ષણ વિશિષ્ટ ચેતન કહેવાય છે, ચૈતન્યપર સામાન્યરૂપી સર્વ આત્માઓની એકતા છે, અને કર્મનો ભેદ તેતો નિશ્ચયથી જોતાં વિટંબનારૂપ છે, વ્યવહાર અને નિશ્ચયનયની દૃષ્ટિનો ભેદ કહે છે—

શ્લોક.

मन्यते व्यवहारस्तु भूतग्रामादिभेदतः
जन्मादेश्च व्यवस्थातो मिथो नानात्वमात्मनाम् ॥ १३ ॥
न चैतन्निश्चये युक्तं भुक्तं भूतग्रामो यतोखिलः
नामकर्मप्रकृतिजः स्वभावो नात्मनो पुनः ॥ १४ ॥

જીવસમુદાયના ભેદથી તથા બાલ, યુવાન, વૃદ્ધ અવસ્થાના ભેદથી જીવોનું ભિન્ન ભિન્નપણું છે. પણ નિશ્ચયનય આવો કર્મનો ઉપાધિભેદ દૂર કરી અભેદપણું સ્વીકારે છે. નામ કર્મજનિત શરીરાદિ ભેદ છે તે નિશ્ચય નયથી આત્માના નથી, આત્મા પરમબ્રહ્મરૂપ સમાધિ અવસ્થાને પામી અક્ષર અખંડ નિર્ભય અજ અમર અકલંક, અવિનાશી ધ્રુવ એવા પોતાના સ્વરૂપમાં ખેલે છે. આવી શુદ્ધ આત્મસ્વરૂપ સમાધિને પ્રાપ્ત કરી ભવ્યજીવો સંસારસમુદ્રને તરી જાય છે. આત્મજ્ઞાની યમ-નિયમ, આસન, પ્રાણાયામ-પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ યોગના ભેદને અનુક્રમે પામે છે, શ્રી ગૌતમસ્વામીને આત્મપદારાધન કરતાં અઠ્ઠાવીશ લબ્ધિયો ઉત્પન્ન થઇ હતી. હાલ પણ એ યોગના અંગોને આરાધે છે તેને આત્મલબ્ધિયો ઉત્પન્ન થાય છે. આત્મજ્ઞાની આત્મયોગને પ્રાપ્ત કરી અક્ષય નિર્મલપદ પ્રાપ્ત કરે છે, યોગનાં ચાર અંગ વ્યવહાર ચારિત્રમાં સમાય છે, અને ઉત્તરનાં ચાર અંગ નિશ્ચય ચારિત્રમાં સમાય છે. સહજયોગી ઉત્તર અંગ પ્રાપ્ત કરે છે, હઠયોગી પ્રાણનો રોધ કરી હઠસમાધિની સ્થિતિ પ્રાપ્ત કરે છે, પણ રાગદ્વેષનો ક્ષય થતો નથી. જ્ઞાનયોગી રાગદ્વષનો ક્ષય કરે છે. હઠયોગી જો સહજયોગ સમાધિને પ્રાપ્ત નહિ કરે તો પરમબ્રહ્માવસ્થાને પ્રાપ્ત કરી શકતો નથી. હઠયોગી દેવતાના ચમત્કારમાં લોભાય છે, બીજાને શ્રાપ આપે છે, પણ તે માયાનો નાશ કરી શકતો નથી, માટે પ્રથમનાં ચાર અંગ સાધીને ઉપરનાં પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ ચાર અંગ પ્રાપ્ત કરવાં જોઇએ. આત્મજ્ઞાનથી આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવું એજ સિદ્ધાંતનું રહસ્ય છે. અધ્યાત્મ સ્વરૂપનું વર્ણન કેવલીથીપણ પૂર્ણ કહી શકાતું નથી, તો મારાથી તો શીરીતે કહીશકાય ? એતો સ્પષ્ટ

વાત છે. અધ્યાત્મ તત્ત્વની સાથે યોગતત્ત્વનો નિકટ સંબંધ છે અને સાપેક્ષ બુદ્ધિથી તે બેની એકયતા પણ થાય છે. તેમ જ આવશ્યકક્રિયાદિ યોગનો પણ અધ્યાત્મ તત્ત્વની સાથે નજીકનો સંબંધ છે. અધ્યાત્મજ્ઞાની છ આવશ્યક ક્રિયાનો પૂર્ણરીત્યા આદરકરી આત્મ જીવનની વૃદ્ધિકરે છે, અધ્યાત્મ શાસ્ત્રની સાથે ભક્તિયોગનો પણ પૂર્ણ સંબંધ છે, અષ્ટાંગયોગનું આ સ્થળે વિવેચન કર્યું નથી, સંબંધ હશે તો તે સંબંધી આગળ વિવેચન થશે. આત્મતત્ત્વનું વિવેચન અનેક કારણોને લીધે અનુક્રમ પૂર્વક કરાયું નથી જેવી જેવી આત્માામાં જ્ઞાનની સ્ફુરણા થઇ તેવું તેવું લખાયું છે, પરસ્પર નયોની સાપેક્ષતા વાચકે સમજીલેવી. કોઇ સ્થળે સમજણ ન પડે તો સદ્ગુરૂને પૂચ્છા કરી નિર્ણય કરવો, અધ્યાત્મતત્ત્વમાં સદ્ગુરૂ મુનિરાજની આજ્ઞાલેઇ પ્રવેશ કરવો, પરસ્પર નયોની સાપેક્ષતાથી સ્યાદ્વાદશાસનમાં યથાર્થ અધ્યાત્મતત્ત્વ પ્રકાશે છે. તે જાણવાથી એકાંત અધ્યાત્મજ્ઞાન જે કહેવાય છે તેનો પરિહાર થાય છે. શ્રી હરિભદ્ર તથા શ્રી ઉમાસ્વાતિ તથા શ્રીજિનભદ્રગણિ તથા શ્રીહેમચંદ્રાચાર્ય, જેવા ધર્મધુરંધર જ્ઞાનિયોગી મુનિરાજેએ અધ્યાત્મ ઋદ્ધિયોને પ્રાપ્ત કરી વીતરાગ ધર્મની વૃદ્ધિ કરી છે. આ પ્રબંધ સમાપ્ત કરતાં કેટલુંક કહેવાનું છે. તે ધ્યાનમાં હેવું જોઇએ, તપશ્ચર્યામાં ક્રોધ દૂષણ છે. ક્રિયામાં નિંદા વને છે. તેવી રીતે અધ્યાત્મજ્ઞાની બની શુષ્કજ્ઞાની ન થવું જોઇએ. કોઇ જેનાથકી સદ્ગુરૂ ગાજેછે, અને જે સદ્ગુરૂને પ્રભુ સમજી તેમની આજ્ઞામાં સદા કાળ વર્તે છે, અને વચન, મન, કાયાથી શ્રી સદ્ગુરૂ મુનિરાજને અધિક ગણે છે તેમને તો શુષ્કજ્ઞાનીપણું પ્રાપ્ત થાયજ નહીં. શ્રી સદ્ગુરૂ મુનિરાજની આજ્ઞામાં ધર્મ છે. કેટલાક લોકો સદ્ગુરૂ મુનિના વિના ખોટી મોટી વાતો કરે છે. પણ તેમના મુખ થી એક સદ્ગુરૂઓની નિંદાના શબ્દો સાંભળીને ...

કેટલાક વાચિક જ્ઞાનિયો તો સ્વચ્છંદી બની હોળીનાં છોક-
રાંની પેઠે આચરણ આચરે છે. ભવ્ય જીવોએ, માધ્યસ્થ
દૃષ્ટિથી ચોરાશીગચ્છની જુદી જુદી ક્રિયાના ભેદો જાણી સાર
ખેંચવો. અને કોઇના ખંડન મંડનમાં પડવું નહિં.
સત્ય લાગે તે ગ્રહણ કરવું. અધ્યાત્મ તત્ત્વમાં કોઇ ગચ્છનો
જુદો મત નથી. નવતત્ત્વમાં કોઈ ગચ્છનો જુદોમત નથી,
માટે જે જે ભેદો દેખાય તે તરફ માધ્યસ્થદૃષ્ટિની ભાવનાથી
વર્તી ભ્રાતૃભાવમાં વધારો કરવાથી સત્યતત્ત્વોનો વિશેષતઃ પ્ર-
કાશ થશે, પોતાના ધર્મની મહતા ખુબી બતાવવાથી અન્ય લો-
કોમાં વિશેષતઃ ધર્મનો ફેલાવો થશે. હું જે કહું છું તથા
લખું છું, તેમાંથી ભવ્યજીવોએ નયોની સાપેક્ષતાથી સાર
ખેંચવો. સાપેક્ષબુદ્ધિથી સમજતાં અધ્યાત્મતત્ત્વ હૃદયમાં
પરિણામ પામશે. અને નિરપેક્ષ બુદ્ધિથી વાંચતાં તથા
સાંભળતાં વિપરીત પરિણમન થશે. કોઇ પણ પુરૂષે લેખ
લખ્યો હોય વા વ્યાખ્યાન આપ્યું હોય, તેના ઉપર ઇર્ષ્યા
કરવી નહીં, તેના કરતાં સારા લેખ અને સારૂ વ્યાખ્યાન
આપવામાં આવશે તો ભવ્ય જીવો. અલબત વિશેષ લાભ લેશે.
બીજાએ જે કાર્ય કર્યું હોય તેના કરતાં બોલીને અને
લખીને સારૂ કાર્ય કરી બતાવવું એમાં પ્રભુતા છે, પણ તેવી
પોતાનામાં શક્તિ ન હોય અને તે પ્રમાણે ગુણીનો ગુણ ન
ગ્રહણ કરાય તો આત્મા નીચકોટીમાંથી ઉચ્ચકોટીમાં પ્રવેશ કરી
શકતો નથી, સદ્ગુણ જ્યાં ત્યાંથી ગ્રહણ કરવા. ઘણા જૈનબાંધવો
પોતાના ધર્મમાં કહેલાં અધ્યાત્મઆદિ તત્ત્વોને ગુરૂગમદ્વારા
સમજી શકતા નથી. અને તેથી તેઓ સમજ્યા વિના અને
તેઓ પોતાના દર્શનમાં કહેલાં તત્વો તપાસ્યા વિના એક-
દમ પરધર્મમાં પ્રવેશ કરે છે. આશા છે કે હવે
શ્રી વીરપ્રભુનાં કહેલાં તત્વનો સુક્ષ્મસૂક્ષ્મ બુદ્ધિથી અભ્યાસ
[illegible] સમજી આપી દુનિ-
કરી માધ્યસ્થ વીતરા[illegible]

માના જીવોને પરમાત્મ પદ પ્રાપ્ત કરાવવા પ્રયત્ન કરશે. અધ્યાત્મ જ્ઞાનિ સદ્ગુરૂઓને તત્ત્વપ્રયોગે લબ્ધિયોની પ્રાપ્તિ થાય છે. અને તેથી તેઓ પ્રસંગ આવતાં સદ્ધર્મની પ્રભાવના કરે છે. શ્રીઆનંદઘનજીને ઘણી શક્તિયો પ્રાપ્ત થઇ હતી. શ્રીચિદાનંદ કપૂરચંદજી મહારાજ આકાશમાં વિહાર કરી શક્તા. શ્રી હેમચંદ્રજીએ શ્રી કુમારપાળરાજાને દૈવિક તથા આત્મિક શક્તિયો બતાવી જૈનધર્મમાં દૃઢ કર્યો, શ્રીબપ્પભટ્ટ સૂરિજીએ આમરાજાને જૈનધર્મી બનાવ્યો. શ્રીપાદલિપ્ત આચાર્યે નાગાર્જુનને જૈનધર્મી બનાવ્યો, અનેક મહાત્મા મુનિરાજાઓએ આત્મશક્તિયોને પ્રાપ્ત કરી છે. હાલ પણ જિનશાસન જયવંત વર્તે છે, સમયાનુસારે અધ્યાત્મ યોગિયો આત્મશક્તિના બળે અનેક ધર્મનાં કૃત્યો કરે છે. અને જગતના જીવોને દુઃખની બેડીમાંથી કાઢે છે. અને રાગદ્વેષથી બળતા એવા મનુષ્યોને પરમ ભાવ દયારૂપ મેઘવૃષ્ટિથી શાંત કરે છે. અધ્યાત્મ તત્ત્વ કંઈ આંખે દેખાતું નથી. તેમજ કંઈ તે સુંઘાતું નથી. અધ્યાત્મતત્ત્વને દિવ્ય જ્ઞાનચક્ષુથી દેખી શકાય છે, અધ્યાત્મ તત્ત્વસાધકોએ પ્રતિદિન સદ્ગુરૂની આજ્ઞાપ્રમાણે આત્માની ઉન્નતિ કરવા પ્રયત્ન કરવો, આજને આજ નિશાળમાં બેઠા અને વિદ્યાગુરૂ કર્યા તુરત કંઇ બી. એ.ની પરીક્ષા પસાર કરાતી નથી. હજારો વિદ્યાર્થિઓ અભ્યાસ કરવા બેસે છે. કોઈ પહેલીભણી ઉઠી જાય છે. કોઇ બીજી ચોપડી અને કોઇ મેટ્રીકસુધી ભણી ઉઠી જાય છે. અને કોઇ એમ. એ. ભણી ઉઠી જાય છે. પાંચમી ચોપડીના અભ્યાસીને એમ. એની કલાસના સિદ્ધાંતોની સમજણ રહેતી નથી. તેમ અધ્યાત્મકોટીમાં પણ કોઈ એક શ્લોક વાંચે, કોઇ, પાંચ શ્લોક, કોઇ, અર્ધ અભ્યાસ કરે, પણ પૂર્ણ અધ્યાત્મ શાસ્ત્રના અભ્યાસવિના પૂર્ણ આત્મસ્વરૂપનો અનુભવ થતો નથી, સદ્ગુરૂમુનિરાજ પાસે અધ્યાત્મતત્ત્વ ભણવા બેઠા કે તુર્ત તમને સર્વ આવડશે નહિ,

સમતા રાખશો. આત્મશ્રેયઃસાધકોએ યાદ રાખવું કે કોઇ જીવો અધ્યાત્મતત્વની અરૂચિવાળા હશે. કોઇને આ વાત ગમે નહિ. કોઇ વિરૂદ્ધ ભાષણથી અલ્પજ્ઞાનીની શ્રદ્ધા ફેરવી નાંખશે, માટે મારે પૂર્ણ વિશ્વાસ પ્રથમથી રાખવાની જરૂર છે યોગ્યતા પ્રમાણે હળવે હળવે તત્ત્વનું જ્ઞાન થશે, તેથી અધીરા બનશો નહીં, માન, પૂજા, કીર્તિ, લજ્જા, ભય, દુનિયાદારી, અનેક પ્રકારની સ્વાર્થ આશાઓનો ત્યાગ કરવાની મરજી હોયતો અધ્યાત્મતત્વ માર્ગમાં પ્રવેશ કરશો. યોગ્યતાવિના કલ્યાણ પણ થશે નહીં, ભવ્યજીવોની ઉચ્ચ સ્થિતિ કરાવી આત્મસુખનો અનુભવ જિનાજ્ઞાનુસાર કરાવવો એ ગુરૂનું પરમાર્થ બુદ્ધિનું કર્તવ્ય છે. માટે તેમની આજ્ઞા માની શ્રદ્ધા કરી અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ કરશો. શ્રી વીરપ્રભુએ કહેલાં તત્વોનો સદ્દગુરૂ પ્રકાશ કરી ભવ્યજીવોને લાભ આપે છે, તેથી સદ્દગુરૂના ઉપકારને કોઈ પહોંચે તેમ નથી. અધ્યાત્મતત્વ પ્રાપ્ત કરવા શ્રી સદ્દગુરૂના શરણે જવું. વૈદ્યની આજ્ઞાવિના ગમે તે ઔષધ ભક્ષણ કરવાથી શરીરની જેવી અવસ્થા થાય છે તેવી સદ્દગુરૂની આજ્ઞા વિના સ્વછંદી જીવોની થાય છે. "માથા સાટે માલ જેવી" જે સદ્દગુરૂની ભક્તિ કરે છે તેજ પરમાત્મસ્વરૂપને લીલામાત્રમાં પામે છે. શ્રી સદ્દગુરૂના શરણને અંગીકાર કરી અધ્યાત્મતત્વનો પ્રકાશ લાભ ભવ્યજીવો પામો, સર્વની ઉચ્ચસ્થિતિ થાઓ. અનંત લક્ષ્મીના ભોગી આત્માઓ થાઓ, અનંત રૂદ્ધિમય અસંખ્ય પ્રદેશમાં ભવ્યજીવો વાસ કરો.

अध्यात्मतत्त्वग्रंन्थोऽयं बुद्धयब्धिमुनिना कृतः
सर्वेषां मंगलानां हि मुख्यमध्यात्ममंगलम् ॥ १ ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः

મુનિ શ્રી બુદ્ધિસાગરજીનું ભાષણ.

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ।
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ॥
तुभ्यं नमस्त्रिजगतपरमेश्वराय।
तुभ्यं नमो जिन भवोदधिशोषणाय ॥

આ પ્રમાણે મંગળાચરણ કરીને જણાવ્યું કેઃ—યોગવિદ્યાની પ્રાપ્તિ કરવી એ આ ભાષણનો મુખ્ય ઉદ્દેશ છે. સામાન્ય રીતે લોકો પ્રાણને રૂંધવાને ગુફામાં પડી રહેવું અને આળસુ થવું તેને યોગ કહે છે, પણ તે ખરો યોગ નથી, કારણ કે યોગની ખરી વ્યાખ્યા નીચે મુજબ છે.

योगश्चित्तवृत्ति निरोधः

ચિત્તવૃત્તિનો નિરોધ કરવો તે યોગ.

સંકલ્પવિકલ્પનો ત્યાગ કરવો, માયાનો ત્યાગ કરવો ને આત્માનો વિચાર કરવો તેનું નામ યોગ. યોગમાર્ગ કોઈ નવો માર્ગ નથી, પણ તે અનંતકાળથી હયાતી ધરાવે છે, અને તેનો હેતુ માયાનો નાશ કરવાનો અને આત્માનું જ્ઞાનસ્વરૂપ ખીલવવાનો છે, કારણકે વિજ્ઞાનઘન એવો આત્મા જ્ઞાનના સમુદ્રરૂપ છે તે ત્રણ ભુવનના સર્વ પદાર્થોને જાણવાને સમર્થ છે, પણ તેની શક્તિ હાલ ગુપ્ત રહેલી છે, તો તે પ્રકટ કરવાને યોગનો આશ્રય ગ્રહણ કરવો. યોગના આઠ અંગ છે, તેમાં પ્રથમ અંગ યમ છે. યમના પાંચ વિભાગ પાડવામાં આવ્યા છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અહિંસા સત્ય અને ચોરી નહીં કરવી તે તો સામાન્ય રીતે સર્વે કોઇ સમજે છે, બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કરવું એટલે વીર્યશક્તિ જાળવવી અને તેની સાથે આત્માની શક્તિ પણ સાચવી રાખવાની જરૂર છે, અપરિગ્રહ—મૂર્છાનો ત્યાગ કરવો. ચારે વર્ણ યોગ માર્ગ પ્રાપ્ત કરવાને સમર્થ છે, જગતમાં ચારે

છે તેવો તે થાય છે. ભમરીનું ધ્યાન ધરવાથી ઈયળ ભમરી થાય છે. માટે પરમાત્માનું ધ્યાન કરવાથી માણસ પરમાત્મા બને છે. ત્રીજો યોગનો ભેદ આસન છે. આસન વાયુને ઠેકાણે લાવવાસારૂ શાસ્ત્રમાં પ્રરૂપ્યું છે સર્વ આસનોમાં સિદ્ધાસન મુખ્ય છે. પતંજલી અને હેમાચાર્ય તેમાં નિપુણ હતા, અને મહાવીર ભગવાને ઉત્કટ આસનથી ધ્યાન કર્યું હતું અને કેવળજ્ઞાન મેળવ્યું હતું. પ્રાણાયામ એ ચોથું અંગ છે. શ્વાસપ્રશ્વાસગતયોર્વિચ્છેદઃ શ્વાસ અને ઉશ્વાસની ગતિનો નાશ તે પ્રાણાયામ, શરીરમાં પાંચ પ્રકારના વાયુ રહેલા છેઃ–પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન અને સમાન. જુદા જુદા શરીરના ભાગમાં આ સર્વ રહેલા છે. તેમના જયસારૂ રેચક, પુરક અને કુંભકની ક્રિયા કરવાની જરૂર છે. તે ક્રિયાથી શરીરની આરોગ્યતા વધે છે, જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે અને સત્વ, રજસ અને તમોગુણની સામ્યતા થાય છે. પ્રાણાયામથી યોગીઓ આકાશમાં રહીશકતા હતા. તે ઉપર હેમાચાર્યનું દષ્ટાંત મોજુદ છે. પાટણમાં શ્રી હેમાચાર્ય એકવીશમી પાટ ઉપર બેસી અને નીચેની પાટો કાઢી નંખાવી વ્યાખ્યાન વાચ્યું હતું. આકાશમાં અધર રહી વ્યાખ્યાન વાંચી પ્રાણાયામની અપુર્વસિદ્ધિ દેખાડી હતી, માણસો મેસમેરીઝમથી થોડું ઘણું કાર્ય કરીશકે છે, તો પ્રાણાયામથી તે વધારે કામ કેમ ન કરી શકે? સંધ્યા કરતી વખતે બ્રાહ્મણો નાસિકાદ્વારા શ્વાસોશ્વાસ લે છે, તેમજ પ્રાણાયામ પણ કરે છે. બૌધધર્મમાં પણ તે બાબતે નિવેદન કરેલી છે, તેથી વીર્યનું સંરક્ષણ થાય છે અને બુદ્ધિ સતેજ થાય છે

રજોગુણ, તમોગુણ અને ચીડીયા સ્વભાવના નાશ સારૂ પ્રાણાયામની ખાસ જરૂર છે. તેનાથી શરીર હલકું બનાવી જળમાં યોગીઓ તરી શકે છે. લોકો હેતુઓ સમજતા નથી તેથી આ માર્ગ તરફ તેઓની અરૂચિ થાય છે.

શારીરિક સંપત્તિ વધે અને દેશની ઉન્નતિ થાય તે માટે જે જગ્યા શાંત અને શુદ્ધ હોય, જ્યાં સુગંધીપુષ્પો હોય જ્યાં રોગનો ઉપદ્રવ ન હોય, જ્યાં ઘણા લોકો કોલાહલ કરતા ન હોય તેવા શાંત સ્થળમાં પ્રાતઃકાલમાં પ્રાણાયામ કરવા; **ततःप्रकाशावरणम् क्षीयते,** તેથી પ્રકાશના આવરણનો નાશ થાય છે. સરોવર શાંત અને નિર્મળ હોય ત્યારે સૂર્યનો પ્રકાશ તેનાપર પડે તેમ જ્યારે મન શાંત હોય ત્યારે આત્માનો પ્રકાશ યથાર્થ તેના પર પડી શકે છે. હેમાચાર્યે પ્રાણાયામના બળથી શરીરબળ જાળવી રાખ્યું હતું. આનંદઘનજી મહારાજ પણ પ્રાણાયામની જરૂર બતાવે છે. હરિભદ્રસુરી, વિગેરે પણ તેની જરૂર સિદ્ધિ કરે છે. પણ પ્રાણાયામની ક્રિયા ગુરૂ પાસેથી ગ્રહણ કરવી. યોગનું પાંચમું અંગ પ્રત્યાહાર છે. ચિત્તની વૃત્તિઓને બહાર ભટકતી અટકાવવી અને પાંચ ઇંદ્રિયોના વિષયોને જીતવા તેનું નામ પ્રત્યાહાર. જેને આત્માને યથાર્થ રીતે જાણ્યો છે, તેજ પુરૂષ ઇંદ્રિયોના વિષયોથી ઉપજતા સુખનો ત્યાગ કરી શકે. સંસારરૂપી સમુદ્ર તરવાને શરીરરૂપી વહાણની જરૂર છે. ઇંદ્રિયોને અતંરમુખ રાખવી જોઇએ. જે સુખ મળવાથી બીજા સુખની આશા ન રહે તે તે શાશ્વત સુખ આત્મામાં રહેલું છે. આત્મા અંતરમુખ વળે છે ત્યારે જે આનંદ થાય છે, તે ચોસઠ ઇંદ્રોના સુખ કરતાં અનંત ઘણો છે. માટે તે આત્મસુખ મેળવવાને યોગમાર્ગના પગથીયે ધીમે ધીમે ચઢવું અને છેવટે જીવાત્મા સાશ્વતસુખ મેળવશે.

જે પુરૂષ મન ઉપર નિગ્રહ કરી શકે તે યોગી, અને જેનું મન તેના પોતાના હાથમાં ન રહે તેને અયોગી જાણવો. યોગમાર્ગ આત્માને લગતો છે, માટે તેમાં બ્રાહ્મણ,

ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર, પુરૂષ કે સ્ત્રી સર્વ કોઇને સરખો હક છે, કારણ કે સર્વમાં આત્મા વિરાજમાન છે. પ્રાચીન સમયમાં લોકોને ઘરનું તાળું વાસવું પડતું નહિ, કારણ કે લોકો સદાચારી હતા. અને સારા સંકલ્પવાળા હતા, પણ યોગમાર્ગના નાશથી સ્થિતિ તદ્દન ફરી ગઇ છે. ધર્મ અથવા કોમનો ઉદય તે ધર્મને માનનારા અથવા તે કોમમાં વસનારા મનુષ્યોનું ધર્મિષ્ટપણું, દયાળુપણું અને શુદ્ધ સંકલ્પ, એ સર્વનાપર આધાર રાખે છે; જે મનુષ્યો પોતે કરેલા સંકલ્પથી ડગે નહિ, અને દુઃખ આવે તોપણ પોતાના સંકલ્પનો ત્યાગ કરે નહિ તેજ ખરા યોગી સમજવા. બ્રહ્મચર્ય પાળવાથી યોગશક્તિ ખીલે છે, જો લોકો યોગવિદ્યાનાં તત્વો યથાર્થ સમજતા હોય તો સર્વને તેઓ પોતાના ભ્રાતૃતુલ્ય લેખે, અને ધર્મ નિમિત્તેજ પરસ્પર યુદ્ધો થાય છે તે કદાપિ થાય નહિ. હાલમાં ધર્મભાવના નાશ પામેલી છે. યોગવિદ્યા સર્વ ધર્મમાં વર્ણવેલી છે, તેમાં પણ ભક્તિયોગ સૌથી ઉત્તમ માર્ગ છે. માણસ જ્યારે મંત્રાક્ષરનો જાપ જપે છે, અને માળાના મણકા ફેરવે છે, ત્યારે મણકાદ્વારા ચિત્તની એકાગ્રતા તે કરે છે. યોગ અનેક પ્રકારના છે, મંત્રયોગ, લયયોગ, હઠયોગ, રાજયોગ વગેરે. મંત્રના પ્રભાવથી વિષના પરમાણું રૂપે નાશ પામે છે. મંત્રથી ઉત્પન્ન થતી શક્તિ વિષના પરમાણુઓ દૂર કરી તેને સ્થાને શુદ્ધ પરમાણુઓ આરોપણ કરે છે. યોગમાં બ્રહ્મચર્યની ખાસ જરૂર છે, સંતતિ ખરાબ વિચારવાળી થાય તેના માબાપના વિચારો ખરાબ હોવા જોઇએ. કપાસના બીજને રંગીને વાવવાથી કપાસમાં પણ લાલાસનો અંશ આવે છે, તેમ માબાપના ગુણ અવગુણ પુત્રોમાં ઉતરી આવે છે.

ક્ષયરોગગ્રસ્તના પુત્રો ક્ષયરોગવાળા થાય છે. ભાંગ પીનારના છોકરા ઘણે ભાગે બાલ્યાવસ્થાથીજ તે ખરાબ વ્યસન શિખે છે, એક છોકરાના બાપે બાર વર્ષની ૯

બાકી રહેલા ત્રણ અંગમાંથી ધારણાનો વિચાર કરીએ. હૃદયમાં છ ચક્ર છે, તેમાંથી કોઇ એકાદ ચક્ર ઉપર ચિત્તને સ્થિર રાખવું તેને ધારણા કહે છે. આત્માના સ્વરૂપમાં ચિત્તવૃત્તિનો લય કરવો તેનું નામ ધ્યાન છે, ધ્યાનથી કર્મનો નાશ થાય છે, અને ચિત્તવૃત્તિ સ્થિર થાય છે. ધ્યાતા, ધ્યાન, અને ધ્યેય એ ત્રણની ઐકયતા થવી તેનું નામ સમાધિ જાણવી. સમાધિથી મનુષ્ય કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સર્વ વસ્તુઓનો જ્ઞાતા બને છે. પણ આ વ્યાખ્યાન શ્રવણ કરવામાત્રથી ઇચ્છિત લાભ મળી શકે તેમ નથી. તેને વાસ્તે પ્રયત્નની જરૂર છે.



માટે લોકોના વિચારથી દોરવાઈ નહિ જતાં સન્માર્ગે ચાલવા કમરબંધ થજો; જે લોકોને સંસારસમુદ્ર તરતાં ન આવડયું તેઓ બ્હારનું ગમે તેટલું બુદ્ધિવિષયક જ્ઞાન ધરાવતા હોય તે બહુજ થોડું લાભકારી છે; અને તરવાનો માર્ગ તે યોગવિદ્યા છે; માટે તે માર્ગનો અભ્યાસ કરો. જે માણસો આ સંસારમાં જન્મ લેઇ પોતાનું હિત સમજતા નથી તેઓ પોતાનો ભવ ગધેડાની માફક એળે ગુમાવે છે. તેઓનું જીવતર ધૂળસમાન છે. બીજું હાલમાં લોક અન્યાયથી ધન પેદા કરે છે, અને તેવા પૈસાથી લાવેલું અન્ન ખાવાથી મતિ ભ્રષ્ટ થાય છે. અન્યાયનો પૈસો એ સર્વ અનર્થનું મૂળ છે. સન્માર્ગે પ્રાપ્ત કરેલા ધનથી બુદ્ધિ નિર્મળ રહે છે.

હાલની છેવટની ગણત્રી પ્રમાણે આ હિંદુસ્થાનમાં સાધુ સંન્યાસીઓ, બાવાઓ, વૈરાગી વગેરેની સંખ્યા ૬૦૦૦૦૦ ની છે, જો તેઓને વિદ્વાન બનાવવામાં આવે, જો તેઓ લોકોને સન્માર્ગે ચાલવાનો ઉપદેશ આપે તો ઘણા થોડા સમયમાં આ આર્યાવર્તનો ઉદ્ધાર થાય. જો તમારાં હૃદય નિર્મળ હશે તો નિશ્ચય દેવો તમને સહાય કરશે; માટે ગુણને મેળવી આપનાર આત્મવિદ્યાનો અભ્યાસ કરો.

સો જ્ઞાનીનો એકમત, અને સો મૂર્ખના સોમત છે; કારણ કે મૂર્ખલોકો પોતાના સંકલ્પ ક્ષણે ક્ષણે ફેરવે છે; પણ જ્ઞાની તો પોતે શાંત પળમાં બાંધેલા નિશ્ચયોને અનુસરી પોતાનું વર્તન ચલાવે છે.

યોગના અભ્યાસીઓએ સત્સંગ રાખવો; અને હજારો રૂપીયા નાતજાતના વરામાં ખરચવા કરતાં વિદ્યામાં વાપરો; લોકો જ્ઞાનથી યોગનું રહસ્ય સમજી શકશે; જે લોકો સાધુસંતનું નામ ધરાવે, અને અભણ હોય તે પોતાના સંતપણાને એબ લગાડે છે, માટે જ્ઞાનનો અભ્યાસ કરો, અને તે દ્વારા યોગનો અભ્યાસ થઈ શકશે, હવે ગઈ કાલે

આદી રહેલા ત્રણ અંગમાંથી ધારણાનો વિચાર કરીએ. હૃદયમાં છ ચક્ર છે, તેમાંથી કોઇ એકાદ ચક્ર ઉપર ચિત્તને સ્થિર રાખવું તેને ધારણા કહે છે. આત્માના સ્વરૂપમાં ચિત્તવૃત્તિનો લય કરવો તેનું નામ ધ્યાન છે, ધ્યાનથી કર્મનો નાશ થાય છે, અને ચિત્તવૃત્તિ સ્થિર થાય છે. ધ્યાતા, ધ્યાન, અને ધ્યેય એ ત્રણની ઐક્યતા થવી તેનું નામ સમાધિ જાણવી. સમાધિથી મનુષ્ય કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સર્વ વસ્તુઓનો જ્ઞાતા બને છે. પણ આ વ્યાખ્યાન શ્રવણ કરવામાત્રથી ઇચ્છિત લાભ મળી શકે તેમ નથી. તેને વાસ્તે પ્રયત્નની જરૂર છે.



યોગ દેશ વિરતિ અને સર્વ વિરતિ દેશથી અથવા સર્વથી આ-રંભ જેણે ત્યજ્યો છે તેને નિશ્ચયથી હોય છે, કારણકે તેઓ હમ્મેશાં મોક્ષના ઉપાયને વિષે પ્રવૃત્તિ કરે છે. તે શિવા-યના અવિરતિ સમ્યક્ દૃષ્ટિ અને માર્ગાનુસારી વિગેરેમાં પણ બીજ માત્ર યોગોત્પત્તિ હેતુમાત્ર કિંચિત્નો સંભવ છે. એમ "જ્ઞાનસાર" નામના પુસ્તકથી વાચક વર્ગના જાણવામા હોવું જોઇયે. હવે મૂળ વિષય ઉપર કહેવા માટે જણાવું છું જે હમ્મેશાં કરવા યોગ્ય છે તેને આવશ્યક ક-હેવાય છે, તેનો પણ ઉપર બતાવેલા પંચવિધ અથવા દ્વિવિધ જ્ઞાન, ક્રિયા એ યોગમાં સમાવેશ થાય છે, તેમજ ઇચ્છાદિ યોગ ૪ ચાર પ્રકારનો છે વળી પ્રીતિ ભકત્યાદિ અનેક ભેદ પણ કહ્યા છે. એ બધા સદગુરૂ સમાગમે યથાધિકાર પરત્વે ધારવા આદરવા યોગ્ય છે. તેમાં પણ ગુરૂગમ વડે ષડાવશ્યકનો સમાવેશ થતો સંભવે છે. પૂર્વો-ક્ત આવશ્યક છ પ્રકારે કરાય છે તેનાં નામ હમ્મેશાં એ વખત ક્રિયા કરનારાઓથી પૂર્ણતાવસરે. સામાયિક, ચઉ વિસથ્થય, વંદણ, પડિકમણ, કાઉસગ્ગ, પચ્ચખાણ. ક-હ્યું છે છ. એમ બોલાય છે, છતાં તેનું તત્વતો વિરલાથી જ પમાય છે **શ્રી મદ ઉપાધ્યાયજીએ** કહ્યું છે કે

कोइ कहे जे पातिक कीधां, पडिकमतां छूटी जेरि ॥
ते मिथ्याफल पडिक्मणानुं, अपुण करणथी लीजेरे १६ श्रीसीमं०
मिच्छा दुक्कड देई पातिक, ते भावे जे सेवेरे ॥
आवश्यक साखे ते परगट । माया मोसने सेवेरे १७ श्रीसीमं०
मूल पदे पडिक्मणुं भाख्यु, पाप तणुं अण करवुंरे ॥
शक्ति भाव तणे अभ्यासें । ते जस अर्थे वरवुंरे १८श्रीसीमंधर
साहिव सुणजो । भरत क्षेत्रनी वातोरे ॥

આ ઉપરથી સમજવાનું મળે છે કે, કેટલાક આપણે ભોળા માણસોના મનમાં એવું ઠસેલું હોયછેકે આપણે જે

પાપકરીએ તે સંવચ્છરી વિગેરે પ્રતિક્રમણ કરી મિચ્છા મિદુક્કડ દેયે, એટલે સર્વ પાપથી આપણે મુક્ત થૈશકીયેં છીયે, પણ તે ભૂલ ભરેલું છે. કારણકે પડિક્કમણાનું ફળ તો જે પાપનો મિચ્છામિ દુક્કડ દેવાય તેવું પાપ ફરીને નહિં કરવાથી મળી શકે છે, પણ જે કોઇ પાપ સંબંધી મિચ્છાંમિ દુક્કડં દેઇને પાછું ફરીને પણ તેવાજ ભાવે-અધ્યવશાએ જો તેના તે પાપનું સેવન કરાય છે તો તે આવશ્યક સુત્રની સાક્ષજોતાં તેનાથી તો પ્રગટરીતે સત્તરમુ પાપસ્થાનક કે જેનુ નામ માયા મૃષાવાદ છે તે સેવાયં છે, માટે મૂળ પહેલો પાપનું નહિ કરવું તેને જ. પડિક્કમણું કહ્યું છે. આંટલું જાણીને કેટલાકને વળી પાછું એમજ ઠસી જાયકે ત્યારે આગમોક્ત વિધિ પુર્વક યથાર્થ નથી બની શકતું માટે તે ન કરવું, એ જ સારૂં છે એમ ન આવી જાય એટલામાટે કહ્યું કે એવી ભૂલ ન કરવી અને યથાશક્તિ ભાવના અભ્યાસવડે તે આવશ્યક ક્રિયા મોક્ષ અર્થે અવશ્ય કરવા યોગ્ય છે. એ વિષય ઉપર ઉપાધ્યાયજી મહારાજ અન્યત્ર કહે છે કે.

कोइक विधि जोतां थकारे, छांडे सवि व्यवहाररे ।
मनवसिया॥ न लहे तुज वचने कह्युं रे, द्रव्यादिक अनुसार रे
गुण रासिया ॥ १ ॥

पाठ गीत नृत्यनी कलारे, जिम होय प्रथम अशुद्ध रे म०
पण अभ्यासे ते खरीरे, तेम किरिया अविरुद्ध रे गु० ॥ २ ॥
मणि शोधक शत खारनारे, जिम पुट सकल प्रमाणरे म०
तेम क्रिया सवि योगनेरे, पंच वस्तु अहिनाण रे गु० ॥३॥
प्रीति भक्ति योगे करी रे, ईछादिक व्यवहाररे गु०
हीणो पण शिव हेतु छे रे, जेहने गुरु आधाररे गु० ॥ ४ ॥

ઇત્યાદિ. અર્થ સ્પષ્ટ છે તો પણ સદ્ગુરૂયોગે વિશેષ ધારવા યોગ્ય છે. કારણ કે અનેકાન્ત સ્યાદ્વાદશૈલિ એ

ગીતાર્થ જ્ઞાની ગુરૂને હાથ છે માટે ઉપર કહ્યું કે **જેહને ગુરૂ આધાર** એ ઉપરથી બહુ રહસ્ય સમજવાનું છે. હવે આપણે જાડી બોલીમાં એટલું તો સમજવું ખાસ જરૂરતું છે કે અભ્યાસ એ અભ્યાસ રૂપજ રહે છે તેમ ન થાય પરંતુ અભ્યાસ એવો હોવો જોઇયે છે કે આત્મભાવે જીજ્ઞાસાને જગાડીને બનતા પ્રયત્ન પુર્વક આવશ્યક યોગ ક્રિયાભ્યાસમાં પૂર્ણ લક્ષ્ય રાખી સાધ્ય (ભાવ પ્રતિક્રમણઃ વિશુદ્ધાત્મ પરિણુતિ પરિણામ) ઉપર દૃષ્ટિ દઇ સાધનોને સુધારવા મન વચન કાયાનું યથાયોગ્ય બળ ફોરવવું જોઈએ, અને વળી એમાં વર્ણ, અર્થ, આલંબનાદિયોગથી વિરતિ જનો જે કે અયોગિ વા અયોગ્ય ગણાય છે તેને કદી 'તીર્થોચ્છેદ થાય છે માટે કરીને, એવું આલંબન લઇને જો સૂત્ર, અર્થ વિગેરેનું દાન દેવામાં આવે તો પૂર્વાચાર્યોએ તેમાં મોટો દોષ માનેલો છે માટે યોગ્યતા કેમ આવે એ પ્રથમ પાઠથીજ સુધરતું થવું યોગ્ય છે, યોગ્યતા કેળવણીથી આવે છે. વળી શારીરિક કેળવણી માટે વ્યાયામ અંગકસરત આદિ કરવાનું હાલ પણ મોટી કોલેજોમાં માન્ય કરેલું દેખાય છે તે એવા હેતુથી કે તેનાથી શરીર સારૂં રહે છે. અને પ્રાયઃ તન સાબૂત તો મન સાબૂત એ કહેવત પ્રમાણે પ્રાયઃ પરિણામ પણ આવે છે, તો આવશ્યક ક્રિયા સવાર સાંજે બે વખત કરવાથી ઉભય પ્રતિક્રમણ વખતે સ્થાન યોગવડે એટલે મુદ્રાઆસન ખમાસમણ દ્વાદશાવર્તનાદિ ગુરૂવંદનાદિ ક્રિયા (કર્મયોગ) વડે અંગને એટલે શરીરને પણ સુધારવાનો સ્વાર્થ સરી શકે છે, તેમજ સૂત્ર, અર્થ બોલતાં, વિચારતા વચન અને મનને પણ કેળવી સુધારી શકાય છે માટે તેનું નામ આવશ્યક એ ગુણ નિષ્પન્ન વા સાર્થક છે એમ કહેવામાં અતિશયોક્તિ કંઇ નથી.

હવે શ્રીમદ્ વિનયવિજયજી ઉપાધ્યાયજી મહારાજ

વિરચિત ૭ આવશ્યકના સ્તવન આધારે ૭ આવશ્યક વિષે યથામતિ વિવેચન બહુ ટુંકામાં કરાય છે. ગ્રંથકર્ત્તા પુરુષ પ્રથમ પીઠિકા કરતાં આ પ્રમાણે કહે છે—

चोवीसे जिनवर नमुं । चतुर चेतना काज ॥
आवश्यक जिणे उपदिश्या । ते गुणसुं जिनराज ॥ १ ॥
आवश्यक आराधिये । दिवस मध्ये दोयवार ॥
दुरित दोष दूरे टले । ए आतम उपकार ॥ २ ॥
सामायिक चउवीसत्थो । वंदण पडिकामणेण ॥
काउस्सग पच्चख्खाण कर । आतम निर्मल एण ॥ ३ ॥
झेर जाय जेम जाल्गुलि । मंत्र तणे महिमाय ॥
तेम आवश्यक आदरे । पातक दूर पलाय ॥ ४ ॥
भार रुपजी जेम भार वही । हेले हलुओ थाय ॥
अतिचार आलोवतां । जन्म दोष तेम जाय ॥ ५ ॥

અર્થ સ્પષ્ટ સમજી શકાય તેવો છે; વિશેષ હવે છે. આવશ્યકમાં પ્રથમ આવશ્યક સામાયિક છે તો તેનો ભાવાર્થ એ છે કે સમતાનો જેમાં લાભ મેળવી શકાય તેથી તેનું નામ 'સામાયિક' તે સાર્થક છે માટે સમતા પુર્વક રાગદ્વેષરહિત આત્માના સ્વભાવિક શુદ્ધગુણો પ્રગટ કરવા હમેશાં આત્મોપાસકોએ સામાયક કરવા યોગ્ય છે, સમતા છે તે અભિનવ અમૃતનો વરસાદ છે માટે તે અવશ્ય આદરણીય છે. આપણે આપણા આત્મા સાથે વિચારવું અને આત્મસ્વરૂપમાં રમવું એ વિશેષ યોગ્ય ગણવું. અને આત્માથી પર જે આ દ્રશ્ય અદ્રશ્ય પ્રાણી પદાર્થનો સંબંધ તેમાં જે હું અને મ્હારાપણાની બુદ્ધિ અર્થાત્ જે પરભાવ (વિભાવ-) પોદગલિક ભાવની મમતા તે મહા વિષમ વિષના અયોગ મહા ભયંકર ભવકૂપ જેવી ગણીને સદા સર્વદા તેનો સર્વથા ત્યાગ કરવો એ પણું ઉચિત છે. વિચારવાનો એ વિચારવું યોગ્ય છે કે આ જીવે અનાદીકાળના

અજ્ઞાનવડે દરેક ભવો ભવમાં ધન–કુટુંબ–ઘર–ઘરેણાં વિગેરે નવવિધ બાહ્ય પરિગ્રહ રૂપ જે સંજોગ વડે મળેલા હોવાથી અને તેને વિયોગ થવાનો હોવાથી અનંતિવાર મેળવેલાં અનંતિવાર મુકી દઇ તેના મમત્ત્વભાવે થયેલાં અનંત દુઃખો આ જીવોને અનંત વાર અનુભવવાં પડયાં છે, વળી અંતર પરિગ્રહ જે મિથ્યાત્વ તથા ક્રોધ, માન, માયા, લોભ અને હાસ્યાદિ નવનોકષાય એમ ૧૪ પ્રકારનો હોવાથી તે પણ બાહ્ય પરિગ્રહના નિમિત્તે વૃદ્ધિ પામેલો હોવાથી અનેક પ્રકારના રાગદ્વેષો કરી આ જીવે શુભાશુભકર્મ ઉપાર્જન કરેલાં છે તે કર્મોના ઉદયથી થતાં સુખ દુઃખ મળવાના નિમિત્તરૂપ થયેલાને આપણે અજાણપણાથી શત્રુ મિત્ર માની લેયે છીયે. પરંતુ વાસ્તવીક રીતે આ જગતમાં કોઇ કોઇનું શત્રુમિત્ર છે જ નહિ. જો આ જીવ તત્ત્વવડે વિચારી જુએ તો પોતે જ પોતાનો શત્રુમિત્ર બની શકે છે. અને અન્ય તો માત્ર નિમિત્ત જ છે, માટે દુઃખ સુખ શત્રુ મિત્ર એ સર્વ નિશ્ચયે જોતાં માયા જાળ છે, પ્રપંચ છે, અસત્ય છે માટે શુદ્ધ ચેતનાને જગાડવાથી સમસ્ત દુઃખનો નાશ થઇ શકે છે. તેના કારણે અથવા તે શુદ્ધ ચેતના પ્રગટ કરવા માટે હમ્મેશાં સાવદ્ય યોગ એટલે પાપવાળા મનવચન કાય યોગના વ્યાપાર તેના નિષેધરૂપ વ્યવહાર ક્રિયા માટે "કરેમિભંતે સામાઇયં" ઇત્યાદિ પાઠ ઉચરી સામાયિક લેવાનો વ્યવહાર છે પણ તે દેશવિરતિ અને સર્વવિરતિ ઉચ્ચરવા માટે છે તે પહેલાં સમ્યકત્વ અને શ્રુતસામાયિક પાંચમે સંયતાસંયત તથા અવિરતિ એવા ચતુર્થ ગુણસ્થાનવાળાને પણ હોય છે એમ ૪ પ્રકારના સામાયિક આગમોકત છે. અને તે આત્માપાસકો કહો વા શ્રમણોપાસકો તે તેમનાથી કરી શકાય છે અને નિશ્ચય પરિણતિયે પૂર્ણપણે શુદ્ધાત્મામાં પરીણમવાથી શાશ્વત સુખના ભોગી અખંડાનંદ પદધારી સિધ્ધ સ્વરૂપી થવાય છે પૂર્વે એવા પ-

રિશ્રીમથી અનંત સિદ્ધ થયા છે સાંપ્રતિ થાય છે અને આવી થશે. એ પ્રથમ આવશ્યક વિષે કહ્યું. હવે ક્રમે પ્રાપ્ત થયેલા " ચઉવિસથ્થય " અર્થાત્ ચોવીસ તીર્થંકરોના સ્તવરૂપ આવશ્યક વિષે સમજવાનું છે કે ઋષભાદિક ચો-વીસ તીર્થંકરો ત્રિભુવનના ઉદ્યોતના કરનાર છે અને જેણે મુક્તિ માર્ગનું સ્વરૂપ બતાવ્યું છે અને જેને નિર્મળ એવું કૈવલ્ય જ્ઞાન જ્યોતિમય સર્વથા પ્રત્યક્ષ છે, તેમની સ્તવના પૂજા સેવના અર્ચા કરવી એ સમ્યક્ત્વ શુદ્ધિનું પુષ્ટ નિમિત્ત કારણ છે અર્થાત્ અનુક્રમે સંસાર સમુદ્રનો પાર પામવા પ્રબળ સાધન છે. માટે બીજું ચૌવિસથ્થય એ નામે સાર-ભૂત એવું બીજું આવશ્યક અવશ્ય સેવવા યોગ્ય છે.

હવે ત્રીજું આવશ્યક " વંદન " એ નામ છે. અને તે સદગુરૂ મહારાજના ચરણારવિંદમાં પચવીસ આવશ્યક ભેદ યુક્ત વંદન વિધિ પૂર્વક કરવાથી થાય છે તેમાં ગુરૂ-વંદન ભાષ્યમાં કહેલા ૩૨ દોષ ટાળી તેમજ ચાર વાર ગુરૂ ચરણે મસ્તક નામવાથી દ્વાદશાવર્ત વિધિ વડે ખામણાં (ક્ષમાપના) કરી તેમજ ૩૩ તેત્રીસ આશાતનાનો ત્યાગ કરવા વિગેરે ૪૯૨ ચારસે બાણું બોલ વિચારી ધારી યથાયોગ્ય તેનો ઉપયોગ કરવો જોઇયે, તેમ કરવાથી નીચ ગોત્રકર્મનો ક્ષય થાય છે અને ઉંચગોત્ર નામ કર્મનું ઉપા-ર્જન કરી શકાય છે, સતગુરૂવંદનથી થયેલા પુન્ય પ્રભાવે જગતમાં તેની કોઈ પણ આજ્ઞા ઉલ્લંઘન કરી શકતું નથી. તેમ જ પરભવે પણ સૌભાગ્યાદિ શુભનામ કર્મનો ઉદય થાય છે, કૃષ્ણ વાસુદેવે મુનિ મહારાજોને વંદન કર્યું તેના પ્રભાવે સારભૂત એવા ક્ષાયિક સમ્યકત્વને પામી અનુક્રમે તીર્થંકરપદ પામવાના છે. વળી શીતળાચાર્યે જેમ ભાણેજ-ને દ્રવ્યવંદન કર્યું અને ભાવે કરી વંદન વિધી સાચવવાથી કેવળજ્ઞાન પામ્યા, માટે એ ત્રીજું વંદન નામે આવશ્યક છે, તેમાં ગુરૂવંદનનો અધિકાર છે તેને સદ્જ્ઞાનીએ વા મુમુ-

ક્ષુઓએ તથા પ્રકારે ગુરૂના સદ્દભાવે આ વંદન આવશ્યકક્રિયામાં ઉજમાળ ચિત્તે અત્યાદર કરવો યોગ્ય છે, કારણ કે શ્રી જિનશાસન જૈનધર્મ તેનું મૂળ જુઓ તો વિનય એ પ્રથમ જણાશે અને તે વિનય સત્ ગુણવંતની ભક્તિથી થતો દેખાય છે, માટે એઅવશ્ય ઉપાદેય છે.

હવે ચોથું "પડિક્કમણુ"—પ્રતિક્રમણ આવશ્યક છે તેમાં શ્રી તીર્થંકર ભગવંતે પ્રરૂપેલા પાંચે આચારમાં લાગતા અતિચારાદિ દોષો માટે પશ્ચાત્તાપાદિ આલોચનાથી ત્રણે યોગની શુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવું ઉચિત છે. તેથી પવિત્ર ચારિત્ર પમાય છે, અતિચાર એ પણ શલ્ય છે તે ગોપવવા એટલે પોતાના દોષને રખે કોઇ જોઇ લે મને દોષી ગણુશે એવી બીક કે પ્રમાદથી ઢાંકવા તે "માછીમલ્લની" પેરે પરિહાસને પાત્ર છે. માટે સદ્દગુરૂ સમીપે દોષનું પ્રકાશ કરવું તે વિશુદ્ધભાવનું કારણ છે, અને તેમ કરનાર ભવ્ય પ્રાણી કર્મયોદ્ધાઓ સાથે લઢતાં છતાં પણ કદી પરાજય પામતા નથી, માટે અતિચાર પડિક્કમીને નિઃશલ્ય થઇ ધર્મ આચરણા કરવી, તો તેથી "ફલ્લહિમલ્લની" પેઠે આ જગતમાં જયપતાકા મેળવી શકાય છે, અને તે છ આવશ્યક, પ્રતિક્રમણવિધિમાં વંદિતુસવ્વસિદ્ધે એ આદિ સૂત્રથી પ્રતિક્રમણ નામનું ચોથું આવશ્યક કરી શકાય છે અને તેના યથાર્થભાવના જ્ઞાને વાસિત આત્માઓ પરમ પવિત્ર ગણાય છે. માટે તે સેવ્ય છે.

હવે પાંચમુ કાઉસ્સગ્ગ–(કાયોત્સર્ગ) એ નામના આવશ્યક માટે સમજવાનું કે જેમ વિચક્ષણ વૈદ્ય પ્રથમતો શલ્ય હોય તેને દૂર કરે છે, પછી વ્રણ (ચાંદું) રૂઝવવાને ઔષધરૂપ ઉપચાર કરે છે તેમ અતિચારદોષરૂપ જે વ્રણ તેને રૂઝવવા માટે આ ઔષધ, ઉપચાર રૂપ આ કાયોત્સર્ગ, કાઉસ્સગ્ગ કરાય છે, તેનાથી સંયમ પ્રફુલ્લિત થાય છે, અને તેમાં કોઇ પ્રકારનું દુઃષણ રહી શકતું નથી,

તે કાઉસગ્ગની વિધિ કાયાને સ્થીર કરીને ચિત્તની ચંચ-લતા દૂર નિવારીને એટલે મનને ઠેકાણે વશ રાખીને, વચન યોગના વ્યાપારનો ત્યાગ કરીને આત્મારામમાં રમણ કરવા માટે યથાયોગ્ય શ્વાસોશ્વાસના પ્રમાણમાં સોળ આગાર વગરે સર્વ શરીરસંબંધી વ્યાપાર ત્યાગ કરવારૂપ છે, એવું પાંચમું આવશ્યક પંચમીગતિ જે મોક્ષ તેને દેવા-વાળું હોવાથી જે શુદ્ધમને આરાધે તે ભવસાગરને તરી પાર પામે છે,

હવે છેલ્લું પ્રત્યાખ્યાન પચ્ચખ્ખાણ નામે છઠ્ઠું આવ-શ્યક અવશ્ય ગુરૂસમીપે કરવાયોગ્ય છે અને તે મુક્તિનું હેતુ છે, તેમાં આહારની લાલચ ત્યાગ કરવાનું કહ્યુ છે. માટે ચતુરજનોએ ચિત્તને ચેતાવવું જોઇએ;

સાલ (શલ્ય) કાઢયું, ત્રણું (ઘાટું) રૂઝયું, અને તેનાથી વેદના દૂર ગઇ પછી ભલા એવા પથ્ય ભોજનથી જેમ શરીરનું નૂર વધે છે તેમ પડિક્કમણાથી શલ્ય ગયું, કાઉસ્સગ્ગથી ત્રણ રૂઝયું પણ પચ્ચખ્ખાણ-રૂપ ગુણને ધારણ કરવાથી ધર્મ રૂપી દેહ અતિ પુષ્ટતાને પામે છે. એનાથી કર્મરૂપી કાદવ ટળે છે, અને તે સંવર-રૂપ હોવાથી અવિરતિકુવામાં પડતા પ્રાણિઓને ઉધ્ધરે છે અને તેનું ખરૂં સ્વરૂપ નિષ્કલંકભાવ તપોમય છે અને તે નિઃસ્પૃહતા વડે દિસિવંત થાય છે તેવા તપના પ્રભાવે વિશલ્યા નામની સ્રીનું ન્હવણ જળ સમસ્ત વિકારને દૂર કરતું સાંભળ્યું છે તે સત્ય છે, વળી તે વિશલ્યાના તપ તેજપ્રભાવે રાવણના શક્તિશસ્રવડે મરણપથારીએ પડેલા લક્ષ્મણનું શરીર તે માત્ર વિશલ્યાના હાથ અડકતાં તંદુરસ્ત શક્તિમાન્ થયું અનેક મહાત્મ્યવાળું થયું. એવો અનેકમહાત્મ્ય-વાળું પચ્ચખ્ખાણ નામે છઠ્ઠું આવશ્યક સમજી આદરવું. આ પ્રકારનાં છ આવશ્યક પ્રરૂપનાર ત્રિભુવનભાનુ લોકાલોક પ્રકા-શક સર્વજ્ઞ ભગવાન્ અષ્ટાદશ દોષરહિત ચોત્રીસ અતિશયવંત

શ્રી તીર્થંકર મહારાજને વારંવાર વંદન કરૂં છું. વળી તેમને પ્રરૂપેલા પૂર્વોક્ત આવશ્યકો ચ્યાર નિક્ષેપા, સાતનયે પાંચ સમવાય કારણે સપ્તભંગી વિગેરે ૯ નવ દ્વારોવડે વિશેષે કરી સદ્‌ગુરૂગમે સમજી આદરવું વિશેષે હિતકારક ગણું છું. **પરોપદેશે પાંડિત્યં** એમ આ બધું કહેવું એ સુલભ જણાય છે; પરંતુ ઉક્ત પ્રકારની યથાર્થ રહેણીએ વર્તવું, એ જ સત્‌પુરૂષ આત્માર્થીનું લક્ષણ છે એવા સત્‌પુરૂષાર્થવંત સન્તજનોને વારંવાર વંદન કરી આ લેખ લખતાં બોલતાં કરતાં જે કાંઇ શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ હોય તેને માટે હું બે હાથ જોડી માનમોડી સન્તસમીપે મિચ્છામિદુક્કડં દઉં છું અને માફી ચાહું છું, આશા રાખું છું કે તેથી નિર્દોષ થઇ સર્વથા સત્‌સાધનો વડે સિદ્ધિપદને યોગ્ય લાયકાત મેળવીશ. અત્ર હું આ વિષય પૂર્ણ કરી વિરામ પામવા રજા લઉં છું. **શ્રી શાન્તિઃ શ્રી શાન્તિઃ શ્રી શાન્તિઃ** ઇતિ.

शांतिनुं स्थळ क्यां छे?

(ભાષણકર્ત્તા દોસી મણિલાલ નથુભાઇ. બી. એ.)

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ ।
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ॥
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय ।
तुभ्यं नमो जिन भवोदधिशोषणाय ॥ १ ॥

---

१ च्यार निक्षेपे २ सात नयें करीरे, ॥ ३ कारण पांच संभाररे ॥ ४ त्रिपदी ५ सप्तभंगे करी धारीयेरे । ज्ञेयादिक ६ त्रिक अवधाररे । नमो० ॥ ४ ॥ ७ च्यार प्रमाणे षट् ८ द्रव्यें । करीरे नव ९ तत्वे दिल लावरे ॥ सामायिक नव द्वारे विच्यारीयेरे । एम षट आवश्यक भावरे ॥ नमो नमो संजम पदने मुनिवरारे ।५।

(શ્રી સૌભાગ્યલક્ષ્મી સૂરીજી.)

બંધુઓ! શાંતિનું સ્થળ કયાં છે? એવું કયું સ્થળ છે કે જ્યાં જવાથી આપણે પરમશાંતિ પ્રાપ્ત કરી શકીએ! આ વિશ્વમાં એવો કયો પ્રદેશ છે કે જે પ્રદેશ આપણને ઉત્તમોત્તમ શાંતિ આપી શકે? આ પ્રશ્ન આજે આપણે વિચારવાનો છે.

સદ્‌ગૃહસ્થો! આપણે તે પ્રશ્ન ઉપર સંપૂર્ણ વિચાર ચલાવીએ તે પહેલાં હાલના સમયતરફ જરા સૂક્ષ્મ નજર કરવાની આપને હું વિનંતી કરૂં છું. મારી સાથે તમે વિચારપ્રદેશમાં ચાલો, અને હું તમને હાલના સમયનું ટુંકવખતમાં સંપૂર્ણ અવલોકન કરાવવા બનતો પ્રયત્ન કરીશ.

હાલનો સમય મારામારી, ઉતાવળ, દોડાદોડ અને ધમાલનો છે. મને સમય નથી, એ બ્હાનું મનુષ્યોના મુખમાં સામાન્ય થઈ પડયું છે. પુસ્તકો વાંચવાનું કામ તે પુસ્તકે ઉપર અંપાયેલો અભિપ્રાય વાંચીને આપણે ચલાવીએ છીએ. વર્તમાનપત્રોમાં આવેલા મુખ્ય લેખો (leaders) વાંચી કોઇ પણ વસ્તુ ઉપર આપણે અભિપ્રાય બાંધીએ છીએ. અને ધર્મગ્રન્થો વાંચવાની ગરજ તે ગ્રન્થો ઉપરના ભાષણો વાંચવાથી સરતી હોય એમ જણાય છે. જે કામનું પરિણામ તરત આવે, અને જે કામમાં ફતેહ મળે, તેવાં કાર્ય કરવા સર્વ કોઇ દોરાય છે. લોકો જેથી વાહવાહ બોલે કે માન આપે, તે કાર્ય કરવા માણસની પ્રવૃત્તિ વિશેષ થતી જાય છે. કારણકે જો કે ખુલ્લા શબ્દોમાં કબુલ કરતાં ઘણાં પુરૂષો અચકાશે, છતાં તેમના અંતઃકરણને પુછીશું તો આપણને જણાશે કે આ જીંદગી એજ સર્વસ્વ છે, એમ તેમને ભાસે છે. ગમે તેવા ઉપાયોનો આશ્રય લેતાં, જો ધન સંપાદન થાય કે કીર્ત મળે, તો તે કામ વધારે મહત્વનું ગણાય છે. કારણ કે કીર્તિદેવી પણ ધનને પૂજે છે. આ ઉપરથી મારો કહેવાનો ભાવાર્થ એમ નથી કે ધન ખોટું છે, કારણકે તેની તો આ જગતના વ્યવહારઅર્થે

જરૂર છે, પણ તે આસ કરવાને લેવામાં આવતા અયોગ્ય ઉપાયો ત્યાજ્ય છે. દેહાધ્યાસ એટલો બધો થયેલો છે કે દેહ એજ સર્વસ્વ છે, અને તેથી દેહને સુખ મળે તેવા ઉપાયો યોજવામાંજ માણસોના પુરૂષાર્થની સીમા આવી જતી હોય એમ તેમને લાગે તો તે તેમના દૃષ્ટિબિન્દુથી ખોટું ગણાય નહિ. અને તેથીજ કરીને જે માણસ આખી જીંદગી સુધી પ્રયાસ કરી પોતાનું ચારિત્ર ઉત્તમ બનાવે અથવા જે માણસ અમુક ઉચ્ચ ભાવના–જેનો સામાન્ય મનુષ્યને તો ખ્યાલ પણ આવી ન શકે તે–ને સિદ્ધ કરવાને પોતાના સર્વસ્વનો ત્યાગ કરે, અથવા જે મનુષ્ય આ જગતમાં એવાં કાર્યોનાં બીજ રોપે કે જેનાં ફળ તે માણસના મરણ પછી ખીલી આવે, તેવા મનુષ્યો તરફ આ જગતના માણસો બેદરકારીથી જુએ છે, અને તેવા મનુષ્યોને હિસાબમાં પણ ગણતા નથી; કારણકે ઉપર જણાવ્યા પ્રમાણે આ જગત તેમને મન સર્વસ્વ છે. જો કે પુનર્જન્મ છે, કર્મ છે, કર્મના નિયમ પ્રમાણે માણસને પોતે કરેલાં કર્મના આધારે સુખદુઃખ ભોગવવાં પડશે, આમ સર્વ કોઈ બોલે છે, મુખેથી ઉચ્ચારે છે, પણ હૃદયમાં તેવાં વાક્યોની અસર થઈ હોય, એમ તેમના વર્તનપરથી જણાતું નથી-પ્રાચીન ચીનના તત્ત્વવેત્તાના શબ્દોમાં કહીએ તો આ જમાનાનું સ્વરૂપ એકજ વાક્યમાં સમાવી શકાય; અને તે વાક્ય એ છે કે "તેણે ઉંચે તરફ નજર કરી અને તેજ વખતે તે બોલે એમ ઇચ્છ્યું" આ ઉપરથી આપણને જણાય છે કે ઘણે ભાગે માણસોની પ્રવૃત્તિ સમાજમાં માનપ્રતિષ્ઠા મેળવવા, અથવા વ્યાપારમાં આગળ આવવા, કે રાજ્યમાં સન્માન પ્રાપ્ત કરવાને માટે થાય છે, પણ એવા પણ કેટલાક મનુષ્યો આ જગતમાં વિદ્યમાન છે કે-જો કે તેવા મનુષ્યો [illegible] —કે જેઓ આ સર્વ [illegible] સમુદ્રમાં [illegible] અને [illegible]

પામતા પરપોટા સમાન લેખે છે. કારણકે તેમને મન આ જીંદગી એજ સર્વસ્વ નથી. આ જીંદગીને તેઓ અનંત જીંદગીના એક ભાગરૂપ માને છે, અને તેથી આ સર્વને વાસ્તે કરવામાં આવતી અદેખાઈ, મારામારી, દ્વેષ, અને કલહ અયોગ્ય છે, એમ તેઓને જણાય છે.

ત્યારે હવે શાંતિ ક્યાં શોધવી ! શું આ જગત આપણને શાંતિ નહિ આપી શકે ? આ પ્રશ્નનો ઉત્તર વિચારવાં બહુ પ્રયાસ કરવો પડે તેમ નથી. સહેજ પણ વિચાર કરનારને તેનો ખુલાસો મળી શકવાનો સંભવ છે.

આ જગતની હાડમારી, કલેશ, કંકાસ, ઇર્ષ્યા અને સ્વાર્થમાં કેટલોક વખત પસાર કર્યા પછી, જો આપણે શત્રુંજય કે ગિરનાર કે સમેતશિખર જેવા પવિત્ર અને શાંત સ્થળ ભણી જઈએ, અને ત્યાંની સ્વાભાવિક શાંતતાનો આસ્વાદ લેઈએ અને તે શાંત પ્રદેશમાં જગતની સર્વ ખટપટોનો ત્યાગ કરી, મનને અંતર્મુખ કરી જગત્ સંબંધી વિચાર કરીએ, તો જગત્ આપણને તદન જુદુંજ ભાસ્યા વિના રહેશે નહિ. કારણકે ત્યાં પર્વતના એકાન્ત વાસમાં કુદરતીસંહિના અવાજો પણ શાંતિમાં વિઘ્નકર્ત્તા થતા નથી, પણ શાંતિમાં ઓર પ્રકારનો ઉમેરો કરે છે. નદીનું પાણી ખરખર ચાલ્યું જતું હોય, હરણીયાં દોડતાં હોય, અને તેમના પગતલે કચરાવાથી પાંદડાનો ખખડાટ થતો હોય, અતડો પાણીમાંથી નદી કિનારે અને નદી કિનારેથી જળમાં કુદકા મારી રહી હોય, નાનાં નાનાં પક્ષીઓનો મધુર રવ કર્ણને આનંદ આપતો હોય, પ્રાતઃકાળનો સમય હોય, સૂર્ય અર્ધો ઉગેલો જણાતો હોય અને પૂર્વ દિશાને વિવિધ રંગોથી ભરી દીધી હોય,—આ વગેરે અનેક સુહિન્ત મનોહર અને શાંતિ ઉપજાવનાર દેખાવોમાં જગતની જંજાળથી દૂર આવેલો તે માણસ કુદરતી શાંતિ અનુભવે છે, તેનું મન ઉદ્વેગરહિત અને પ્રફુલ્લિત બને છે.

કાળમાં દૂર ગયા પછીની આપણા મનની સ્થિતિમાં આ-શમાન જમીન જેટલો ફરક પડી જાય છે. આટલું વિવે-ચન એક મુદ્દો આપણી સન્મુખ ધરે છે. અને તે એ છે કે કાળમાં કે પ્રદેશમાં દૂર જવાથી આપણા મનની જે સ્થિ-તિ થાય છે, તે સ્થિતિ તેજ સમયે અને તેજ પ્રદેશમાં રાખી શકાય તો ખરીશાંતિ પ્રાપ્ત કરવાનું કાંઈક સાધન આપણને પ્રાપ્ત થયું એમ માની શકાય. તે વાસ્તે મનને અંત-ર્મુખ વાળતાં શિખવું જોઇએ. કારણ કે મનની શાંતિ રા-ખવાને દરેક પ્રસંગે તીર્થયાત્રાએ કે શાંતસ્થળમાં જવાનું બની શકે નહિ, પણ મનને અંતર્મુખ વાળવાનું કામ તો દરેક માણસ કરી શકે તેમ છે. આપણે સંજોગોને આધીન થવું નહિ, પણ સંજોગોને આપણા આધીન કરવા મથવું જોઇએ, સંજોગો બદલાય, પણ આપણે આપણા મન ઉપ-રનો નિગ્રહ ખોવો જોઇએ નહિ. જો કે મન વશ કરવું એ કામ સુગમ નથી, પણ મન વશ કરવામાંજ શાંતિનો માર્ગ રહેલો છે. "મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એ વાત નહિ ખોટીજી; પણ કહે સાધ્યું તે નવિ માનુ એ વાત છે મોટીજી" એ આનંદઘનજી મહારાજનું વાકય પણ આપણને મન-સંયમની દુષ્કરતા બતાવે છે. છતાં મન વશ કરી શકાય છે. તેને વાસ્તે બે માર્ગ છે; અભ્યાસ અને વૈરાગ્ય. તે શ-બ્દો ઉપર વિવેચન કરવાનો અત્રે અવકાશ નથી.

શું આ જગતમાં ત્યારે સુખ નહિ જ મળે ? શું આ જગત-માં શાંતિનુ સ્થળ શોધવાનો આપણો પ્રયાસ નિરર્થક જ નીવ-ડશે ? આ બાબતનો આપણે નિર્ણય કરી શકીએ તે સારૂ એક-ટુંકું દ્રષ્ટાન્ત હું આપસન્મુખ રજુ કરૂં છું. કવિ ગોલ્ડ-સ્મીથનો પ્રયાસ પણ આ જગતમાં શાંતિનું સ્થળ શોધવા-નો હતો કે જયાં જઇને રહેવાથી પરમશાંતિનો લાભ મેળ-વી શકાય. તે વાસ્તે તે યુરોપના આલ્પ્સ નામના એક ઉ-ચ્ચ પર્વત ચઢયો, અને ત્યાંથી આખા યુરોપ પર તેણે

પોતાની માનસિક દ્રષ્ટિ ફેરવી. પોતાની તજવીજ઼ આવેલા ઈટાલી દેશ ભણી તેણે પ્રથમ નજર કરી. તે દેશ ફળદ્રુપ છે, અનેક પ્રકારના ફુલફુલો ત્યાં ઉગી રહેલાં છે, અને કુદરત સર્વ વાતે અનુકુળ છે; પણ ત્યાંના માણસો વિષયી, દુરાચારી અને ઠીંગણાં છે. માટે આ દેશમાં તો પરમ શાંતિ મળી શકશે નહિ. તે પછી તેણે ફ્રાન્સ, સ્વીટઝર્લેંડ, ગ્રેટબ્રીટન વગેરે અનેક દેશો તપાસ્યા. દરેકમાં ગુણ અને દોષ આવી રહેલા તેને ભાસ્યા, એકાંત સુખનો પ્રદેશ તેની વિશાળ દ્રષ્ટિને દેખાયો નહિ. છેવટે તે પોતાની શોધમાં થાક્યો, અને તે સમયે તેના મુખમાંથી નીચે જણાવેલાં ઉદ્ગારો નીકળી પડ્યા.

Vain very vain my weary search to find.
That bliss which only centres in the mind.
Still to ourselves in every place consigned.
Our own felicity we make or find.

જે સુખ મનની અંદર રહેલું છે. તે સુખનો પ્રદેશ આ જગતમાં શોધી કાઢવાનો મ્હારો પ્રયાસ નિષ્ફળ ગયો. તોપણ હું એક એવા અનુમાન પર આવ્યો છું કે જુલમી રાજાઓ આપણાપર રાજ્ય કરે, અને જુલમી કાયદાઓ આપણીપર વર્તે છતાં સુખ મેળવવાનું પરમ સાધન પોતાનો આત્મા છે. આત્મામાં સર્વ સુખ આવી વસેલું છે. આ તેનો નિષ્ફળ થયેલો પ્રયાસ એક રીતે સફળ થયેલો માનીએ તો તેમાં કાંઇ અવાસ્તવિક નથી. કારણકે જો બાહ્ય પ્રદેશમાં તેને સુખ ન મળ્યું તો તે આત્મામાં શોધતો થયો. કારણ કે ખરા હૃદયથી અને શુદ્ધ મનથી કરેલો પ્રયાસ કદાપિ નિષ્ફળ નીવડતો નથી. આ ઉપરથી કહેવાનો ભાવાર્થ એમ નથી કે જગતમાં સુખ કે શાંતિ નથી, એમ કહેલું તે તો મિથ્યા છે, પણ તે સુખ ઐન્દ્રજાલિક છે, અને તે પ્રાપ્ત કર્યા પછી બીજા સુખની આકાંક્ષા રહે છે, માટે ચિરસ્થાયી સુખ પ્રાપ્ત કરી શકે તેવા મનુષ્યોના પ્રયાસને તે

અનુચિત છે. પાંચ ઇન્દ્રિયોના વિષયમાં સુખ તો રહેલું છે. પણ તે સુખ ક્ષણિક છે તેનો વધારે ઉપભોગ દુઃખ-ગર્ભિત છે, અને તે સુખ મળ્યાં પછી પણ બીજા સુખની ઇચ્છા રહે છે. આ ત્રણ કારણને લીધે ઇન્દ્રિયોના વિષયો-ને શાસ્ત્રકારોએ સુખરૂપ માન્યા નથી. સર વોલ્ટર સ્કોટ નામનો પ્રખ્યાત કવિ લખે છે કે:—

Two sisters by the goal are set.
Cold disappointment and regret.
One disenchants the winner's eyes.
And strips of all its worth the prize.
while one augments its gaudy show.
More to enhance the loser's woe.

આપણે કોઇ પણ સુખજનક વસ્તુ પ્રાપ્ત કરવા મ-થીએ છીએ, ત્યારે તેના બે પરિણામ આવે છે; કાંતો નિ-રાશા કે કાંતો ખેદ. તે વસ્તુ તેની પ્રાપ્તિ પહેલાં જેટલી આપણને મોહક લાગતી હતી, તે પાછળથી એટલે તે મ-ળ્યા પછી તેટલી મોહક લાગતી નથી. આપણો તેના પરનો મોહ ઉતરી જાય છે; કારણકે હવે તેનું ખરૂં સ્વરૂપ આ-પણા જાણવામાં આવે છે. અને તેથી આપણે નિરાશ થઇ-એ છીએ. પણ પ્રયત્ન કરવા છતાં પણ તે વસ્તુની પ્રાપ્તિ થતી નથી, ત્યારે આપણે ખેદ ધરીએ છીએ, અને દિલ-ગીર થઇએ છીએ, કારણ કે આપણી તેના મોહપાશથી ભ્ર-મિત થયેલી ચક્ષુને તે વિશેષ વિશેષ સુંદર અને સુખકારી જણાય છે, અને આ રીતે આપણા દુઃખમાં ઓર ઉમેરો થાય છે, આ રીતે બાહ્યવસ્તુઓ કાંતો નિરાશા ઉત્પન્ન કરે છે અથવા તો ખેદ ઉત્પન્ન કરે છે. ત્યારે હવે કરવું શુ? આમ સર્વ સ્થળે આપણે પાછા પડીએ છીએ, ત્યારે તે સુખ તે શાંતિ–આત્મામાં શોધવા આપણે મથીએ છી-એ. તે સુખ મનથી પણ મળી શકે તેમ નથી. કાર-ણકે મન અસ્થિર અને ચંચળ છે, ક્ષણે ક્ષણે તે બદલાય

છે. મનમાં અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ ઉઠે છે; અનેક પ્રકારની વાસનાઓ અને વિચારો જાગૃત થાય છે. દુનિયાના વિવિધ પદાર્થોને લીધે આ રીતે મન અસ્થિર બને છે. પણ મન તે આત્મા નથી એ વિસરવું જોઇતું નથી. મનની અંદર ઉત્પન્ન થતા આ તરંગો અને વિકારો ખરા આત્માને જરાપણ અસર કરી શકતા નથી. મનરૂપી સમુદ્રમાં ગમે તેવા ઉછાળા અને કલ્લોલો ઉત્પન્ન થાય, પણ ખડક ઉપર રહેલા આત્માને તે અસર કરી શકતા નથી. આત્મા સ્વભાવેજ આનંદમય અને શાંત છે. મન, દેહ અને ઇન્દ્રિયો રૂપ પોતાનાં સાધનો સાથે પોતાની એકયતા તે અજ્ઞાનથી સ્વીકારે છે અને તેથી તે દુઃખ અનુભવે છે. પણ આ અધ્યાસ છુટી જાય, અને પોતે જો પોતાનું ખરૂં સ્વરૂપ સમજતો થાય, તો પછી ઉદ્વેગ કરનારાં કારણોની તેના ઉપર જરા સરખી પણ અસર થઇ શકશે નહિં, મારાપણાંનો ભાવ-મમત્વ એજ દુઃખનું કારણ છે. તે ઉપર એક ટુંક દ્રષ્ટાન્ત નીચે પ્રમાણે છે. એક માણસ પોતાના બે વર્ષના એક નાના પુત્રને અને સ્ત્રીને મુકી અમદાવાદથી મુંબાઇ ગયો હતો. તે વાતને બાર વર્ષ વીતી ગયાં. સ્ત્રીએ અનેક કાગળ લખાવ્યા પણ મુંબાઇથી તે આવ્યો નહિ. ત્યારે સ્ત્રીએ એવું કાગળમાં લખાવરાવ્યું કે જો તમે હવે નહિ આવો તો આ તમારા પુત્રને તમને તેડવા સારૂ મુંબાઇ મોકલીશ. આ કાગળનો પણ ઉત્તર ન મળ્યો. એટલે તે સ્ત્રીએ પોતાના પુત્રને ગાડીમાં બેસાર્યો, અને તેજ દિવસે તે પતિ પણ ઘણા કાગળોના બળથી, તેમજ પોતાના પુત્ર અને સ્ત્રીને મળ્યે ઘણાં વર્ષ થયેલાં હોવાથી, મુંબાઇથી ગાડીમાં બેઠો. તે વખત અમદાવાદથી ટ્રેઇન સીધી મુંબાઈ જતી ન હતી, પણ સુરત અટકતી હતી. તેથી બન્ને ટ્રેઇનો સુરત આગળ મળી. બન્ને જોગેજોગે એકજ ધર્મશાળામાં રાત્રિ રહ્યા. બન્ને એક બીજાને ઓળખતા નહતા. કારણકે તે

બાળક તો પિતાને શી જ રીતે ઓળખે! અને બે વર્ષનો પુત્ર હાલ ચૌદ વર્ષનો થયેલો હોવાથી કાંઇ પણ નીશાની સિવાય રાત્રિમાં એકાએક પિતાથી પણ ઓળખાય નહિ. ત્યાં રાત્રિમાં એકાએક તે પુત્રને પેટમાં શુંક આવી, અને તે બુમો પાડવા લાગ્યો, કેટલાક ધર્મશાળામાં ઉતરેલા મુસાફરોને દયા આવી, અને તેની બરદાસ કરી, પણ દુઃખ વધ્યું, અને પ્રાતઃકાળમાં તે મરણ પામ્યો. આ બધી બુમો તે પિતાને કાને પડી હતી. પણ કોઇક જનાવર હશે, હું શા સારૂ મારી નિંદ્રા ખોઉં? એમ ધારી નિરાંતે સુઇ રહ્યો હતો. જ્યારે તે મરણ પામ્યો ત્યારે તો તે ધર્મશાળાના બધા માણસો તે કોણ છે તે જોવાને એકઠા થયા. ત્યાં તેનો પિતા પણ ગયો. ત્યાં તેની પાસેથી એક કાગળની પોટકી નીકળી. તેમાં પોતે લખેલા કેટલાક કાગળો તે પિતાએ દીઠા, અને તેની સાથે તેની ચૌદ વર્ષની ઉમ્મર જોવામાં આવી, તરતજ તેણે પોતાના પુત્રને ઓળખ્યો, અને તે છાતીફાટ રડ્યો. અહો ગૃહસ્થો! તેને દુઃખ થવાનું કારણ શું થયું? તેનો મમત્વભાવ એજ તેના દુઃખનું પરમકારણ હતું. આગલી રાત તે છોકરાએ બુમો પાડી, ત્યારે તેણે જરા સરખું પણ ધ્યાન આપ્યું નહતું, પણ જ્યારે "આતો મારો પુત્ર છે" એમ તેના જાણવામાં આવ્યું, ત્યારે દુઃખ થયું, માટે અહંમમત્વ એજ માણસને દુઃખમાં નાંખે છે.

સ્વરોદયમાં શ્રી ચિદાનંદજી મહારાજ કહે છે—

નિજરૂપ નિજ વસ્તુ હૈ, પરરૂપ પરવસ્ત,
[illegible]
[illegible]
[illegible]

[illegible]

સમજે છે, તે પુદ્‌ગલવસ્તુમાં રાચતો નથી. પૌદ્‌ગલિક પદાર્થ તેને આનંદ આપતા નથી, અને પૌદ્‌ગલિક પદાર્થોની પ્રાપ્તિ કે હાનિ તેની અંતર શાંતિમાં વિઘ્નકારક નીવડતી નથી. આ સ્થિતિ-આવી પરમ શાંતિ-એકદમ પ્રાપ્ત થઈ શકે નહિ પણ તેને વાસ્તે પ્રયાસ કરવાની જરૂર છે. તેને સારૂ કેટલાક ઉપાયો યોજવાની જરૂર છે-હવે તે કયા ઉપાયો છે તેનો આપણે વિચાર કરીએ. તેને વાસ્તે અનેક ઉપાયો છે પણ સર્વ વિચારવાનો અત્રે અવકાશ નથી માટે તેમાંથી એ ત્રણ મુખ્ય ઉપાયો આપણે અત્રે વિચારીશું. તે ત્રણ નીચે પ્રમાણે છે. ૧ વૈરાગ્ય ૨ કાર્યફળની નિરીચ્છા અને ૩ આત્માનું ધ્યાન. એકદમ સર્વ વસ્તુ ઉપર વૈરાગ્ય અથવા વિરતિ આવી શકે નહિ, પણ તેને વાસ્તે પ્રયાસ તો આપણે કરી શકીએ; આપણે નાની નાની બાબતોમાં વૈરાગ્યવૃત્તિ ધારણ કરતાં શિખવું જોઇએ. ભોજન સારૂ થયું કે ખોટું, આકરે બરાબર પોતીયું ધોયું કે નહિ, કોઇ સ્વાદિષ્ટ પદાર્થ આપણને ખાવા સારૂ મળ્યો કે ન મળ્યો આપણને કોઇએ આગળ બેસાડયા કે પાછળ રાખ્યા; આ સર્વ નાની બાબતો તરફ આપણે પ્રથમ વૈરાગ્ય ધારણ કરવો જોઇએ. નજીવી બાબતનું સુખ મળ્યું. તો તેમાં હર્ષ ન માનવો તેમજ તે તે વસ્તુ ન મળી તો તેથી અત્યંત દીલગીર થવું નહિ, પણ મનની સમતોલવૃત્તિ રાખવી જોઇએ આ રીતે આપણે શાંતિ રાખી શકીશું એટલું જ નહિ પણ આપણા કરતાં વધારે હલકી સ્થિતિના માણસો જેઓ સહજ બાબતમાં ઉશ્કેરાઈ જાય છે, અને મનની શાંતિ ખોઇ બેસે છે, તેઓને આપણે સહાય આપી શકીશું, આ બાબતમાં નિયમિતતા બહુ ઉપયોગી છે. શરીર અને ઇન્દ્રિયો કાબુમાં રહે તે પ્રમાણે આપણે પ્રયત્ન કરવો જોઇએ. ઇન્દ્રિયોને મારી નાંખવાની નથી; તેમ શરીરનો નાશ કરવાનો નથી. કારણ કે તે સર્વ ઉપયોગી છે. તે સર્વ ઉપ-

યોગી સાધનો છે. પણ જેમ ઘોડાને મારી નહિ નાખતાં આપણે વશ કરીએ છીએ. કારણકે તેથી મન પણ બાહ્ય વિષયોમાં ભટકતું અટકશે અને શાંતિ પ્રાપ્ત કરશે. બીજો માર્ગ આપણું કર્તવ્ય બજાવ્યા પછી તે કાર્યફળની ઇચ્છાઓ તરફ બે દરકારી રાખવાનો છે. આ ઉપરથી આપણે એમ ન સમજવું કે આપણા કાર્યનું કામે તેવું ફળ આવે તે તરફ દુર્લક્ષ રાખવું. કાર્યનું ફળ તો જરૂર વિચારવું; કારણ કે ફળ ઉપરથી આપણને ઘણો અનુભવ મળે છે. કહેવાનો ભાવાર્થ એ છે કે આપણે અમુક કાર્ય આપણે આપણી સંપૂર્ણ સમજશક્તિથી, અને શુદ્ધ આશયથી કરીએ પછી તેના ફળની દરકાર રાખવી જોઇએ નહિ, અને તેના ફળ સંબધી ચિંતા કરવી જોઇએ નહિ. જે કાર્ય થયું તે ન થયું થવાનું નથી, અને ચિંતાથી અને ઉદ્વેગથી આપણને કાંઈ પણ લાભ મળતો નથી. જ્યારે પરિણામ આવે ત્યારે આગળ ઉપર આપણને લાભકારી થાય માટે તે ધ્યાનમાં રાખવું જોઈએ પણ ચિંતાને હૃદયમાં સ્થાન આપવું જોઇએ નહિ. તેમજ તે વખતે અભ્યંતર હર્ષિત કે દીલગીર થવું નહિ. કારણકે તેથી આપણે આપણા હાલના કાર્યને વાસ્તે અયોગ્ય બનીએ છીએ અને આપણું કર્તવ્ય બરાબર બજાવી શકતા નથી. હર્ષ કે શોકને વાસ્તે મનમાં જરા પણ સ્થાન મળવું નજોઇએ. સારો પરિણામ આવે તો તે કાર્યમાં મંડયા રહેવું, પણ જો પરિણામ દુઃખકારી આવે તો આપણી ભૂલ આપણે શોધવી, અને ભૂલ ફરીથી ન થાય તેવો પ્રયત્ન કરવો, આ રીતે કાર્યના ફળ તરફ ઉદાસીન ભાવ રાખવાથી આપણે આત્મશાંતિ પ્રાપ્ત કરી શકીએ છીએ. કારણકે પૂર્વકૃતકર્મ પ્રમાણે ફળ મળે છે; માટે હર્ષ શોક ધરવો તે મિથ્યા છે; અને આત્મા તેથી તદ્દન અલગ છે. આત્મશાંતિમાં આવી ચિંતાથી વિઘ્ન થવા દેવું નહિ.

મનની શાંતિનો નાશ કરનાર, શરીરબળ અને મનો-

બળને નિઃસત્ત્વ બનાવનાર ચિંતારૂપ રાક્ષસી છે. જે આમ સ. અધ્યાત્મમાર્ગમાં આગળ વધેલો હોય તેનું વદન નિરંતર આનંદથી પ્રફુલ્લિત હોવું જોઇએ. આનંદની ખુમારી તેના મુખપર પ્રકાશવી જોઇએ. ઘણા મનુષ્યો બહારથી હસવાનો ડોળ રાખે છે, અને પોતે સુખી હોય એવું બાહ્યસ્વરૂપ રાખે છે, પણ તેમનું અંતર તપાસીએ તો આપણને જણાયા વગર નહિ રહે કે ચિંતારૂપી કીડા તેમનું હૃદય પ્રતિક્ષણે કોતરી ખાય છે. પણ જે અધ્યાત્મમાર્ગનો ખરો જાણકાર હોય છે તેને કર્મના નિયમમાં અને આત્માના આનંદમય, અને નિર્વિકારી સ્વરૂપમાં સંપૂર્ણ પ્રતીતિ હોય છે; અને તેથી પૂર્વકૃતકર્મને લીધે આવતા સુખદુઃખના પ્રસંગોથી આત્માના આનંદમય સ્વભાવને અને આત્માની શાંતિને અડચણ આવવા દેતો નથી.

ત્રીજો માર્ગ આત્માનું ધ્યાન છે. આત્મા સ્વભાવે શાંત છે, આનંદમય છે, જ્ઞાનમય છે. હું તે આત્મા છું, એવું નિરંતર ધ્યાન કરવું, અને મન બાહ્યવિષયમાં રખડતું હોય, તેને અભ્યાસથી આત્માપર સ્થિર કરવું. મન ચંચળ છે, અને ક્ષણે ક્ષણે ભટકવા માંડશે પણ તેને સ્થિર કરવાનો અભ્યાસ કરવો જોઇએ, આ કામ બહુજ દુષ્કર છે, પણ તે થઈ શકે તેમ છે. પુર્વકાળમાં થઈ ગયેલા ઘણા તીર્થંકરો તે કામ કરી શકયા છે, આચાર્યો પણ થોડે ઘણે અંશે તે કાર્ય કરવા સમર્થ થયા હતા. આપણો આત્મા પણ સ્વરૂપમાં સત્તામાં તેમના આત્માની સમાન છે. માટે આપણે પણ તે આત્માનું ધ્યાન કરી શકીશું એ નિઃસંશય છે. તેને વાસ્તે અમુક સમય પસંદ કરવો જોઇએ. દાખલા તરીકે પ્રાતઃકાળનો સમય બહુઅનુકૂળ પડશે. તે સમયે મનને અંતર્મુખ વાળવું જોઇએ. આમ પ્રતિદિન પ્રયત્ન કરવાથી મન ધીમે ધીમે આત્મામાં રમતું થશે. આત્મિક શાંતિ અને આનંદનો સહેજ અનુભવ થતાં બાહ્યવિષયો—

તેને તેટલા સુખ આપનારા લાગશે નહિ. અને તેથી તે મન પોતાની મેળે આત્માનું ધ્યાન કરવા વિશેષ વિશેષ પ્રેરાશે. સારી વસ્તુ મળતાં હલકી વસ્તુનો ત્યાગ થાય એ સ્વાભાવિક નિયમ છે. ધ્યાનમાર્ગનો આ વિષય નથી, માટે આ સંબંધમાં હું વિશેષ અત્રે કહેવા માગતો નથી. આ રીતે આ ત્રણ માર્ગનું આલંબન કરવાથી, અને તે પ્રમાણે વર્તન રાખવાથી માણસ ધીમે ધીમે પોતાના આત્મામાં રહેલી શાંતિ પ્રાપ્ત કરી શકશે. જેમ કસ્તુરીઓ મૃગ કસ્તુરી પોતાની નાભિમાં રહેલી છે, છતાં આખા જંગલમાં તે પ્રાપ્ત કરવા સારૂ રખડે છે, તેમ આત્મામાં અનંત સુખ અને શાંતિ રહેલા છતાં, આપણે અજ્ઞાનથી બાહ્ય વિષયોમાં તે શોધવા ભટકીએ છીએ; પણ અંતે થાકીએ છીએ, ત્યારે આત્મા તરફ વળીએ છીએ; અને આત્મા પરમશાંતિનું ધામ હોવાથી ત્યાં અને કેવળ ત્યાંજ આપણે તે પ્રાપ્ત કરી શકીશું ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

आत्मभाव.

(ભાષણકર્ત્તા લલુભાઇ કરમચંદ દલાલ.)

પ્રીય સજ્જનો! શું તમે આ સંસારની ઉપાધીમય ખટપટોનો અનુભવ જોયો નહિ? જવાબ આપવોજ પડશે કે જોયો. અનુભવ્યો, તેમાં પણ વિચારશીલોએ તો કડવો અનુભવ જોયો એમ કહી તેથી વિરકત થવાને પણ ઉત્સુક બની રહ્યા હશે, પણ તેમાંના ઘણા ખરા, ખરો માર્ગ હાથ લાગતો નથી, આ ઉદ્દગારો કહાડતા હશે.

બંધુઓ! જો તમોને જીજ્ઞાસા થઇ હોય તો, જે મહાત્માઓએ જે માર્ગે પોતાનું કાર્ય સાધ્ય જોયું અને તે આપણા ઉપગાર માટે જણાવી ગયા છે તે તરફ પ્રીતિપુર્વ-

કે લક્ષ આપો. વસ્તુ પાસે છે પણ કસ્તુરીઆમૃગની માફક આપણે બીજે શોધતા હોવાથી તે કેમ સાંપડે ? જ્યાં સુધી તેનું ખરૂં સ્થાન જાણવા પ્રયત્ન થાય નહિ–સ્થાન જણાય નહિ ત્યાં સુધી સત્ય શાન્તી કેમ મળે ?

પડતા દુઃખો માટે રૂદન કરો છો પણ ભીખારીઓ પાસે ભીખ માગવાનો ઉદ્યમ કેવો નીવડે ? દાતારો જ સુખ આપી શકે?

રાજા કે રંક, બાળક કે વૃદ્ધ, વિદ્વાન કે અજ્ઞાની, સ્ત્રી કે પુરૂષ, દરેક જીવો કલ્યાણ ઇચ્છે છે તેતો નક્કી જ છે. અને તે માટે માર્ગ એક જ છે "આત્મમાર્ગ, આત્મધર્મ જ છે." ભવભીરૂ બંધુઓને આ માર્ગ તરતજ રૂચશે. અને અન્યજનો માટે તેઓનું હૃદય જ સાક્ષિ આપશે.

સ્વાલ થશે કે, આત્મધર્મ કયાં છે ? શું છે ? માર્ગ કયો છે ? કયાંથી જવું ? બેશક, આ સર્વ જાણવાજોગ પ્રશ્નો છે, પણ અધીરા બનશો નહિ. છે તો નજીક પણ જેમ નાટકશાલાઓ, પહેલો મુખ્ય પડદો જ્યાં સુધી ઉપાડતા નથી, ત્યાં સુધી આપણે નાટયગૃહમાં જવા છતાં ખેલ જોઇ શકતા નથી. તે રીતે આપણે જાણવું જોઇએ કે, આ દ્રષ્ટાંત આપણા ચરીત્ર માટે લાગુ પાડી આત્મમાર્ગના આવરણરૂપી અજ્ઞાનપડદો ઉંચો કર્યાવિના–દુર કર્યા વિના આત્મમાર્ગ નહી જ જોઇ શકીએ અને તેની અંદર રહેલો અનંત સુખમય ખેલ નહી જ જોઇ શકીએ.

નાટયગૃહમાં પડદો ઉપડયો ન હોય, ખરી રીતે ટાઇમ પણ થોડી રહ્યા હોય છતાં સીટીઓ વગાડી, પાટીઆં ઉપર ગોદાઓ મારી અનેક માથાકુટો કરી, જલદી ખેલ જોવા ઉતાવળા થઈ જાઓ છો, દ્રવ્ય પણ ખર્ચો છો, ઉજાગરા કરો છો, અને કદાચ બીજે દીવસે ઉજાગરો કહાડવા વખત લેતાં કેટલુંક નુકશાન પણ ખમો છો. પણ શું કોઈ દિવસ આત્મમાર્ગનો પડદો ઉંચો કરવા અને

સદ્ગુણ [illegible] [illegible]. તેમાંથી [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] આવ્યો. ત્યારે [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible], અને
[illegible] [illegible] [illegible] [illegible]. [illegible], [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]. તે [illegible] અદ્ભુત
[illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, અને [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

શ્રદ્ધાને સંપૂર્ણ જાગત રાખી ખંતથી, ઉદ્યમવંત રહેનારાજ કલ્યાણ કરી શકશે.

પુન્ય અને પાપ તે શુભ અશુભ, સત્ય અસત્ય ઉદ્યમનું જ ફળ છે. ઉદ્યમથી જ સર્વ કાર્યો સિદ્ધ થાય છે. તીર્થંકરપણું—અને છેવટે મોક્ષપણું પણ—ઉદ્યમથી જ પ્રાપ્ત થાય છે. બેશક તે શુભ અને સતત ઉદ્યોગ જ હોવો જોઇએ; માટે જે દીશા તરફ જવું હોય તે તરફ પ્રયાણ કરો તો ધારેલ સ્થાન જલદી આવશે; ઉલટી દીશાએ જઇએ તો ઉલટું તે સ્થાન દુર જ જાય. એ રીતે જોવો છે આત્મમાર્ગ અને જવું છે શાન્તસ્થલે, ત્યારે કામ તેના વિરૂદ્ધનાં કરો તો શાન્ત સ્થલ કયાંથી મેળવાય. ?

ખાવાપીવાની, ફરવા હરવાની, મોજશોખ કરવાની, નાટક ચેટક આદી જોવાની અને તેવા જ વ્યવહારનાં બીજાં અસંખ્ય કામો કે જે ઉલટી દીશાએ લઇ જનારાં છે તે માટે ફુરસદ મેળવો, તેમાં જ મગ્ન રહો, અને પુન્ય ઉપાર્જનાદીક કાર્યો ન કરો, તો પછી ખરા માર્ગે ચાલો છો તેમ કોણ કહેશે !

વિદ્યા, જ્ઞાન, શાસ્ત્ર, જ્ઞાનીઓ, તત્વવેત્તાઓ ઉત્પન્ન થવા એ સર્વનું મુળશું છે ? આત્મા, આત્મા, અને આત્મશ્રદ્ધાજ છે, અને તે વિચાર કરનારને નિશ્ચય થયા વીના નહી રહે, આત્મશક્તિ માટે બંધુઓ, તીર્થંકરોનાં ચરીત્ર અહોનીશ સાંભળનારાઓને વધુ કહેવા જરૂર રહેતી નથી. છતાં શક્તિઅનુસાર મહાત્માઓ જે કંઇ કહે છે તે જોવાવવાની જરૂર જોઉંછું

નાનો બાળક શરૂઆતમાં એકડો શીખતાં ૬ માસ કાઢે અને તે જ બાળક થોડા સમયમાં એક જસ્ટીસ યા બૅરીસ્ટરની પદવી મેળવે છે એ શક્તિ કયાંથી નીકળી ? શું એકડો ભણતી વખતે તમોએ તેમ ધાર્યું હોય છે ! નહી જ. ત્યારે કહેવું પડશે કે આત્મશક્તિ અનંત છે, પણ પ્રગટ

કારણ જેણે સતત્ ઉદ્યમ કર્યો છે, તેનો જ ઉદ્યોગ સફળ થયો છે.

એટલે જીવોની યોગ્યતા અને પૂર્વકર્મનો સંબંધ ઓછો નથી. કાચા ઘડામાં પાણી રહી શકે નહી તેમ યોગ્યતા વિનાના જીવને આ આધ્યાત્મ જ્ઞાન પચી શકે નહી.

મહાત્માઓ યોગ્યતા જોઇને જ કામ કરે છે તેમ જીવો તેવા મહાત્મા ગુરૂઓની અહોનિશ સેવામાં તલ્લીન રહે છે. અને તેઓજ કાર્ય સાધી શકે છે.

સૂત્રનો વિષય કરતાં પ્રસ્તાવના મોટી જણાશે પણ વિષય અને પ્રસ્તાવનાને અખંડ સંબંધ હોવાથી જ તેમ કરવું પડ્યું છે, અને હવે પછી પણ તેવું થોડું ઘણું આવે તો કંટાળશો નહી. કારણ આ વિષય તેમ જ રજુ થવાનો વિષય પણ સંપુર્ણ સંબંધ ધરાવનારો છે. હવે ભ્રાતૃભાવ એટલે શું ! તેના પ્રકાર અને તે માટે બીજા કેટલા વિષયો પરત્વે યથાશક્તિ વિવેચન કરીશું.

મૈત્રીભાવના, પ્રમોદભાવના; કારુણ્યભાવના, માધ્યસ્થભાવના, આ ચાર ભાવનાનું લંબાણ સ્વરૂપ દરેકે સમજવું અને તે પ્રમાણે વર્તવું. (ગુરૂશ્રીદ્વારા સંપૂર્ણ જાણવાનો ખપ કરવો.)

(૧) મૈત્રીભાવના એમ કહે છે કે જગતવાસી દરેક જીવોને મિત્રતુલ્ય–બંધુતુલ્ય–માનો, કેમકે ખરી રીતે નથી કોઇ શત્રુ કે નથી કોઇ વૈરી, આ ભાવનાથી શું ન બને ? જગત જીવોપ્રત્યે પ્રેમભાવ ઉત્પન્ન કરવો અને પોતાનાજ તુલ્ય દરેકને જાણવા પછી વૈર વિરોધ, તારા મારાપણું, ક્યાં રહે ! તેમ જ તેના અંગે અનેક કુકર્મો થતાં જોવાય છે તે બનવા પામે જ ક્યાંથી ! આવો મહાન્ લાભ થાય, જ્યારે એક જ ભાવનાથી થાય, તો પછી ચારે ભાવના સાથે જ હોય પછી બાકી શું રહે ?

"श्रूयतां धर्म सर्वस्वं, श्रूत्वाचैव्वा वधार्यताम् ।
आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत् ॥
ध० स० स्वा० गा. १

"આ ગાથાનો ભાવાર્થ એછે કે ધર્મનું રહસ્ય સાંભળો, અને
રહણ કરી શકો; અને પોતાને જે જે બાબતો પ્રતિકુળ હોય
પર-પ્રત્યે આચરો નહિ." આ અપૂર્વ ગાથા અહોનીશ સ્મર-
ણમાં રાખનાર અનુભવી શકશે કે જો મને અપ્રિય હોય તેવું
જા તરફથી કંઈપણ આચરણ થાય તો મારો આત્મા
થાય છે, ક્રોધ ચઢે છે, વેર બાંધવાનું થાય છે, અનેક
વિતર્કો થાય છે; તો પછી, હું બીજાપ્રત્યે તેવુંજ કરૂં
તેને કેમ તેવું નહી થતું હશે? અરે! તમો વિચારો
તમારી પાસેથી કોઇ એક રૂપીઆજ માત્ર ચોરી કે
કરી લઇ જાય તેમ તમારી સ્ત્રી કે માતા પ્રત્યે ખોટી
ષ્ટિ નીહાળે, તમને મારે ગાળો દે, તમારૂં ભુંડું બોલે,
તમોને કેવું લાગે છે? બહુજ ખાટું અને દુઃખ ઉત્પન્ન
નારૂં લાગે છે. ત્યારે, તેજ વિચારો જો તમો બીજા પ્રત્યે
મ કરો તો બીજા જીવોને શું તમારી માફક ખાટું નહી
લાગતું હશે? લાગેજ. અને તેથીજ જો અરસ પરસ
જીવોના સંબંધતો મજબુર કલેશો ઉત્પન્ન થાયજ નહીં.
ાચ ઉત્પન થવાનાં કારણો થાય, તો કેમ કરવું? તેમાટે
ીજી; ત્રીજી, ચોથી, ભાવના બહુજ ઉત્તમ માર્ગ દર્શાવે છે.
ગુભાવ જે આત્મામાં જ્યાં સુધી ઉત્પન્ન થયો નથી ત્યાં
ધી, તે આત્મા, પરમાત્માપદ પામે તેમ કહી શકાતું
ી. સર્વ પ્રાણીમાત્ર ઉપર પ્રેમ, દયા, કરૂણા, સદુપદે-
, કરવાથીજ પોતાનો આત્મા કૃતાર્થ થાય છે, ઉચ્ચપદ
મ કરે છે. સર્વ જીવો ઉપર પ્રેમભાવ રાખતાં શીખો,
નો હો કે મોટો, શત્રુ હો કે મિત્ર, પણ કોઇનું અહિત
ઇચ્છશોજ નહિ. કારણ દૂષિત મનથી તમો કોઇના
ચીતક બનશો. જ્યાં સુધી તમારૂં મન દોષી છે,
ં સુધી તમો પ્રેમસ્થાન બની શકશોજ નહી, અને
દ પ્રેમ વિના કંઇ થતું જ નથી માટે જ્યાં ત્યાં પ્રેમજ
પેઢ પ્રેમ, દસ્તમર પ્રેમ, નિર્મળ પ્રેમ કોઇકો બને કે

વીના ઉંચ્ચ શ્રેણી પ્રાપ્ત થવી નથી એ યાદ રાખજો. આ પ્રેમ સ્વાર્થપ્રેમ નથી પણ દયામય, પરમાર્થમય પ્રેમ છે.

શું એવી કોઇ જડી બુટી જોઇછે કે, સર્વ સંકટમાંથી રક્ષણ કરનાર, અંતઃકરણને શુદ્ધ કરનાર, જ્યાં જાઓ ત્યાં વિજયજ કરનાર છે હોય ! પ્રત્યુતર આપાશે કે નહી. તો જાણો કે, ભુતમાત્રઉપર અમર્યાદ પ્રેમ ચલાવો અને પછી અનુભવપુર્વક જાણશો કે અપુર્વ જડીબુટી પ્રાપ્ત થઇ છે.

(૨) પ્રમોદભાવનાઃ—આ ભાવનાનો અર્થ, બીજાઓને સુખી જોઇ અનુમોદના કરવી, ઉલ્લાસીત થવું, આનંદીત થવું, વગેરે થાય છે. અને તે એમ બતાવે છે કે તમો કર્મવશે દરીદ્ર હો, કૃપણ હો, દુખી હો, મૂર્ખ હો, અનેક સંકટો વેઠતા હો, સારૂ કામ કરતાં પણ અપજશ મળે છે તેવી તમારી માન્યતા હો, અને બીજા જીવો મજકુર પ્રકારોથી બચેલા હોય, ચઢતી સ્થીતીવાલા હોય, તો તમો તેઓની સ્થીતીપરત્વે ઈર્ષાની નજરેથી ન જોતાં સંતોષ માનો કે તે જીવે પુર્વે શુભ ઉદ્યોગ કર્યો છે અને તેથી શુભ સંજોગો પામ્યા છે. અને હજુ પામશે. ધન્ય છે તે જીવોને, અને તે વિશેષ સુખી થાઓ, એવી ભાવના તેજ પ્રમોદભાવના છે. બંધુઓ ! પુન્યવાન જીવો ઉપર તેઓની પુન્યરિદ્ધી ન જોઇ શકતાં ક્રોધ કર્યો હોય છે ત્યારે શું તે પુન્યવાલા જીવની રીદ્ધી આપણને મળે છે ? શું તે પુન્યવાલાનું કંઇ ઓછું થાય છે ? અનુભવપુર્વક જવાબ આપવો પડશે કે નહીં. ઉલટું પોતાને જ નુકશાન ખમવું પડે છે. ત્યારે જો આ પ્રમોદભાવનાનું રહસ્ય, અહોનિશ ધ્યાનારૂઢ રહે તો કદી પણ ચઢતી સ્થીતીવાલા ઉપર ઈર્ષાની નજરથી જોવું થાય ? નહીજ. બલકે એમ વિચાર થાય કે હું પણ તેવો કેમ ન થઈ શકુ? કારણ મારામાં પણ અનંત શક્તિ છે અને તેથી જેઓના જેવું થવું છે

તેઓના માર્ગે ચાલું તો તેવો જરૂર થઇ શકીશ. આ ભાવના ઉદ્ભવે તો નક્કી માનજો કે આપણે પણ તેવાજ થવાના. જો તીર્થંકરોના ચરીત્રો ઉપરજ ધ્યાન ચોટસું અને તે માર્ગે આત્મશ્રદ્ધાપુર્વક પ્રયાણ કર્યું તો તેવાજ થવાના એ નિર્વિવાદ છે જુઓ:—

" जीन स्वरूप थई जीनपरध्यावे,
ते सविजीनपर होवे "

આ મહાન્ વાક્ય તે વાતની સાબીતી આપે છે.

(૩) કારૂણ્યભાવના:—આ ભાવના જણાવે છે કે તમો ઉચ્ચ સ્થીતિવાળા હો, ધર્મી હો, શાન્ત હો, જ્ઞાની હો, ધન્યાઢ્ય હો, સ્વરૂપવાન હો, સમૃદ્ધિવાન અધીકારી હો, અને તેથી વિરૂદ્ધ જેઓ હોય તેઓ પ્રત્યે હલકી ભાવનાથી ન જુઓ, દ્વેષભાવ ન કરો, કોઇ જીવ બે અપશબ્દો કહી ગયો તો તે પ્રત્યે ક્રોધ ન કરો. કોઇ અજ્ઞાન જીવ વિચિત્ર કાર્યો કરે તો તે પ્રત્યે રીશ ન કરો, પણ તેના બદલે એમ વિચારો કે બીચારો કર્મવસે આવાં અકાર્યો કરે છે તો તેમાંથી હું તેને બચાવવા પ્રયત્ન કરૂં.

વીરપરમાત્માનું ચરિત્ર શું શીખવે છે? કરૂણા કેટલી હદ સુધી–જુઓ ચંડકૌસીયા નાગે વીરપ્રભુને અનેક ઉપદ્રવ કર્યા, ડંશ માર્યા, તેમજ સંગમદેવતાએ પણ ઉપસર્ગો કર્યા છતાં વીરપ્રભુએ જરામાત્ર ક્રોધ ન કરતાં અપકાર કરનાર ઉપર ઉપકાર કરવાની દ્રષ્ટીએ–કરૂણાભાવનાએ–વિચાર્યું કે કર્માધીનપણે આ જીવ આમ કરે છે પણ તેઓને પ્રતિબોધ કરવો જોઇએ, નહીતો તે જીવો અકાર્યવંત રહી અનંત દુઃખ પામશે. જુઓ પાર્શ્વપ્રભુએ કમઠયોગીપ્રત્યે કેવી કરૂણા દાખવી છે. કમઠ તરફના તમામ ઉપસર્ગો સહન કરી, સર્પને ધરણેંદ્ર પદ પ્રાપ્ત કરાવ્યું. મેઘમાલીના જીવે નાસીકા સુધી જળ વરસાવ્યું પણ પાર્શ્વપ્રભુ જરાપણ સમભાવ ચૂક્યા નહી. પણ સર્પનાં

જીવે તે ઉપસર્ગો દુર કર્યા અને તેથી આશ્ચર્ય પામી-કમઠનો જીવ મેઘમાળી પણ ચકીત થઇ, પ્રભુને ખમાવી અંતઃકરણપૂર્વક પશ્ચાત્તાપ કરવા લાગ્યો. અહો! જગતબંધુઓ! આ ચરીત્ર વિચારો, મહાત્મા વીરપ્રભુ અને પાર્શ્વપ્રભુની કેવી કરૂણા કેવો ભાતૃભાવ! કેવી કૃપા! શું તેઓ તે ઉપદ્રવ દુર કરવા શક્તિવાન નહોતા? સંપુર્ણ હતા. પણ જાણતા હતા કે કર્મવશ જીવોપ્રત્યે કરૂણાજ જોઇએ. ઉપરાંત પોતાના સમભાવથી જરાપણ ખસવું ન જોઇએ તે નીશાન હતું. તેથીજ વૈરીપ્રત્યે ક્રોધ નહી પણ પ્રેમ, દયા, કરૂણા, અને સદુપદેશનોજ ઉપયોગ કરી બીજાઓને પણ શાન્તસ્થલે લઈ જવાનોજ ઉપકાર કરતા હતા માટે આપણો પણ તેજ માર્ગ હોવો જોઇએ.

જીવો આ જાણી ક્રોધ ત્યાગે, ક્ષમા આદરે, તોજ કલ્યાણ છે. શ્રીમદ્ યશોવિજય મહાત્મા શું કહે છે.

क्रोध ते बोध निरोध छे, क्रोध ते संजमघाती रे ।
क्रोध ते नरकनुं बारणुं, क्रोध दुरित पक्षपाती रे ॥

ગંભીરવાણીયુક્ત આ પદ, આપણી અજ્ઞાનતાને બહુજ સજડ ઉપદેશ કરે છે, કહે છે કે તપનું અજીર્ણ ક્રોધ છે. જો આ વાતનો અનુભવ હોય તો તેનાથી બચો, જરૂર બચો તપ વિના કર્મો તપાતાં નથી, કપાતાં નથી, દુર થતાં નથી, તો એક ક્રોધ કેટલું નુકશાન કરે છે તે વિચારો; બોધનો નિરોધ કરે, ચારિત્રથી પાડે, ઉચ્ચ સ્થીતીના બદલે નરકદ્વાર સમીપ લઇ જાય એવા ક્રોધને કેમ દુર ન કરવો? જો ક્રોધ ત્યાગવા, ક્ષમા આદરવા ઇચ્છા હોય તો શ્રીવીરપ્રભુ અને પાર્શ્વપ્રભુના ચરિત્રોતરફ અહોનિશ ધ્યાન રાખતા રહેવું. એ ઉત્તમ ચરિત્ર આપણને વીકટ માર્ગ સરળ કરી દેસે.

(૪) **માધ્યસ્થભાવના,** આ શબ્દજ કહે છે કે માધ્યસ્થ રહેવું. ત્રણે ભાવના પ્રમાણે ચાલતા છતાં બીજાઓ

ઉપર પ્રેમદૃષ્ટીથી જોવા છતાં, સદુપદેશ આપવા છતાં, પણ જે જીવો સમજી શકે નહી અને દુર્ઘટ માર્ગ, અયોગ્ય વિચાર, ખરાબ ટેવો, મુકી શકતા ન હોય તેવા સમયે મધ્યસ્થ રહેવું. એટલું જ નહી પણ આ દુનીઆરૂપી સરતના મેદાનમાં એક જીવ બીજા પ્રત્યે હારજીત મેળવે તેવા સમયે પણ હારનાર ઉપર દ્વેષ નહી કે જીતનાર ઉપર રાગ નહી, એને જ માધ્યસ્થપણું કહે છે. કારણ કે ઉદ્યમ તો બંનેએ કર્યો. પણ શુભ કર્મના ઉદયવાળાને શુભ ને અશુભ કર્મના ઉદયવાળાને અશુભ પરીણમ્યો ત્યારે ત્રીજા જીવે શા માટે પ્રેમ કે તીરસ્કાર કરવો ?

ભ્રાતૃભાવથી બે પ્રકારે અનુપમ લાભ છે. જુઓ, દરેક જીવો પ્રત્યે પ્રેમભાવ, ભ્રાતૃભાવ હોય તો તે જીવો પ્રત્યે કદી વેર વિરોધ થાય નહી અને તેથી એકયતા ટકી રહે એટલુંજ નહી પણ એક્યતા વધે, સંપની વૃદ્ધી થાય.

" સંપ ત્યાં સુખ " " સંપ ત્યાં લક્ષ્મી " આ કહેવત પ્રસિદ્ધ જ છે. એટલે સંસારી જીવો તે પ્રકારે લાભ મેળવે છે તેમ બીજી રીતે જ્યાં ભ્રાતૃભાવ ત્યાં ક્રોધનો નિરોધ; ક્રોધનો રોધ-ક્ષમાનો સદ્ભાવ-ત્યાં કર્મનો અટકાવ. અને કર્મનો અટકાવ એટલે, મોક્ષ નજીક.

શું આ લાભો અલભ્ય નથી? છે, તો, તે ભ્રાતૃભાવમાં સચોટ થવા શું શું કરવું જોઇએ, અથવા શું શું ત્યાગવું જોઇએ તે વિચારવું જોઇએ.

ઉતાવળે આંબા પાકતા નથી. તેમ બેસી રહે પણ કંઇ વળતું નથી. માટે સદા મંજણુન કરો. અને તે માટેના રસ્તાઓ ગ્રહણ કરો.

ભ્રાતૃભાવને તોડનાર મુખ્ય નિંદા છે, અને તે નિંદાએ આપણી, આપણા દેશની જે દુર્દશા કરી છે તે કોનાથી અજાણી છે, ગામેગામ અને ઘેરઘેર આ ધંધો ચાલે છે અને એક બીજાની નિંદાએ કરી અનેક પ્રપંચો ઉત્પ

થાય છે, ઐક્યતા વધવા બદલે તુટેછે અને મહાભનથો ઉભા થાય છે, આ બધું અનુભવમાં આવવા છતાં જો આપણાથી નિંદા ન છોડાય તો પછી આપણામાં અને, ચાર પગવાલાઓમાં શું ફરેક ? માટે નિંદાવચન, ક્રોધસ્વભાવ, વિષયવિકારો, આદી ભ્રાતૃભાવને નુકસાન કરનાર જે કંઇ હોય તેને સત્વર દૂર કરવાં જોઇએ.

સાદી જીંદગી, સરળ જીંદગી, એ એક મોટામાં મોટી ભ્રાતૃભાવ વધારનારી ચાવી છે, દરેક જીવો વિષયતૃષ્ણામાંજ મુંઝાયા છે. મોજશોખ તેમનેજ પરણી છે, પુદગલીક અનેક વિકારોમાં આશક્ત થઇ રહ્યા છે. અહા, આ સ્થીતી શું ઉચ્ચ સ્થીતી પ્રાપ્ત કરાવે ? નહીજ.

વિષયોનો રોધ કરવો તેજ આત્મા ઉપર અરધો જય મેળવ્યા બરોબર છે.

વિષયવિકારોને વશ થવાથી કાર્ય અકાર્યનું ભાન રહેતું નથી અને ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, રાગ, દ્વેષ, ઉત્પન્ન થાય છે. અસત્ય વચનો બોલાય છે, અને અસત્યથીજ ક્રોધ ઉત્પન્ન થાય છે અને આગળ કહ્યું તેમ ક્રોધ દરેકે દરેક ગુણને જડમુળથી ઉખેડી નાખે છે. દરેકમાં મન મુખ્ય છે અને તેથીજ મન કબજે રાખવા વિકારોને [illegible] કરવા જોઇએ, અને ક્રમેક્રમે ત્યાગવા જોઇએ. ગુરૂસેવા, શ્રવણ, ધ્યાન, નિયમિત વાંચન, આદી શુભ સંજોગોમાંજ લક્ષ રોકવું જોઇએ અને તેમ કરી ક્ષમા, શાન્તિ, સંતોષ, આદી ગુણો પ્રગટ કરવા જોઇએ.

ઉત્તમ પવિત્ર અને નિયમિત ભોજન, પવિત્ર વસ્તુઓનો વપરાશ, એ મનના વિકારોને શાન્ત કરવામાં મુખ્ય છે. "અન્ન તેવો ઓડકાર" એ નક્કીજ છે, જુઓ આપણે પશુ જન્મે છે ત્યારથીજ કંઇ બીજ શોખ અને વિકારો [illegible] નથી. પણ માતાપિતાની, અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઉપર [illegible] [illegible]

રહે છે, પછી યુવાનવયે જેવા પ્રકારનો ધંધો અને સોબતો હોય છે તે ઉપર આધાર રહે છે. માટે જન્મથીજ પવિત્ર અને ભ્રાતૃભાવનાજ સંસ્કારો પડવા માટે ઉપર કહ્યું તેમ શરૂઆતથીજ સંજોગો ઉભા કરવા, એ પહેલામાં પહેલું કર્તવ્ય છે. ભોજનમાં પણ રસત્યાગ, ઉનોદરીવૃત્ત, આદી તરફ પણ લક્ષ રાખવું. વૃતિનો સંક્ષેપ, એજ વિકારોનું ત્યાગપણુંજ છે એમ કહીએ તો ચાલે. કોઈપણ બાબત ઉપર મન ચોટયું તેનું નામ વિકારનું ઉત્પન્ન થવું અને, તે પ્રમાણે મન પુરૂં કર્યું તેનું નામ વિકાર સેવ્યો તે છે. અને તેથીજ આત્માના ગુણો પ્રગટ થવામાં બાધક, એવી કોઈ પણ ચીજ ઉપર મનને જતાં પહેલાંજ અટકાવવું; અને તેનુંજ નામ વૃત્તિનો રોધ છે. માટે આત્માર્થી જનોએ વૃત્તિને રોકવી, અને મન કબજે કરવું, કે જેથી સકળ કાર્ય સિદ્ધ થાય.

સુખી જીવોને ખુબ યાદ રાખવું જોઈએ કે, આજે જે ગાડી, વાડી, લાડી, કે બંગલા હોય તે કાલે "ન જાણે જાનકીનાથ પ્રભાતે કિંભવિસ્યતી" ની માફક બદલાઈ જતાં વિલંબ લાગતો નથી. અને સ્થીતિ બદલાતાં ગાન મરતબો બદલાઈ સંજોગો અનુકુળ હોય તે પ્રતિકુળ થાય છે. માટે ગમે તેટલી ઋદ્ધિ પેદા થાય કે જાય, તેવા સમયે એકજ પ્રકારે રહેવાની ટેવ રાખવી જોઈએ, સહેજ કામ માટે પણ માણસ વીના ન ચાલે, ગુરૂ દર્શન- પ્રભુ દર્શન આદી માટે એકાદ આઉ ચાલવું પડયું તોપણ ગાડી જોઈએ. ફરવા સીવાય ચાલે નહી, મોજ શોખનાં સાધનો જોઈએ; આ બધી ટેવો, વખત ફરી જતાં એટલી બધી વિકટ થઈ પડે છે કે તે વખતે મનુષ્યને બહાર નીકળવું પણ શોક ઉત્પન્ન કરનારૂં નીવડે છે; પણ જો સરળ અને સાદી જીંદગી ગુજારતા હઈએ તો ગમે તેવી સ્થીતી બદલાતાં મનને કોઈ રીતે ઉદ્વેગનું કારણ થતું નથી. જો કે દુઃ —

મણ રૂની તલાઇમાં સુવાની ઘેર સગવડ હોય છતાં એક મણ રૂનીજ તળાઇમાં હમેશાં સુતા હઇએ તો બહાર મુસાફરીએ યા ગામાન્તરે જવું થતાં ૦ા મણ રૂની તળાઇ મલે અથવા પોસહ વૃત આદીમાં ભોંય સંથારો કરવો તો પણ મન કચવાય નહી. વલી-ચઢતી પડતીના ફેરફારે મનમાં કંઇપણ લાગે નહી. ઉપરાંત લોકો હાંસી કરે નહી. આ વાત લક્ષમાં રાખનાર હમેશાં સાદી જીંદગી એજ સુખી જીંદગી છે એમ અનુભવી શકશે.

ભ્રાતૃભાવને નહી વધારનાર-બલકે એકયતાનું નીકંદન કરનાર રીતીઓ ત્યાગવા નીચેના શ્લોક ઉપર ધ્યાન આપવું જોઇએ.

मातृवत् परदारेषु परद्रव्येषु लोष्ठवत् ।
आत्मवत् सर्व भूतेषु यः पश्यति सपश्यति ॥

પરસ્ત્રી માત તુલ્ય સમજે, પરદ્રવ્ય ધૂળના ઢેપા સમ સમજે, સર્વે પ્રાણી માત્રને આત્મા સમાનજ લેખે, તેજ ખરો જ્ઞાની અને ખરો વિવેકી, શાસ્ત્રશ્રદ્ધાળુ છે. માટે પરદારાથી તો આત્માર્થીએ બચવુંજ જોઇએ, તેમજ દ્રવ્યની લાલસાએ-કોઇની હવેલી જોઇ ઝુંપડાને પણ પાડી ન નાખવાં. પર દ્રવ્યની સામુ પણ જોવું જોઇએ નહી. કંચન અને કામિની એની સામું પણ જોવું જોઇએ નહિ. કંચન અને કામિની એ બેજ વિષયો ખરેખર રીતે ભ્રાતૃભાવ અને એકયતાને જડમુળથી ઉખેડી નાખનાર છે, માટે આત્માર્થી જનોએ તેનાથી બહુજ સાવચેત રહેવું જરૂરનું છે.

"શીલ સર્વાંગ ભૂષણં" જે મનુષ્યમાં આ ભુષણ નથી તે ભલે ઉદાર હોય, ધનાઢય હોય, અધીકારી હોય, પણ તે ભુષણરહીત છે એમ નક્કી જાણો-અને શીયલ ભુષણ અંગીકાર કરો.

સ્ત્રીઓથી સર્વાંશે દુર રહેવાય તે તો ઘણુંજ ઉત્તમ. છતાં ગ્રહસ્થોને તે હદ સુધી પહોંચતાં જેટલો વખત લાગે

ત્યાં સુધી "સ્વદારા સંતોષ" અથવા એકપત્નીવ્રત તો અવશ્ય લેવું જોઈએ. શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય યોગ શાસ્ત્રમાં ચતુર્થ વ્રત અધીકારમાં સ્ત્રીને સર્પિણીની ઉપમા આપી છે. કેમકે, ગામાંતરે જતાં સર્પણી સામી આવી કે આડો ઉતરી હોય તો અપશુકન થાય છે. કાર્ય સફળ થવા અંદલે વિઘ્નરૂપ થાય છે તેજ રીતે મોક્ષનગરે જતાં સામેજ ઉભેલી સ્ત્રી રૂપી સર્પણી અપશુકનરૂપ છે, અટકાવ કરનારી છે. માટે તે તો પાછવાડેજ સારી.

સ્ત્રીની આંખોની ભમર ધનુષ્યરૂપ છે અને ચક્ષુઓનું કટાક્ષ બાણરૂપ છે. એ વાત સ્ત્રીપ્રેમીઓને અનુભવગહાર નહી હોય, માટે તેનાથી બચો એમ મહાત્માઓ પોકારી પોકારી કહી ગયા છે.

એક બાણ ન ખમી શકનારા સ્વદારાસંતોષવ્રત વિનાના જીવો શું અનેક બાણો ખાઈ જીવી શકશે? કલ્યાણ માર્ગે જઈ શકશે? નહીંજ. માટે વિચાર કરો, વિચારી તેનાથી દુર ભાગો અને સ્વદારાસંતોષ કે એકપત્નીવ્રત, પરસ્ત્રીત્યાગવ્રત ન હોય તો આજથી અવશ્ય ગ્રહણ કરો. આ મંડળના અનુરાગીઓને આ વ્રત તો અવશ્ય હોવું જ જોઈએ.

સુદર્શન જેવા મહાપુરૂષો અને સીતા જેવી મહાસતીઓનાં ચરીત્રો અહોનીશ સ્મરણમાં રાખો. એવાં આલંબનો ઘણાંજ ઉપયોગી છે.

સરળ માર્ગને કઠીણ જાણવો અને કઠીણને સારો જાણી ઉંધે રસ્તે દોરાવું તે શું ન્યાય છે? ભુલી જવા જેવું નથી કે અહીં પોપાંબાઇનું રાજ્ય નથી. આતો મહા સમર્થ ન્યાયી રાજ્ય છે. અદલ ઇનસાફ છે અને તેથી લીંબડાનું ઝાડ વાવી, આંબો મેળવવો હોય તો તે ઝાડ વાવવાથીજ દુર રહેવું; નહીતો કડવો લીંબડોજ આવેલ મળશે તે નક્કી જ માનજો.

કેટલાકો બૂમો પાડતા જણાય છે કે શું કરીએ ભાઇ! આ દુનીઆમાં સત્ય ચાલતું નથી, ધર્મી દુઃખી જણાય છે! અહા કેટલી અજ્ઞાનતા! ભાઇઓ વાતો કરી બેસી રહેવાનો વખત નથી. ધ્યાન આપો કે તમો અહોનીશ રાગના દ્વેષના, કપટના, લોભના, અદેખાઇના હિંસાના, અસત્યના, પરસ્ત્રીસેવ્યાના, પારકીનીંદા કરવાના, વિશ્વાસઘાત કરવાના, કલંક ચઢાવવાના, અને લડાઇ ટંટાનાજ વિચારો હાલતાં ચાલતાં, લખતાં વાંચતાં, સુતાં કે, ઉંઘતાં વારંવાર કર્યા કરો, કામ, ક્રોધ, મોહ, આદીના વિચારોને પુષ્ટ કર્યા કરો તો પછી લીંબડારૂપી કડવાં ફળજ પામો તેમાં શું નવાઇ. લસણની ગંધ અને ચંપાના પુષ્પની ગંધ કેમ એક હોઇ શકે. જુદીજ હોય છે, અને તેથી જેવું કામ તેવું ફળ થાય, એ તો નિર્વિવાદ છે. શું બીજા દોષીઓની નીંદા કરવાથી દોષરહીત થવાય છે.? કદી નહી. નીંદા જો પોતાના અશુભ કર્મોની કરે તોજ દોષરહીત થવાય. વીર પ્રભુએ કરેલી કરૂણાજ અનુકરણીય છે. બંધુઓ! ભ્રાતૃભાવ વિષય જો કોઈ સમર્થ પુરૂષ ચર્ચવા માંડે તો વર્ષોનાં વર્ષો કહાડે તેવો છે, પણ પામરજીવ કેટલું કરી શકે? અને તેથી જ આ વિવેચનમાં દોષો રહી જવા સંભવ છે પણ તે ભુલો સુધારવાને બની આવે તે માટે પરમકૃપાળુ ગુરૂમહારાજશ્રી સમક્ષ હોવાથીજ હીંમતપૂર્વક ચલાવ્યા કરૂં છું.

વ્હાલાઓ, ભ્રાતૃભાવ એ એક અપુર્વ વિષય છે, અને અપુર્વ લાભકારક છે એમ તો સ્પષ્ટ સમજાયું હશે. ત્યારે મન કબજે કરવા જે જે માર્ગો ઉપર કહ્યા અને ગુરૂ મહારાજશ્રીમુખે જાણીએ તે પ્રકારે વર્તણુંક રાખવા આગ્રહ કરવો ઉચીતજ જણાય છે. જુઓ પ્રસન્નચંદ્રરાજર્ષિનું ચરીત્ર શું જણાવે છે. મન સ્થીતી ભાન ભુલી જવાથી, બીજે જવાથી ક્ષણમાં સાતમી નર્કનું નિયાણું બાંધ્યું.

અને તેજ મન પાછું સ્થાને આવવાથી પશ્ચાતાપવડે ક્ષણમાં તેને તોડી દેવદુંદુભી નાદ સાથે કેવલ્યજ્ઞાનનું પ્રાપ્ત થયું. આ શું જણાવે છે! "મન જીત્યું તેણે સર્વ જીત્યું." જ્ઞાનીઓ શ્વાસોશ્વાસમાં કઠીણ કર્મોનો નાશ કરે છે, અને અજ્ઞાનીઓ પૂર્વક્રોડી વર્ષો સુધી ભમે છે. આટલો બધો જ્ઞાનીઓ અને અજ્ઞાનીઓમાં ફેર છે સ્વાભાવીક અને સત્યમાર્ગને વિષમ જાણવો એ કેટલી અજ્ઞાનતા!

અસત્યને સત્ય ઠરાવનારાને અનુભવમાંજ હોવું જોઇયે તેમાં કેટલી બધી મહેનત પડે છે ત્યારે સત્ય જે સ્વાભાવિક છે તે ઉંઘમાં બોલતાં પણ સરળજ જણાય છે. અને તે સરળજ છે.

પ્રસન્નચંદ્રનું દ્રષ્ટાંત રજુ કરતાં એક વાત યાદ આવે છે કે જો પ્રસન્નચંદ્ર રાજર્ષિ સાધુ વેશે નહોત અને ગૃહસ્થ વેશે હોત તો જે જ્ઞાન જેટલા સમયમાં ઠેકાણે આવ્યું તેટલા સમયમાં આવી શકત? એટલે જેઓ, ગૃહસ્થ અને સાધુઓનો આશ્રમાન પાતાવનો ફરક છે તે જાણતા નથી તેઓ જાણી શકશે કે, રાજર્ષીએ મસ્તકે મુગટ માટે હાથ મુક્યો ત્યારે મુંડ મસ્તક હોવાથી તરતજ ચારીત્ર જ્ઞાન આવ્યું અને નહીં જતા બચ્યા. તે શું ચારીત્રવેશનો જેવો તેવો પ્રભાવ છે! આ વાત ગમે તેવા જ્ઞાની ગૃહસ્થીઓ કરતાં, ચારીત્રધારી જ્ઞાની ગુરૂઓજ સર્વોત્તમ છે એમ સાબીત કરે છે અને તે સત્ય છે.

" નિશ્ચયદ્રષ્ટિ ચીત્તધરીજી, પાળે જે વ્યવહાર પુણ્યવંત પામશેજી, ભવસમુદ્રનો પાર" આ પદ યાદ રાખી ગૃહસ્થાશ્રમમાં પણ અનેક કામો કરો પણ જાગૃત પ્રેમભાવ સમાન આત્મભાવ, આ દ્રષ્ટિનેજ આગળ કરી વર્તો. ગૃહસ્થો! સંસારમાં રહેવું અને આ પ્રમાણે ચાલવું કેમ બને આ પ્રશ્ન દરેકનો સમાધાન શ્રીઆનંદઘનજી મહારાજ હોઇજ દ્રષ્ટાંત રજુ કરી અને જીવનચરીત્રે ચીત

લાઓરે મના૦ એ પદમાં જણાવે છે કે, જેમ ગાય વગડામાં જાય છે અને ચારે તરફ ભમે છે પણ દ્રષ્ટિ તો પોતાના વાછરડામાં જ હોય છે. વળી ચાર પાંચ સ્ત્રીઓ સાહેલીઓ સાથે મળી પાણીએ જતાં હસે છે તાલી દીયે છે, વાતો કરે છે, પણ તેની દ્રષ્ટિ તો પોતાના માથેની ગંગરીઓમાં જ હોય છે. વળી નટ, લોકોનો શોરબકોર છતાં પોતે વાંસ અને દોરી ઉપર ચઢયો છે ત્યાંજ દ્રષ્ટિ રાખે છે. આ દ્રષ્ટાંતો શું આપણને અપરિચિત છે! ના. જાણીતાં જ છે તો પછી આપણે બીજાં બધાં કામો કરીએ છતાં દ્રષ્ટિ ભ્રાતૃભાવની જ રાખીએ તે શું ન બને તેમ છે! બેશક ઘણા વખતના ખોટા પરીચયથી શરૂઆતમાં આ માર્ગ કદાચ વીકટ લાગે પણ ખંતથી તેને જ સત્ય જાણવામાં આવે તો સરળ માર્ગ તે સરળ જ થઈ પડે, માટે કષાયરૂપ ચંડાલ ચોકડીથી બચો અને સરળ માર્ગ ગ્રહણ કરો.

શ્રીમદ્દ આનંદઘનજી અને ચીદાનંદજી તરફ નજર કરો. તેઓએ બતાવેલા અધ્યાત્મજ્ઞાનના લાભ તરફ લક્ષ રોકો, અનુભવયુક્ત પદો ગાયા કરો અને એજ કલ્યાણનો મુખ્ય માર્ગ છે.

दीसी देखाडो शास्त्र सर्व रहे, न लहे अगोचर वात,
कारज साधक बाधक रहित ए, अनुभव मित्र विख्यात.

શાસ્ત્રો દીસી દેખાડનારા છે, માટે દીશીઓ જોવા તેને તે સેવવાં જ જોઇએ. પણ કાર્ય સાધ્ય કરવા તો અનુભવ મિત્ર જ સર્વોત્તમ છે, આ વાત જરામાત્ર ભુલી જવી જોઇએ નહી.

યાદ રાખવું કે અધ્યાત્મજ્ઞાન ક્રિયામાર્ગનો ત્યાગ કરવા કહેતું નથી, શુભ ક્રિયાઓ અવશ્યની છે એટલુંજ નહી પણ અધ્યાત્મજ્ઞાનને મજબુત કરનારી છે, માટે તે જ્ઞાન જાણવું અને તે પ્રમાણે વર્તવું તેજ ખરૂં જ્ઞાન છે.

બાકી બોલવું અસત્ય અને કરવું અન્ય, આ માર્ગ કોઈ રીતે સત્ય જ્ઞાનનો નથી. શું ગોળ ને ખાંડ બોલવાથી પેટ ભરાય છે ! ઓછો શબ્દ બોલવાથી શું સ્વાદ અનુભવાય છે? નહીંજ. માટે માત્ર ઓઠમાં આમ આજ કર્યા કરવાથી કંઇ થતું નથી માટે આગળ કહી ગયા તેમ જ્ઞાની ગુરૂઓના વચનો દ્વારા, પુસ્તકો દ્વારા અપુર્વ માહાત્મ્ય જાણી અ-ધ્યાત્મ જ્ઞાનનો વધારો કરો, ગુરૂસંગ સદાકાળ રાખો, વિનય, વૈયાવચ્ચથી, અનુભવી થાઓ, સત્યસુખ નજીક છે અને તે સત્ય છે એમ અનુભવથી જાણી શકશો આ ઉપરથી જાણી શકાયું હશે કે કેટલાક સંપ્રદાયોમાં "અહં બ્રહ્માસ્મિ" એ વાક્યમાંજ બ્રહ્મપણું સમાયું જણાય છે, પણ જૈનમાર્ગ "જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ" એ વાક્ય રજુ કરી જાણો અને તે પ્રમાણે કરો. તેથી મોક્ષ છે એમ કહે છે અને તે ઉપર દૃષ્ટાંત જણાવ્યું તે રીતે સત્યજ છે એમ જણાશે.

બંધુઓ ! લંબાણ થયું છે તે છતાં શ્રવણ કરવા શાન્તી પકડી છે તે માટે આભારી થયો છું.

.. આ વિષયના ટુંક સારમાં આપણે જાણી શકીશું કે ભાતૃભાવ એ એક અનુપમ સુવર્ણ ચાવી છે માટે તે ચાવીનો મોક્ષદ્વારનું તાળું ખોલવામાં ઉપાય કરવો જોઈએ અને તેમાં વિઘ્ન કરતા જે જે માર્ગો જણાવ્યા છે તેનાથી બચવું, તે સાથે સોમિયા મિત્રો તરીકે જે માર્ગ જણાવ્યા છે તેનું આલંબન લેવું, અને તેમ કરી આપણે ઘણા વખતના પ્રમાદ પછી પણ અપુર્વ એવો આત્મજ્ઞાનનો માર્ગ પકડવાને કંઇ પ્રયત્ન શરૂ કર્યો છે, તેને દ્રઢતાપૂર્વક પકડી રહી આત્મિક ઉન્નતિ કરવી એજ સાર છે.

ગૃહસ્થો! આ પ્રસંગ તેમજ આ વિષય, તમોને લાકિક હાસ્ય કે આનંદ કરે તેમ નથી. અને તેથી, જો કદાચ તમાશાની કે મોજ શોખની જીજ્ઞાસા ધરાવતા કોઈ બંધુઓની પોતાની ઈચ્છા તૃપ્ત ન થઇ હોય, તો ક્ષમા

કરશો. તે સાથે કંઇ પણ આત્મિક આનંદનો લાભ જરૂર ગ્રહણ કરશો. એમ પણ કહ્યા વિના ચાલતું નથી. મંડલ તરફથી એક માસિક કે જેમાં મંડળનો ઉદ્દેશ છે, તેવાજ વિષયો પ્રગટ થાય તેવું કહાડવાની જરૂર જોવાઇ છે, અને તે યોગ્યજ છે. તે માસીક ઘેર ઘેર વંચાય તે માટે હજારો ગ્રાહક હોવા જોઇએ અને તેમ થવું કોઇ રીતે દુર્લભ નથી, એમ તમો ભાઈઓની પ્રીતી જોતાં જણાઇ રહે છે.

છેવટમાં ભુલચુક માટે ક્ષમા યાચી, સુધારવાની જીજ્ઞાસા રાખી મંડલે ધારેલ ઉમેદો પાર પડે તેમ ઇચ્છી આ વિવેચન સમાપ્ત કરૂં છું.

શ્રી શાન્તિ, શાન્તિ, શાન્તિ.

गुरुभक्तिविवेचनम्.

લેખક. શા. વીરચંદ કૃષ્ણાજી-માણસાવાળા.

मङ्गलम्.

श्रीसद्गुरुं नमस्कृत्य, सत्यतत्त्वोपदेशकम् ।
गुरुभक्ति स्वरुपस्य, वर्णनं क्रियते शुभम् ॥ १ ॥
सद्गुरुभक्तितः सौख्यं लभन्ते सज्जनाः सदा ।
विचित्रा सद्गुरुभक्तिः कामधेनुसमा शुभा ॥ २ ॥

આત્મતત્ત્વસાધક ભવ્યજનો—શ્રીસદ્‌ગુરૂની ભક્તિનું વિવેચન જેવું મેં ગુરૂશ્રીના મુખથી સાંભળ્યું છે તેવું તમારી આગળ રજુ કરૂં છું, ભવ્યો ! તમો સમજશો કે જગતમાં જેટલા મનુષ્યો છે તેમના માથે ગમે તે પ્રકારે ગુરૂઓ હોય છે, ગુરૂ બે પ્રકારના છે. ૧ 'સાંસારિકગુરૂ, અને બીજા ધર્મગુરૂ, તેમાં સાંસારિક ગુરૂતો વ્યાકરણ, ન્યાય જ્યોતિષ, અલંકાર, વૈદક, શિલ્પ, વ્યાપાર, હુન્નર, વિગેરે અનેક દુનિયાદારીના વિષયોનું જ્ઞાન આપે છે. અને ધર્મગુરૂતો સત્યધર્મનું જ્ઞાન આપે છે. ધર્મજ્ઞાનના પ્રતાપથી મનુષ્ય અનેક પ્રકારનાં દુઃખોનો ત્યાગ કરે છે. અને સચ્ચિદાનંદ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. સદ્‌ગુરૂનો આ પ્રમાણે વિચારતાં અત્યંત ઉપકાર છે. શ્રીધર્મસદ્‌ગુરૂ શું કાર્ય કરે છે તે બતાવે છે.

શ્લોક.

विदलयति कुबोधं बोधयत्यागमार्थं ।
सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति;
अवगमयति कृत्याकृत्यभेदं गुरुर्यो,
भवजलनिधिपोतस्तं विना नास्ति कश्चित् ॥ १ ॥

બનો આપનાર નથી અને ધર્મગુરૂનો ઉપકાર તો મોક્ષનાં સુખ આપે છે, માટે ગુરૂના ઉપકારને કોઈ પહોંચી શકતું નથી. સમકિતદાયક ગુરૂને શાસ્ત્રમાં ભગવાન્ કહીને બોલાવ્યા છે-દેવસિક પ્રતિક્રમણ કરતાં ચારથોયથી વંદન કર્યાબાદ, નમુથ્થુણું કહેવામાં આવે છે. પછી ભગવાન્ આચાર્ય, ઉપાધ્યાય, અને પછી સર્વ સાધુઓને વંદન કરવામાં આવે છે, અત્ર ભગવાન્ શબ્દથી સમકિતદાયક સદ્ગુરૂ મુનિરાજને પ્રથમ વાંદવામાં આવે છે, અને પશ્ચાત્ ગચ્છના નાયક આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને વાંદવામાં આવે છે, દેવસિક પ્રતિક્રમણની આદ્યમાં આચાર્યાદિ કરતાં પણ ઉપકારી એવા સમકિત દાયક સદ્ગુરૂને ભગવાન્ કહીને વંદન કર્યું, તેમજ વંદિતાસૂત્રની આદ્યમાં ધમ્માયરિએ અ સવ્વસાહુઅ. ધર્માચાર્યને નમસ્કાર કર્યો છે, સમકિતદાયક સદ્ગુરૂની સદાકાળ આજ્ઞા માનવી જોઇએ. ભવ્યો સમજશો કે-જૈનસૂત્રમાં ઉપદેશ આપવાનો અધિકાર મુનિરાજનો છે; માટે તેમનાથી ભવ્યજીવો ધર્મ જાણી શકે છે, એમ અનેક ચરિત્રના ગ્રંથો વાંચતાં સ્પષ્ટ માલુમ પડે છે. તેમજ ગુણઠાણાંની અપેક્ષાએ, ભગવતી સૂત્ર કર્મ ગ્રંથ વિગેરે જોતાં મુનિરાજ ઉપદેશના અધિકારી છે, શ્રાવકને તો સૂત્રમાં લદ્ધઠ્ઠાગહીયઠ્ઠા કહ્યા છે, પણ ધર્મના ઉપદેશક કહ્યા નથી, માટે રાજમાર્ગની રીતિથી મુનિરાજ સમકિતદાયક ગુરૂ હોય છે, અને ચારિત્રની અપેક્ષાએ પણ ગુરૂ કહેવાય છે; છીંડીના માર્ગની રીતિ પ્રમાણે કવચિત્ ગૃહસ્થ સમકિતદાતા હોઇ શકે પણ તે રાજમાર્ગ નહીં હોવાથી તેનું અત્ર ગ્રહણ કર્યું નથી, કદાપિ ગૃહસ્થ સમકિતદાયક ગુરૂ હોય તોપણ તેને ખમાસણ દેઈ વંદન થાય નહીં, જૈન સૂત્ર પ્રમાણે શસ્ય ઉપદેશ ગૃહસ્થનો છીંડીનો માર્ગ હોય તોજ તે સમકિતદાયક સદ્ગુરૂ કહેવાય છે, તો પણ તેવા ગૃહસ્થ જે વ્યક્તિને બોધ કરે તેને સાધર્મીય

માનસિકભક્તિ થઇ શકે છે. માનસિકભક્તિમાં કપટ હોતું નથી. વાચિકભક્તિનું સ્વરૂપ કહે છે, ગુરુને માનથી બોલાવવા કૃપાલુદેવ. સદ્ગુરુદેવ, આત્મજ્ઞાની ગુરૂવર્ય વિગેરે મીઠા અને ઉચ્ચ શબ્દથી ગુરુનું નામ બોલવું. ગુરુ પ્રત્યક્ષ હોય અગર અન્યત્ર હોય તોપણ ઉચ્ચ શબ્દથી ગુરુનું નામ જપવું, પરોક્ષ પ્રત્યક્ષમાં પણ એક સરખી વૃત્તિથી ગુરુના ગુણ ગાવા. ગુરુની સ્તુતિ કરવી, મીઠા અને ઉચ્ચ શબ્દોથી ગુરૂને પૃચ્છા કરવી. ગુરુના ગ્રંથોને વાંચવા. ગુરુની દુર્જનો નિંદા કરતા હોય તો વારવા, ગુરુનો ઉપકાર વર્ણવવો, ગુરુઉપકારની સ્તુતિ કરવી, ગુરુશ્રીએ કહેલી આજ્ઞાઓ વાણીથી વધાવી લેવી. શ્રી સદ્ગુરુને માઠું લાગે એવી વાણી બોલવી નહીં. જોકે સદ્ગુરૂને માઠું લાગે નહીં તો પણ માઠું લાગે એવી વાણી બોલવાથી શિષ્યની ભક્તિ સચવાતી નથી. ગુરુના પહેલાં કોઇ બાબતમાં કહ્યા વિના બોલવું નહીં. તમે અમુક બાબતથી અજાણ છો આપને એમાં ગમ પડે નહીં. એવી અવિનયની વાણી પણ બોલવી નહીં. ગુરૂની વાણીથી પ્રાણાંતે પણ નિંદા કરવી નહીં. ગુરૂના ગુણની સ્તુતિ ગાવી, ઇત્યાદિ સર્વ વચનભક્તિ કહેવાય છે.

હવે કાયિકભક્તિનું સ્વરૂપ કહે છે—શ્રી સદ્ગુરૂને દેખીને પંચાંગ નમસ્કાર કરવો. ગુરૂરાજને ત્રિકાલ કાયાથી વંદન કરવું. ગુરૂરાજ નજરે પડે કે તુરત બેઠા હોય તો ઉભા થઇને વંદન કરવું, માર્ગમાં પણ ગુરૂવર્ય મળે તો યથાયોગ્ય વંદન કરવું, ગુરૂ અન્યત્ર જે દિશા તરફ હોય તે દિશા તરફ દૃષ્ટિ રાખી ગુરૂને કાયાથી વંદન કરવું ગુરૂની છબીને પણ ગુરૂની પેઠે માનવી, શ્રી સદ્ગુરૂના ચરણને દાબવાં, કાયાથી જેટલી બને તેટલી ગુરૂની ભક્તિ કરવી. કાયા પણ શ્રી સદ્ગુરૂની છે એમ સમજી કાયાથી ભક્તિ કરતાં પરિશ્રમ થાય તેને પણ હીસાબમાં ગણવો નહીં, શ્રીસદ્ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલવું, આગમોટમાં

બુદ્ધિથી વિલોકવાથી ભક્તના હૃદયમાં વિજલીની પેઠે જુદા પ્રકારની અસર થાય છે, પરમેશ્વરની બુદ્ધિથી જોનાર ભક્ત અલ્પ વખતમાં પોતાનું જીવન ઉચ્ચ કરે છે. ગુરૂના પ્રતિ ભકત જેવી ભાવભકિતથી જુવે છે તેવા પ્રકારનો તે થાય છે, ગુરૂની વૈયાવચ્ચ કરનાર કેટલાક મનુષ્યો એવું ધારે છે છે, અમોએ ગુરૂનું સારૂં કર્યું, આવાં વચનથી તેમની અજ્ઞાનતા સ્પષ્ટ માલુમ પડે છે, ગુરૂનું સારૂં ભકત કરી શકતો નથી. ઉલટો ખરાબ બુદ્ધિથી ઉપકારિ સદ્ગુરૂપ્રતિ જોનાર મનુષ્ય નીચ થતો જાય છે. માટે કદી અજ્ઞાનયોગે મનમાં એવો વિચાર કરવો નહીં. ગુરૂની ભકિત ભક્તિનેજ ફળ આપે છે. કોઈ ભકત અજ્ઞાનતાથી એમ વિચાર કરે કે, આટલા દિવસ સુધી મેં ગુરૂની તનમનધનથી ભકિત કરી પણ ગુરૂએ કંઈ મને આપ્યું નહીં. મારી ભકિત ફોગટ ગઇ. આવા ખરાબ વિચારથી ભકત ભકિતનું ફળ હારે છે. કારણકે ભકિત કરતી વખતે ઉચ્ચભાવના હતી તેથી ઉત્પન્ન થએલા ફળને હારે છે. મમ્મણ શેઠે પૂર્વભવમાં સાધુની મોદકથી ભકિત કરી હતી. પણ પશ્ચાત્ પશ્ચાતાપ થવાથી યથાર્થ ફળ ન પામ્યો, ગુરૂરાજની ભકિત કરતાં કોઈ સમયે પરિણામની ધારા વૃદ્ધિ પામે છે. તેથીજ ભકતને ફળ મળે છે. જીર્ણ શેઠ ભાવના ભાવતા હતા કે મારા ઘેર શ્રી વીર પ્રભુ કયારે વહોરવા આવશે, એમ ભાવના ભાવતાં ઉચ્ચ ભાવનારૂપ ભકિતના પ્રતાપથી બારમા દેવલોક જવાનું કર્મ બાંધ્યું. માટે ગુરૂની ભકિત કરીને પાછળથી પશ્ચાતાપ કરવો નહીં. ગુરૂની આજ્ઞા તેજ પ્રભુની આજ્ઞા છે એમ સમજવું. ગુરૂરાજ કોઇ વખતે કોઇ બાબતને અનુસરી હુકમ કરે તો હુકમને તથાસ્તુ કરીને વધાવી લેવો. જેમ પ્રભુની પ્રતિમા પાસે આપણે ગમન કરીએ છીએ. અને અષ્ટપ્રકારી પૂજા કરીએ છીએ. તે પોતાના આત્માના હિત માટે છે. પણ તેથી કંઈ પ્રભુની પ્રતિમાનું કંઇ

હિત કરી શકતા નથી. તેમ ગુરૂની ભાત, પાણી, વસ્ત્ર, પાત્રના દાન વિગેરેથી ભક્તિ કરીએ છીએ. તેમાં આપણા આત્માનું કલ્યાણ થાય છે. એમજ ભાવના રાખવી. સ્ત્રી પુત્ર ધન વિગેરેની આશાથી ગુરૂની ભક્તિ કરવાથી ગુરૂતરફથી ઉચ્ચજ્ઞાન ભક્તો પામી શકતા નથી. કારણકે કોઇ કર્મના ઉદયથી આશાઓ પૂર્ણ કદાપિ ન થાય તો ભક્તોની ગુરૂ ઉપરની શ્રદ્ધા ઉઠી જાય છે. અને તેઓ પરમાત્મદશાથી વિમુખ રહે છે. કેટલાક લોકો ભક્ત બનીને પ્રથમ તો ગુરૂઉપર બહુ ભાવ રાખે છે. પણ કુગરૂઓ જ્યારે ભરમાવે છે ત્યારે પોતાની શ્રદ્ધા ગુરૂઉપરથી ઉઠી જાય છે. આવા અજ્ઞાન ભક્તો બાજીગરના પૂતળાંનીપેઠે નચાવ્યા નાચે તેવા સમજવા. કેટલાક લોકો દુનિયામાં કીર્તિ થાય તેટલાજ ઉદ્દેશને અનુસરી ગુરૂને માને છે. એવા કીર્તિના પૂજારા પણ ગુરૂના ખરા ભક્ત કહેવાતા નથી. કેટલાક ભક્તો, ગુરૂના ઉપદેશને સત્ય તરીકે પ્રત્યક્ષમાં સ્વીકારે છે. અને કુવાદિયો જ્યારે કુતર્કોથી ભરમાવે છે ત્યારે પાછા તેઓની વાતને ગંગાદાસ અને જમનાદાસની પેઠે સ્વીકારે છે. એવા જીવો પણ ઉચ્ચ તત્ત્વના અધિકારી બનતા નથી, કેટલાક ભક્તો ગુરૂની હજુરમાં તેમની અતિવિનયથી ભક્તિ કરે છે. અને જ્યારે ગુરૂ ન હોય ત્યારે તેમનું નામ પણ લેતા નથી, ચોલમજીઠના રંગ સમાન ગુરૂના ઉપર ભક્તિનો રાગ થવો જોઇએ, ગુરૂ જે જે ઉપદેશ આપે છે તે જ્ઞાનચક્ષુ ઉઘાડવાને માટે આપે છે. માટે તે અંગીકાર કરવો જોઇએ એમ સુભક્ત વિચારે છે. ઉછાંછળા શિષ્યને સુજ્ઞાનની ઉત્તમ કુંચીઓ આપતા નથી. માટે ભક્ત શિષ્યોએ, ગંભીરતા, અદ્રતા, વિનય, વિવેક, વિગેરે સારા સદ્ગુણોથી યોગ્યતા પ્રાપ્ત કરવી જોઇએ. સદ્ગુરૂઓ યોગ્ય ભક્તોને પરમાત્મ તત્ત્વ દેખાડવા તૈયાર છે. પણ ભક્તોએ યોગ્યતા પ્રાપ્ત કરવી જોઇએ, કાચા ઘડામાં પાણી ટકતું નથી. તેમ અયોગ્ય

ઓલંઘી જાય." આ કહેવતનો પરમાર્થ સમજી અંતર્મુખ દૃષ્ટિ કરીને સત્યરૂદ્ધિ શોધો. અનંતશક્તિનો સ્વામી સત્તા- એ રહેલો પરમાત્મા પોતાનું સ્વરૂપ પ્રગટ કરશે. અને એ વંભૂતનયની અપેક્ષાએ શુદ્ધ બુદ્ધ થશે. અનંતજીવો આ પ્રમાણે અંતર્મુખ દૃષ્ટિવાળી સિદ્ધ થયા થાય છે અને થશે.

હે ભવ્યાત્માઓ—અંતર્મુખ દ્રષ્ટિવાળી તમો પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમશો તો ગાઢનિદ્રાની પેઠે આ દેખાતી જં- જાળ તેમજ દેહાધ્યાસ પણ ભુલાશે.

ભવ્ય જીવ મિત્રો—તમો કોઇપણ જીવ ઉપર ઉપકાર કરોતો સામો તે જીવ મારા પ્રતિ નમ્ર રહે, વા મારા ઉપકાર તળે દટાય, વા મારૂં તે સારૂં કરે એવી સકામ વૃત્તિથી નહિ કરતાં નિષ્કામવૃત્તિથી અન્યજનોનું ભલું કરતાં પરમાત્મકળા પ્રગટ કરશો, ધારોકે મારૂં ભલું કરશે. એવી બુદ્ધિથી કો- ઇને તમે લક્ષ્મી ખર્ચી ભણાવ્યો. પશ્ચાત્ તમારા અને એના વિચારમાં મતભેદ પડયો. તમારૂં કહેલું વચન તેણે સ્વીકાર્યું નહિ. ત્યારે તમે તેના ઉપર ગુસ્સે થાઓછો. અને બબડોછો કે ભોગ લાગ્યાકે મેં એને ભણાવ્યો. નકામો મારી લક્ષ્મીનો વ્યય થયો. એમ વિકલ્પ સંકલ્પ કરી પશ્ચાતાપ કરોછો અને ઉ- પકારનું ફળ હારી જાઓછો, માટે સામો ઉપકાર લેવાની બુદ્ધિ આદિ સકામવૃત્તિ નહિ રાખતાં નિષ્કામવૃત્તિથી કોઇને ધન ખર્ચી ભણાવશો અને તે કદાપિ તમારા કોઇ વખતે સામો થાય તો પણ તમારા મનમાં કાંઈ પણ આવશે નહીં, અને તે પ્રસંગે વિચાર કરશો કે મેંતો મારૂં કાર્ય બજાવ્યું, એ જીવના ખરાબ વિચાર થાય, વા મારા સામો થાય તેમાં તેની ભૂલ છે. એ પણ ભુલ કોઇના સહવાસથી વા આત્મ- જ્ઞાનથી તેની છૂટો, અને એ જીવ ઉચ્ચ કોટી ઉપર આવો, એમ વિચાર કરવાથી ઉપકારી જીવ નિષ્કામવૃત્તિથી અંત ર્મુખ દૃષ્ટીવાળી અનંત શક્તિયોનો પ્રકાશ કરવા સમર્થ થાય છે, જલપંકજવત્ અંતરથી ન્યારા રહી સંસારનાં

કાર્ય કરતાં છતાં પણ પ્રતિદિન ઉચ્ચકોટી ઉપર ચઢયો અને પરમાત્માની સંપૂર્ણ કળાને પ્રગટ કરશો, આ કૃતિ તમારા હાથમાં છે, વિચારથી આચારમાં ક્ષણે ક્ષણે પ્રવૃત્તિ કરો.

હે ભવ્યમિત્રો ! આત્મસુખની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરો, બાહ્યભાવમાં આંકડાની પેઠે કૂદતી એવી મનોવૃત્તિને દબાવે કરો. આત્મજ્ઞાનથી સ્વાત્મ સામર્થ્યના યોગથી ક્ષણે ક્ષણે મનોવૃત્તિનો સંયમ કરો, અંતર્મુખ દૃષ્ટિ વાળતાં મનોવૃત્તિનો અંતે લય થશે. મન શાંત થતાં આત્મ જ્યોતિનો પ્રકાશ થશે.

હે ભવ્યજીવો તમો જરા વિચારશો તો માલુમ પડશે કે, આત્મા અનાદિકાળથી રાગદ્વેષના યોગે સંસારચક્રમાં સંચાર કરે છે, હવે મનુષ્યભવમાં રાગદ્વેષના વેગને જો ટાળવામાં નહિ આવે તો સંસારમાં પરિભ્રમણ ટળનાર નથી, માટે ખરેખર ચેતવાનો સમય છે, જીવડા ચેતીલે ચટપટમાં, ખુંચ્યો શું ખટપટમાં. આ વૈરાગ્ય વાં ક્યનું સ્મરણ કરી ક્ષણે ક્ષણે આત્મપ્રભુનું નવધાભક્તિથી સેવન કરો, નવધાભક્તિથી ખુશી થએલ આત્મા અનંત-શક્તિયોનો પ્રકાશ કરશે, અને તે પરમાત્મા કહેવાશે, પોતાના સામર્થ્યથી આત્મધર્મમાં ઉદ્યમ કરો, ખરેખર અનંત સુખના ભોક્તા થશો, દરેક જીવોને દેખી ભ્રાતૃભાવનો સંબંધ રાખો, જીવો પોતાના બંધુ છે એવી ભાવના થતાં વેરઝેરની મલીનતા હૃદયમાંથી નીકળી જશે, સર્વ જીવો પોતાના બંધુ છે ત્યારે હું કોને મારૂં, અલબત્ત કોઇને નહીં, શુદ્ધ પરમ ભાવદયામાં પ્રવેશ કરવાને ભ્રાતૃભાવની દૃષ્ટિથી સર્વ જીવોને નિહાળો, સઘળું ક્ષણે હરતાં ફરતાં, ખાતાંપીતાં, સુતાં-બેઠતાં, કાર્યકરતાં પણ સર્વ જીવો મારા આત્મસમાન છે, માટે તે મારા ચૈતન્ય શક્તિથી સમાન જાતિય બંધુઓ છે, એવો ઉચ્ચભાવ ધારણ કરો. ખરેખર પરમાત્માની સંપૂર્ણ સ્થિતિને પ્રાપ્ત કરવાનો આ સરળ ઉપાય છે—

ર્મના યોગે જીવો દુષ્ટ હોય તોપણ શુદ્ધનિશ્ચયથી જોતાં જીવો દુષ્ટ નથીજ, તેથી શુદ્ધ દૃષ્ટિથી જોવાનો મેં પાડયો છે: તેથી જીવો તો હવે દુષ્ટ લાગતા નથી. કુ દુષ્ટ છે એમ વિચારતાં માલુમ પડે છે. તોપણ હુ એમ લાગે છે કે, કર્મના ઉપર દોષદૃષ્ટિથી જોતાં હિત થવાનું નથી. કારણ કે, કર્મનો જેવો સ્વભાવ તે પ્રમાણે કર્મ પોતાનો ધર્મ બજાવે છે, તેને દુષ્ટ તેના ઉપર ક્રોધ કરવાથી કંઇ તે પોતાનો દુષ્ટ ધર્મ મૂકી દેનાર નથી, જીવ અને અજીવ કર્મ ઉપર દુષ્ટભાવથી જોવામાં કંઇ લાભ ભાસતો નથી, માટે મેં હવે શુદ્ધનિશ્ચય નયદૃષ્ટિથી પુદ્ગલ અને જીવદ્રવ્યનું શુદ્ધસ્વરૂપ જોવાનો અભ્યાસ પાડયો છે, તેથી દોષ દૃષ્ટિની પ્રવૃત્તિનો પ્રતિદિન નાશ થતો દેખાય છે. અને હવે સર્વ જીવો ઉપર શુદ્ધ પ્રેમભાવ સ્ફુરે છે, જેવું મારૂ શુદ્ધસ્વરૂપ દેખતાં આનંદ થાય છે, તેવું શુદ્ધસ્વરૂપ સર્વ જીવોનું હોવાથી સર્વ જીવોને દેખતાં આનંદ થાય છે અને તેથીસમભાવમાં પ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે, જડવસ્તુ ઉપર પણ સમભાવની દૃષ્ટિથી જોવાય છે. તેથી આત્માનું આનંદ જીવન પ્રકાશતું માલુમ પડે છે, વળી હે જીવો! તમારામાં અને મારામાં એક સરખો અનંત ધર્મ હોવાથી તમારી અને મારી ઐક્યતા પ્રત્યક્ષ અનુભવમાં આવે છે, તેથી મારા આત્માની પેઠે તમારૂં પણ સદાકાળ હિત ચિંતવવું જોઇએ. તમારા પ્રતિ મારે શુદ્ધનિશ્ચયની દૃષ્ટિથી જોવું જોઇએ, હે સર્વ જીવો, તમે ગમે તે પંથ પાળતા હો, ષડ્ દર્શનમાંથી ગમે તે દર્શનમાં તમારો રાગ હોય તો પણ નિષ્કામમિત્ર દૃષ્ટિથી મારે તમારા આત્માની શુદ્ધોન્નતિ કરવી જોઇએ, તમારૂં મૂળ શુદ્ધસ્વરૂપ જણાવવું તેજ મારૂં કર્તવ્ય છે. ગમે તે વિચારવાળા તમે હો તોપણ મારી શુદ્ધક્ષમાપના ખરા અંતઃકરણથી જાણી અને મિત્ર ભાવથી બતાવેલી તમારી શુદ્ધદશાનો વિચાર

શો, માધ્યસ્થદ્રષ્ટિથી વિચારશો તો મારી ક્ષમાપનામાં રહેલું રહસ્ય તમો સમજી શકશો, અને તમો પણ શુદ્ધક્ષમાપનાના અધિકારી થઇ ઉચ્ચકોટી ઉપર આવશો. અને તમો પણ સર્વ ઉપર મૈત્રીભાવના રાખવાને યોગ્ય થશો. અને સર્વ જીવોને પણ મિત્ર ધારશો, તમારો એક જીવમિત્ર નથી, બે ત્રણ મિત્ર નથી, પણ જગતમાં રહેલા અનંત જીવો તમારા મિત્રો છે. એવી વિશાલ દ્રષ્ટિ થતાં વૈરબુદ્ધિનો નાશ થશે. અને તેથી તમારૂં હૃદય ગંગાના જલની પેઠે નિર્મલ થશે, અંતે તમો સિદ્ધ બુદ્ધ પરમાત્મા થશો. એમ વિશ્વાસબુદ્ધિથી માનશો.

મન વચન અને કાયાના દુષ્ટ વ્યાપારોથી હે જીવો તમારૂં અહિત કર્યું હોય તે સંબંધી મિથ્યા દુષ્કૃત દઉં છું. સવ્વસ્સવિ દેવસિઅ દુચ્ચિંતિઅ દુબ્ભાસિઅ દુચ્ચિટ્ઠીઅ તસ્સ મિચ્છામિ દુક્કડં, મન વચન અને કાયાથી હે જીવો તમારૂં શ્રેયઃ કરવું જોઇએ. અહિંસા પરમો ધર્મઃ દયા મોટામાં મોટો ધર્મ છે, આત્મવત્ સર્વભૂતેષુ યઃ પશ્યતિ સ પશ્યતિઃ આ નિયમને અનુસરી પોતાના સમાન સર્વ જીવોને દેખવામાં અભ્યાસી બન્યો છું, અન્યજીવોની આંતરડી દુઃખવવી ત્યાં દયાનો પાઠ પૂર્ણપણે શી રીતે કહેવાય! કોઇનું જરામાત્ર બુરૂં ઇચ્છવું નહિ. એવી વીરપ્રભુની વાણી પરમકરૂણામૃતનું પાન કરાવે છે, પરજીવોનું અશુભચિંતવતાં પ્રથમ અશુભપરિણામ પોતાના હૃદયમાં ઉત્પન્ન થવાથી પોતાનું અશુભ થાય છે. અને તેથી પોતાના આત્માનો ઘાત થાય છે, પરિણામે ખરેખર, ઉપયોગે ધર્મ અને ક્રિયા એ કર્મ તેમ મદન પરિણામે બંધ એ મહાવાક્યનું મનન કરવું. અન્યનું અશુભ પરિણામ ઉત્પન્ન કરવાથી પાપ લાગે છે. અને વળી ઉત્તરોત્તર આત્મા દુર્ગતિમાં દુઃખ પામે છે. માટે [illegible] હૃદયમાં અશુભ પરિણામ ઉત્પન્ન [illegible]

પૃષ્ઠ પંક્તિ.		
૧૧૬—૧૮.	વિચારશીલોએ	વિચારશીલો.
૧૨૦-૫-૬.	તલ્લીજ	તલ્લીન.
૧૨૦—૨૮.	પરષાં	પરેષાં
૧૨૨—૫.	કરનાર છે હોય !	કરનાર હોય !
૧૨૩—૬.	જીનપર	જિનવર.
૧૨૩—૭.	,,	,,
૧૨૩—૨૫.	પાશ્વ	પાર્શ્વ.
૧૨૩—૨૭.	સપ	સર્પ.
૧૨૬—૪.	ફરેક	ફરક.
૧૨૬—૧૨.	આત્મા ઉપર	કર્મ ઉપર.
૧૨૭—૨૮.	જીંરગી	જીંદગી.
૧૩૧—૨.	કૈવલ્ય જ્ઞાનનું	કૈવલ્ય જ્ઞાન.
૧૩૧—૨૯.	અસેજીવન	એસાજીન.
૧૩૨—૨૦.	દેખાડો	દેખાડો.
૧૩૩—૧૯.	ઉપાય	ઉપયોગ.
૧૪૧—૨૯.	સદ્ગુને	સદ્ગુરૂને.
૧૪૪—૧૬.	કુમરોગ	કર્મરોગ.
૧૪૬—૧૬.	સવ	સર્વ.
૧૪૭—૧.	કરે	ન કરે.
૧૫૧—૧૯.	અત્માને	આત્માને.
૧૫૧—૨૪.	રમરણ	રમણ.
૧૫૫—૬.	લોક લોકમાં	લોકા લોકમાં.
૧૫૮—૧૭.	દ્વપ	દ્વેપ.
૧૫૮— ,,	ડરૂપ	રૌદ્રરૂપ.
૧૫૯—૨૮.	મત્રીભાવ	મૈત્રીભાવ.
૧૬૨—૩.	પાર્ગલિક	પૌદ્ગલિક.
૧૬૨—૧૪.	સામાન ધર્મથી	સમાન ધર્મથી.
૧૬૮—૭.	મત્રીભાવ	મૈત્રીભાવ.
૧૬૮—૧૭.	,,	,,
૧૭૭—૯.	સવ	સર્વ.
૧૮૦—૨૦.	સંકપવાળા	સંકલ્પ વાળા.
૧૬૬—૨૮.	આદવિક ભાવના	ઔદયિક ભાવના.
૧૮૭—૪.	ચસન્ય	ચૈતન્ય.
૧૮૭—૧૯.	,,	,,
૧૮૭—૨૯.	શાત્રભાવ	શત્રુભાવ.